Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૦૦
તા.૧૬-૦૫-૨૦૧૮, બુધવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ સુદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૯ સૂર્યાસ્ત : ૦૭:૧૪

તાપમાન: ડીસા ૪૨, અમદાવાદ ૪૨.૯, ગાંધીનગર ૪૩, વડોદરા ૪૧, સુરત ૩૫.૬, નલિયા ૩૫.૬

ચાંદી : ૪૧૦૦૦ સોનું : ૩૨૬૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# કર્ણાટકમાં કેસરીયા ક્રાંતિ : સત્તા માટે સસ્પેન્સ

## ૧૦૬ બેઠકો સાથે ભાજપનો સાનદાર દેખાવ પરંતુ બહુમતિના જાદુઈ આંકડાથી દુર

## સત્તાવિમુખ થયેલ કોંગ્રેસે જેડીએસને મુખ્યમંત્રી પદની ઓફર કરતા અણધાર્યો વળાંક

બેંગ્લોર

જેની રાજકીય વર્તુળો અને કારોબારીઓમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. કર્ણાટકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જાદુ રહ્યો હતો પરંતુ ભાજપ બહુમતિથી થોડાક જ અંતરે રહી ગયા બાદ એકલા હાથે સરકાર બનાવવાની સ્થિતિમાં પાર્ટી પહોંચી શકી નથી. આવી સ્થિતિમાં રાજકીય ગઠબંધન માટે કાવાદાવા શરૂ થયા હતા. બહુમતિના આંકડા સુધી પહોંચવા માટે કોઈપણ પાર્ટીને ૧૧૨ સીટની જરૂર હતી. એક વખતે પાર્ટીએ ૧૧૨નો બહુમતિનો આંકડો પાર કરીને ૧૨૧ સીટ સુધી



લીડ મેળવી હતી પરંતુ છેલ્લે તેની લીડમાં ઘટાડો થયો હતો. ભાજપે કર્ણાટકમાં યોજાયેલી ૨૨૪ વિધાનસભાની કુલ સીટ પૈકીની ૨૨૨માંથી ૧૦૪ સીટો જીતી હતી. ભારતીય જનતા પાર્ટી કર્ણાટકમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી જ્યારે કોંગ્રેસ પાર્ટીને ૭૬ સીટો મળી હતી. જેડીએસ ત્રીજા સ્થાન ઉપર રહી હતી તેને ૩૮ સીટો મળી હતી. અન્યોના ખાતામાં બે સીટો ગઈ હતી. કર્ણાટકમાં મતગણતરી શરૂ થયા બાદથી જોરદાર રોમાંચની સ્થિતિ રહી હતી. કર્ણાટકમાં ચૂંટણી પરિણામથી કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને ફટકો પડ્યો છે. તેમની રણનીતિ ફરીએકવાર ફ્લોપ રહી છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા કર્ણાટકની ચૂંટણીને સેમિફાઈનલ તરીકે તમામ પંડિતો ગણી રહ્યા હતા. ભારે સસ્પેન્સ અને અપેક્ષાઓ વચ્ચે મતગણતરી આજે શરૂ થયા બાદ શરૂઆતમાં જોરદાર સ્પર્ધા ધારણા પ્રમાણે જ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોવા મળી હતી. જો કે મોડેથી ભાજપે મજબુત લીડ મેળવી લીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ અને ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથની મહેનત રંગ લાવી હતી. ભાજપે સૌથી મોટી પાર્ટી બનવામાં સફળતા હાંસલ કરી હતી.

### વિધાનસભાની ચૂંટણી ૨૦૧૮

| | |
|---|---|
| કર્ણાટકમાં કુલ સીટ | ૨૨૪ |
| ચૂંટણી યોજાઇ | ૨૨૨ |
| બહુમતિ માટે જરૂરી આંકડો | ૧૧૩ |
| ભાજપની સીટો | ૧૦૬ |
| કોંગ્રેસ પાર્ટીને સીટ | ૭૫ |
| જેડીએસની સીટ | ૩૯ |
| અન્યોને સીટો | ૦૨ |

### કર્ણાટકમાં સરકાર રચવા ભાજપ, જેડીએસ-કોંગ્રેસના દાવા

બેંગલોર

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતપોતાનીરીતે સરકાર રચવાના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે. પૂર્ણ પરિણામ જાહેર થયા નથી ત્યારે ભાજપ અને કોંગ્રેસ-જેડીએસ ગઠબંધને સરકાર રચવાનો દાવો કર્યો હતો. રાજ્યપાલ વજુભાઈ વાળાને મળીને એકબાજુ ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર બીએસ યેદીયુરપ્પાએ સરકાર રચવાનો દાવો કર્યો હતો. બીજી બાજુ કોંગ્રેસ અને જેડીએસે પણ સાથે મળીને સરકાર રચવાનો દાવો કર્યો હતો. જેડીએસના નેતા કુમારસ્વામી રાજ્યપાલને મળવા માટે પહોંચ્યા હતા અને સરકાર રચવાનો દાવો કર્યો હતો. કોંગ્રેસે જેડીએસને ભાજપને સત્તાથી દૂર રાખવા માટે બિનશરતીરીતે ટેકો આપવાની જાહેરાત કરી હતી. કુમારસ્વામીએ રાજ્યપાલને મળીને ચિત્ર સ્પષ્ટ કર્યું હતું. કોંગ્રેસનું સમર્થન હોવાની વાત કરી હતી. બીજી બાજુ ભાજપના મુખ્યમંત્રીપદના ઉમેદવાર યેદીયુરપ્પા પણ રાજ્યપાલને મળવા પહોંચ્યા હતા. યેદીયુરપ્પાની સાથે ભાજપના અનંતકુમાર, રાજીવ ચંદ્રશેખર પણ રહ્યા હતા. કર્ણાટકના પરિણામ રોમાંચક રહ્યા બાદ બહુમતની નજીક પહોંચીને પણ નંબર ન મેળવવાના કારણે અન્ય કોઈ પાર્ટીના સહકાર વગર સરકાર બનાવવાનું મુશ્કેલ દેખાઈ રહ્યું છે.

### કર્ણાટકના મુખ્યમંત્રી પદેથી સિદ્ધારમૈયાનું રાજીનામું



કર્ણાટક વિધાનસભાના ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ રાજ્યમાં રાજકીય મેનેજમેન્ટનો દોર શરૂ થયો હતો. પરિણામ અને પ્રવાહ જારી થયા બાદ હાલના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ સાંજે સવા ચાર વાગ્યાની આસપાસ રાજ્યપાલ વજુભાઈ વાળાને મળીને મુખ્યમંત્રી પદેથી આપેલું રાજીનામુ સુપ્રત કર્યું હતું. સિદ્ધારમૈયાથી પહેલા કર્ણાટકમાં કોંગ્રેસ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ પરમેશ્વર પણ રાજ્યપાલને મળવા માટે પહોંચ્યા હતા પરંતુ રાજભવનથી સમય ન મળતા આ મુલાકાત થઈ શકી ન હતી. પરમેશ્વર પરત ફર્યા બાદ જ સિદ્ધારમૈયા રાજભવન પહોંચ્યા હતા અને રાજ્યપાલને મુખ્યમંત્રી તરીકે રાજીનામુ સુપરત કર્યું હતું. એમ માનવામાં આવે છે કે, આ ગાળા દરમિયાન રાજ્યપાલ અને સિદ્ધારમૈયાએ થોડાક સમય સુધી ચર્ચા કરી હતી. ત્યારબાદ વિદાય લેતા મુખ્યમંત્રી રાજભવનથી રવાના થઈ ગયા હતા. બે સીટો ઉપર ચૂંટણી લડી રહેલા સિદ્ધારમૈયા ચામુંડેશ્વરી સીટ પરથી જેડીએસના ઉમેદવાર સામે હારી ગયા છે. જો કે, બદામી સીટ પર તેઓ મુશ્કેલથી જીતી શકયા હતા. અહીં તેઓએ ભાજપના ઉમેદવાર પર જીત મેળવી હતી.

### કોંગ્રેસના સાત ધારાસભ્ય બળવો કરવાના મૂડમાં

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં એક્ઝિટ પોલના તારણ મુજબ જ કોઈ પાર્ટીને બહુમતિ મળી શકી નથી પરંતુ ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને આવી છે. બહુમતિના આંકડાથી દૂર રહી જતાં સત્તા માટે સાંઠગાંઠની રમત શરૂ થઈ ચુકી છે. કોંગ્રેસે ભાજપને સત્તાથી દૂર રાખવા છેલ્લી ચાલ તરીકે જેડીએસના નેતા કુમાર સ્વામીને મુખ્યમંત્રીપદની ઓફર કરી હતી. બીજી બાજુ ભાજપે પણ પોતાની રાજકીય રમતો જારી રાખી હતી અને કેટલાક ધારાસભ્યોનો સંપર્ક કર્યો હોવાના અહેવાલ મળ્યા છે. મળેલી માહિતી મુજબ કોંગ્રેસના સાત લિંગાયત ધારાસભ્ય જેડીએસને સમર્થન આપવાના મુદ્દે પાર્ટીથી નાખુશ દેખાઈ રહ્યા છે અને બળવાના મૂડમાં આવી ગયા છે. કોંગ્રેસના આ સાત સભ્યોને મનાવવાના પ્રયાસો ભાજપ તરફથી હાથ ધરવામાં આવ્યા છે. બીજી બાજુ બે અન્ય ઉમેદવારોને પણ મનાવવાના પ્રયાસો પણ યુદ્ધના ધોરણે શરૂ કરાયા છે.

## વિચાર વૈભવ...

### લાલ ગુલાબ

એક રાજા હતો.. ખૂબ જ જુલમી.. ભયંકર અત્યાચારી..

પ્રજાને ખુબ ત્રાસ પમાડતો.. નિર્દોષોને પણ તે રંજાડતો.. નિરપરાધીને પણ તે પીડતો-પીટતો..

એક વખતની વાત છે. આ જુલમી રાજાના જંગલી જેવા સૈનિકો એક સજ્જન જેવા દેખાતા વૃદ્ધને પકડી લાવ્યા..

રાજા સમક્ષ તેના અપરાધને બતાવતા તે સૈનિકોએ કહ્યું: 'મહારાજ! આ વૃદ્ધ- ડોસો દેખાય છે સીધો સાદો.. સજ્જનતાના અવતાર જેવો..'

'પણ મહારાજ!' બીજા સૈનિકે કહ્યું: 'છે પૂરો બળવાખોર! લોકોને ઉશ્કેરે છે.. રાજા વિરુદ્ધ ભડકાવે છે.'

'રાજા વિરુદ્ધ આચરણનો આ ગુનેગાર છે, મહારાજ! આપની સામે પ્રજાને ઉશ્કેરવાની એની આ પ્રવૃત્તિ બદલ તેને કડકમાં કડક શિક્ષા થવી જોઈએ.' ત્રીજા એક સૈનિકે કહ્યું. રાજાએ તે વૃદ્ધ સામું જોયું.

વૃદ્ધ સજ્જનને જોતાવેંત રાજાએ પૂછ્યું: 'તમે મને ઓળખો છો?'

'તું એક અત્યાચારી રાજા છે.' રાજાના ગુણો વગરનો તુ રાજા છે. વૃદ્ધ સજ્જને જરાય પણ ગભરાયા વગર જવાબ આપ્યો.

સભામાં બેઠેલા સૌ આ સાંભળી ચોંકી ઊઠ્યા.. વૃદ્ધના મોઢે રાજાની આવી ઓળખ સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયા.. તેમણે વિચાર્યું કે હવે રાજા ચોક્કસ આ વૃદ્ધને શિરચ્છેદનો દંડ આપશે. પણ રાજા જરા પણ ઉત્તેજિત ન થયો. પરંતુ એટલી જ સ્વસ્થતા રાખી.

એટલું જ નહીં, પણ નમ્રતાના ભાવ સાથે તેણે વૃદ્ધને કહ્યું: 'હું આપનો શિષ્ય છું. નાનો હતો ત્યારે તમારી પાસે ભણવા આવ્યો હતો. આપની પાસે રહીને હું તાલીમ લેતો હતો. એક વખત મારાથી કોઈક અપરાધ થઈ ગયો હતો. તે સમયે તમે મને કોરડે-કોરડે ફટકાર્યો હતો.. યાદ છે?'

રાજાની આ વાત સાંભળી સૌ સભાજનો વિચારવા લાગ્યા કે નક્કી રાજા હવે તેનો બદલો લેશે. રાજા આ વૃદ્ધને કોરડે-કોરડે ફટકારીને અધમૂઓ કરી નાંખશે. પૂરેપુરું વેર વાળશે.

ત્યાં જ એ વૃદ્ધ સજ્જનની નિર્ભય વાણી સૌને સંભળાઈ.

'રાજન્! તે સમયે જો મને ખરેખર ખબર હોત કે તું રાજા થવાનો છે. તો હું તને બરાબર શિક્ષા કરત. શિક્ષા આપત.. ન્યાય અને અન્યાયના તને બરાબર પાઠ ભણાવત.. સદાચાર અને અત્યાચારના ભેદ બતાવત.. વધુ કોરડા ફટકારીને પણ તારામાં રાજાની લાયકાત કેળવી લેત.. પણ, લાચાર છું હું , તારામાં રાજાના ગુણો ન પ્રગટાવી શક્યો. હું મારો ગુરુધર્મ વ્યવસ્થિત રીતે બજાવી ન શક્યો. તે બદલ તું મને શિક્ષા કરી શકે છે.'

રાજાએ નતમસ્તકે હાથ જોડીને કહ્યું: 'ગુરુદેવ! આપ મને ફરીથી આપના શિષ્ય તરીકે સ્વીકારી લ્યો. મને સાચો રાહ ચીંધો. અન્યાયના માર્ગેથી મને પાછો વાળો.. અત્યાચારના રવાડે ચડાવનારા તો ઘણાં છે, પણ પાપ મને સદાચારના પાઠ શીખવો.. આપ મારા સાચા સલાહકાર બની રહો.. સ્વાર્થ ખાતર સલામો ભરનારા તો અહીં ભરપૂર છે, પણ સામે મોત મોં ફાડીને ઊભું હોવા છતાં નિર્ભયપણે સત્ય વદનારા આપના જેવા વંદનીય તો આપ જ છો.'

આટલું બોલી રાજા ગદ્‌ગદ્ થઈ ગયો. પોતાના ગુરુદેવના ચરણોમાં ઝૂકી પડ્યો.

નિર્ભયતાનો ચમત્કાર કહો કે પ્રામાણિકતાનો પુરસ્કાર કહો.. પણ સત્યનો આ સાચો રણકાર હતો.. એમ આખી નગરી એક અવાજે ગાવા લાગી.

-પં.રાજહંસવિજયજી ગણિ

# ધાનેરામાં જુના મકાનની જર્જરીત દિવાલ ધરાશાઈ : ચાર મજુરોનાં કરૂણ મોત

## નવા મકાનની કામગીરી સમયે ઘટના બની : સમગ્ર પંથકમાં અરેરાટી





એન.કે.મોદી

### બેદરકારી રાખનાર કોન્ટ્રાકટર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં ગઈકાલે એક સાથે ચાર મજુરોના મોત થતાં સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ હતી. શહેરના વોરવાસ વિસ્તારમાં એક ઘરનું કામ ચાલી રહ્યું હતું. જેમાં મજુરો મજૂરી કરતાં હતા. તે સમય દરમ્યાન જ પાસેના ઘરની દિવાલ ધરાશાયી થતા ચાર મજુરો દટાયા હતા. ઘટનાસ્થળે લોકો અને વહીવટીતંત્ર પહોંચે તે પહેલા ચાર મજુરોના મોત નિપજ્યા હતા.

ધાનેરા શહેરના વોરવાસ વિસ્તારમાં ઘરનું કામ ચાલી રહ્યું હતું. જેમાં ૭ જેટલા મજુરો મજૂરી કામ કરી રહ્યા હતા. ઘર જેનું થતા મકાન માલિક દ્વારા પોતાનું ઘર તોડવી તેની જગ્યાએ નવું મકાન બનાવવાની કામગીરી ચાલી રહી હતી. જે દરમ્યાન બાજુના મકાનની દીવાલ અચાનક ધરાશાયી થતા ચાર મજુરો દીવાલના કાટમાળ નીચે દટાયા હતા. જેના પગલે આજુબાજુના લોકો અને સ્થાનિક તંત્ર ત્યાં દોડી આવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

### કમનસીબ મૃતકો

(૧) ખેમાભાઈ ઈશાજી ઠાકોર રહે.જડીયાળી ઉ.વ.૩૫

(૨) હંસાભાઈ લાધાભાઈ હરીજન પાવરપુરા

(૩) અમરતભાઈ અચળાભાઈ હરીજન ઉ.વ.૨૮ રહે. ધાનેરા

(૪) માજીરાણા ભાવાભાઈ ઓખાભાઈ રહે. ધાનેરા ઉ.વ.૨૫

### ઈજાગ્રસ્તોની યાદી

(૧) ધારશીભાઈ ઉડાભાઈ માજીરાણા ઉ.વ.૪૦

(૨) પ્રવિણભાઈ અરજણભાઈ માજીરાણા ઉ.વ. ૨૦

### કોન્ટ્રાકટરો સામે પોલીસ ફરિયાદ

ધાનેરાના વોરવોસમાં રીકન્ટ્રકશનમાં ૪ મજુરોના મોત થતાં તથા બે જણા ઘાયલ થતાં મજુરોના વાલી વાઘાજી જલાજી ઠાકોર (મકવાણા)ઉ.વ.૪૧ રહે. જડીયાળીવાળાએ ધાનેરા પોલીસ સ્ટેશનમાં કોન્ટ્રાકટર વિરૂધ્ધ ગુનો નોંધાવતા તેની તપાસ પી.આઈ. આર.કે.પાઠક ચલાવી રહ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ યાસીનભાઈ ઉસ્માનભાઈ મેમણના નવા મકાન બનાવવાનો કોન્ટ્રાકટ પ્રવિણભાઈ મોહનભાઈ સુથાર અને સંકેતભાઈ ઓમપ્રકાશ મહેતા બંને રહે. ધાનેરાવાળાને આપેલ. જે મકાનની બંને બાજુની દિવાલો જી.સી.બી મશીન દ્વારા નીચેથી કોતરી લોખંડના સળીયા ઉભા કરી મૃતક કારીગરો માટે કોઈ સેફટી કેપ તથા દીવાલોને આડસમાં કોઈ સપોર્ટ રાખ્યા વગર કામ લેવડાવતા હતા. જેથી દિવાલો ધરાશાઈ થઈ જાય તેવી હાલતમાં હતી અને જે દીવાલો પડી જતા ચાર જણાનાં મોત નિપજ્યા હતા

# વારાણસીમાં નિર્માણાધિન પુલ તૂટી પડતા અફડા તફડી: ૧૫ થી વધુનાં મોત

અમદાવાદ

વારાણસીના કેન્ટ વિસ્તારમાં નિર્ણામહેઠળનો પુલ ધરાશાયી થવાની ઘટના બની છે. આ ઘટનામાં ૧૬થી વધુ લોકોના મોત થઇ ગયા છે અને ૫૦થી પણ વધુ લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ ઘટના અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દુખ વ્યક્ત કરીને તરત જ ઘટનાસ્થળ પર પહોંચીને બચાવ અને રાહત કામગીરી હાથ ધરવા અધિકારીઓને આદેશ કર્યો છે. રાજ્ય સરકારે આ બનાવમાં માર્યા ગયેલા લોકોને પરિવારના સભ્યોને પાંચ-પાંચ લાખ રૂપિયા આપવા અને ગંભીરરીતે ઘાયલ થયેલા લોકોને બે-બે લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. કેન્ટ ક્ષેત્રમાં



ફલાયઓવરના નિર્માણનું કામ લાંબા સમયથી ચાલી રહ્યું છે. આજે સાંજે એકાએક પુલનો એક હિસ્સો ધરાશાયી થઈને પડી ગયો હતો જેની નીચે અનેક ગાડીઓ દબાઈ ગઈ હતી. કેટલાક લોકો પણ પુલની નીચે દટાઈ ગયા હતા. ૧૫થી વધુ લોકોના મોતને સમર્થન મળી ચુક્યું છે.

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુઃખાવો • યાદશકતી ઓછી થવી
• ખેંચ-વાઇ • હાથપગની ધ્રુજારી
• લકવો-પક્ષાઘાત • નસોની નબળાઇ
• મગજનો ટીબી • હાથપગમાં ઝણઝણાટી
• ચક્કર • સાયેટીકા
• ગરદન અને કમરના મણકાની તકલીફો
ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફીઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

શ્રદ્ધાંજલિ



સ્વ. મગનભાઈ પુંજાભાઈ નોગોહ (દેસાઈ)
નિવૃત ઈન્સ્પેકટર, શ્રી બનાસ બેંક, લાખણી
સ્વ.તા. ૧૩-૫-૨૦૧૮, રવિવાર
મુ.આસેડા, તા. ડીસા
હંમેશા હસતા અને હસાવતા, અમોને કરી ઉદાસ તમે વૈકુંઠ કર્યા વાસ, છોડી અમારો સાથ તમે વસ્યા પ્રભુને પાસ તમારો લાગણી ભર્યો સ્વભાવ અમોને સદાય કરાવશે તમારી યાદ. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ ઈમામશાહ બાવાજીને પ્રાર્થના...
નોગોહ રેવાભાઈ પુંજાભાઈ (ભાઈ)
નોગોહ દશરથભાઈ પુંજાભાઈ (ભાઈ)
નોગોહ નરસિંહભાઈ મગનભાઈ (પુત્ર)
નોગોહ સુરેશભાઈ મગનભાઈ (પુત્ર)
નોગોહ પ્રિન્સકુમાર સુરેશભાઈ (પૌત્ર)
નોગોહ નિરવભાઈ દશરથભાઈ (ભત્રીજા)
નોગોહ નિકુલભાઈ રેવાભાઈ (ભત્રીજા)
સમસ્ત નોગોહ પરિવાર - આસેડા

**સૂર્યોદય - ૫.૫૯ સૂર્યાસ્ત - ૭.૧૪**

## તિથિદર્શન
જેઠ સુદ-૧ બુધવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :એકમ બુધવાર નક્ષત્ર : કૃતીકા યોગ :શોભન કરણ:ચતુષ્પાદ આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ.વ.ઉ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**માનુષ્યે સતિ દુર્લભા પુરૂષતા પુંરત્વે પુનર્વિપ્રતા, વિપ્રત્વે બહુવિદ્યાતાતિ ગુણતા વિદ્યાવતોઅર્થજ્ઞતા અર્થજ્ઞસ્ય વિચિત્રવાક્યપટુતા તત્રાપિ લોકજ્ઞતા, લોકજ્ઞસ્ય સમસ્તશાસ્ત્રવિદુષ્તે ધર્મમતિર્દુલા**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો શ્લોક 'દુર્લભ' બાબતોની યાદી આપતાં કહે છે કે, મનુષ્યપણું જ દુર્લભ છે. તેમાં પણ 'પુરુષ' પણું દર્લભ છે. પુરુષપણામાં પણ બ્રાહ્મણત્વ મળવું કઠિન. બ્રાહ્મણત્વમાં પણ વિદ્વાનપણું દુર્લભ છે. વિધ્વાન સાથે ગુણવાન હોવું વધારે દુર્લભ છે. વિદ્યા પણ હોય અને સદ્‌ગુણસંપન્ન પણ હોય પણ એમાં વ્યાવહારિક જ્ઞાન કોઈ પણ ક્રિયા વાતનો વાસ્તવિક અર્થ જાણનાર હોવું દુર્લભ છે. શ્લોક- વિચાર કોઈ પણ વાતનો અર્થ કદાચ જાતે જાણી પણ શકે પણ તે બીજાને સમજાવવાની અભિવ્યક્ત સાથે તેનો અર્થ સમજાવી શકનાર દુર્લભ છે. તેમાં આશ્ચર્યકારક સુંદર વાક્પટુતા હોવી જરૂરી છે, જે દુર્લભ છે.

આવા અર્થસભર વ્યાખ્યાનની વક્તૃત્વકથા ક્યાં - કોની પાસે રજૂ કરવી એની પરખશક્તિ દુર્લભ છે. લોકસ્વભાવનો પરિચય થઈ જવો એ કળા દુર્લભ છે. તેમાં પણ સમસ્ત શાસ્ત્રોને જાણવાપણું અને બધુંય પ્રાપ્ત થયું હોય અને સાથે 'ધર્મબુદ્ધિ' રુચિ પણ હોય એ વાત અતિદુર્લભ છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. મિલન-મુલાકાત સફળ થાય...**
**વૃષભ : (બ.વ.ઉ.)સ્વભાવમાં ઉગ્રતા રહે. આકસ્મિક મુસાફરી થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)નવિન કાર્યમાં સફળતા મળે. વિરોધીવર્ગને પીછેહટ કરવી પડે.**
**કર્ક : (ડ.હ.) લાભની આશા ઠગારી નીવડે. ગુપ્ત ચિંતા સતાવે.**
**સિંહ : (મ.ટ.)પડવા-વાગવાથી સંભાળવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**કન્યા : (પ.ઠ.ણ.)વ્યર્થ ખર્ચપર કાબુ રાખવો. હરિફ વર્ગથી સંભાળવું.**
**તુલા : (ર.ત.)આકસ્મિક ધન લાભ થાય. યાત્રા-પ્રવાસમાં સફળતા મળે.**
**વૃશ્ચિક : (ન.ય.)વાહન-જમીનથી લાભ થાય. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.**
**ધન : (ભ.ફ.ધ.) માનસિક પ્રસન્નતામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.**
**મકર : (ખ.જ.) સંતાનવર્ગથી લાભ મળે. વ્યવસાયિક કાર્યમાં પ્રગતિ થાય.**
**કુંભ : (ગ.શ.સ.)ધીરજ રાખવી હિતાવહ. જૂના વાદ-વિવાદનો અંત આવે.**
**મીન : (દ.ચ.જ.થ.)મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

જેમણે ગુજરાતના યૌવનને બુદ્ધિયુક્ત શ્રદ્ધાને માર્ગે દોર્યું અને આથી તેમના રંગે જેઓ રંગાયા, તેમના જીવન ઊર્ધ્વગામી બન્યા એવા વ્યાયમ પ્રવૃત્તિના જનક શ્રી અંબુભાઈ પુરાણીનો જન્મદિન છે.

એમનો જન્મ તા.૧૬/૫/૧૮૯૪ના રોજ સુરતમાં થયો હતો. વજ્રથીયે કઠોર છતાં પુષ્પથીય કોમળ શ્રી અંબુભાઈ સદવર્તન, સત્સંગ, સદવચન અને બ્રહ્મચર્યના આગ્રહી હતા. તેમણે ગુજરાતમાં વ્યાયામ અને રાષ્ટ્રીય શિક્ષણના પ્રસારનું મહત્વનું કામ કર્યું. તેઓ શ્રી અરવિંદના પૂર્ણાયોગના આજીવન અગ્રણી સાધક હતા.

આ મહામાનવનું તા.૧૫/૧૨/૧૯૬૫ના રોજ અવાસન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા સબૂર.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૧૬.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૮૦ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૧૫.૦૫.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૮૧૬ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૪૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૮૮૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૭૮૭ પોઈન્ટ થી ૧૦૭૭૩ પોઈન્ટ, ૧૦૭૬૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૮૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૫.૦૫.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૪૯૨ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૬૦૬ પોઈન્ટના પ્રથમ અને ૨૬૬૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૬૪૦૪ પોઈન્ટ થી ૨૬૩૬૦ પોઈન્ટ, ૨૬૩૦૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૬૬૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**લાર્સેન લિમિટેડ (૧૩૮૧) :- કન્સ્ટ્રકશન ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૩૪૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૯૭ થી રૂ.૧૪૦૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૪૧૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**ભારત ફાઈનાન્સીયલ (૧૧૭૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૫૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૪૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૮૪ થી રૂ.૧૧૯૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**રિલાયન્સ કેપિટલ (૩૭૪) :- રૂ.૩૬૦ નો પ્રથમ તેમજ રૂ.૩૪૭ ના બીજા સપોર્ટથી ફાઈનાન્સ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૩૮૮ થી રૂ.૩૯૪ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**NTPC લિમિટેડ (૧૭૦) :- ઇલેક્ટ્રીક યુટિલિટીઝ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૭૪ થી રૂ.૧૮૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૧૬૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**GSFC લિમિટેડ (૧૩૨) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૧૬ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક એગ્રો સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૩૯ થી રૂ.૧૪૪ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**HCL ટેક્નોલોજી (૯૨૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક રૂ.૯૩૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૦૯ થી રૂ.૮૯૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**મહિન્દ્રા & મહિન્દ્રા (૮૫૩) :- રૂ.૮૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૮૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૮૪૨ થી રૂ.૮૩૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૮૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**ઓરબિન્દો ફાર્મા (૬૦૬) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૨૬ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૯૩ થી રૂ.૫૮૬ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**એક્સિસ બેન્ક (૫૫૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૭૫ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૪૦ થી રૂ.૫૩૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૫૮૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ ઇન્ફ્રા (૩૮૫) :- રૂ.૪૦૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૧૪ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૩૭૩ થી રૂ.૩૬૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૪૨૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

## સુરતમાં ૪૦૦ મી દિક્ષા પ્રસંગે રાજદ્વારી મહાનુભાવોનાં શુભેચ્છા સંદેશ

સુરત

શ્રી ગુરૂરામ પાવન ભૂમિ, પાલ, સુરતમાં પ.પૂ.દિક્ષાદાનેશ્વરી આચાર્ય ભગવંતશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા-૭૦ તથા પ્રવર્તીની પૂજ્ય સાધ્વીજીશ્રી પૂણ્યરેખાશ્રીજી મ.સા. આદિઠાણા-૮૦ ની શુભ નિશ્રા અને સાનિધ્યમાં ૧ ભાઈ અને ૫ બહેનોનો દિક્ષા મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો. દિક્ષા દાનેશ્વરીનાં વરદ હસ્તે ૩૯૫ થી ૪૦૦ નાં અંકવાળી આ દિક્ષામાં શ્રી સંઘની આમંત્રણ પત્રિકાને માન આપી ભાવવાહી મધુર શબ્દોમાં રાજદ્વારી મહાનુભાવોનાં શુભેચ્છા સંદેશાઓ પ્રાપ્ત થયા છે. દિલ્હીથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના ભાવવાહી પત્રમાં શુભેચ્છાઓ સાથે જણાવ્યું કે, ગુરુ કે જ્ઞાન એવં આશિર્વાદ ઔર શિષ્ય કી શ્રદ્ધા એવં સમર્પણ કે સંગમ કો હી દિક્ષા સંસ્કાર કહતે હૈ હમારે શાસ્ત્રો મેં ભી દિક્ષા સંસ્કાર કે મહત્વ કા અદ્‌ભુત વર્ણન મિલતા હૈ. દિલ્હી સરકારનાં ગૃહમંત્રી રાજનાથસિંહે જણાવ્યુ કે, જૈન ધર્મ અપને નામ ઔર આદર્શ દોનોં મેં અપને આત્મા કા નિયંત્રિત કરને ઔર મન કો વિજિત કરને કા સંદેશ દેતા હૈ. ત્યાગપ્રધાન ધર્મ હમારી ભારતીય સંસ્કૃતિ કી ધરોહર હૈ. ગુજરાત રાજ્યનાં રાજ્યપાલ ઓ.પી.કોહલીએ ફરમાવ્યુ કે આપના હાર્દિક આમંત્રણનો સ્વીકાર અન્ય રોકાણોનાં કારણે શક્ય નથી. ખરેખર આ દિક્ષા, ત્યાગમાર્ગનો પ્રસંગ અદ્દભુત છે. રાજસ્થાન સરકારનાં મુખ્યમંત્રી શ્રીમતી વસુંધરા રાજે તથા ગૃહ- ન્યાયમંત્રી ગુલાબચંદજી કટારીયાએ જણાવ્યુ કે સુરતનાં જૈન સમાજમાં આ એક વીરલ, અદ્‌ભુત ધાર્મિક ઘટના છે. દિક્ષાર્થીઓને અમારા શત્‌શત અભિનંદન અને ગુરૂદેવોને વંદન. ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યુ કે, ભૌતિક સમૃધ્ધિ, સુખ - સગવડને ત્યજીને પરમતત્વની પ્રાપ્તિ કરવાનો માર્ગ જીવનનો અમૂલ્ય અને શ્રેષ્ઠ માર્ગ છે, એ જૈન ધર્મનો મર્મ છે. આ પ્રસંગે સુરતના મેયર અસ્મિતાબેન ખાસ પધાર્યા હતા અને શુભેચ્છાઓ પાઠવી હતી.

એશિયા બુક ઓફ રેકોર્ડ, ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ અને ગુજરાત બુક ઓફ રેકોર્ડમાં દિક્ષા દાનેશ્વરી પૂજ્ય આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં યોજાયેલ ૪૦૦ માં દિક્ષા મહોત્સવ પ્રસંગને રેકોર્ડ કરવામાં આવેલ. આ મહાનુભાવોનાં શુભેચ્છા સંદેશ પૂજ્ય આચાર્યશ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા. તથા સુશ્રાવક કમલેશકુમાર એમ. શાહ, અડાજણ, સુરતનાં સંબોધનથી પ્રાપ્ત થયેલ છે. ૬ નુતન દિક્ષાર્થીઓની વડી દિક્ષાનો મહામંગલકારી પ્રસંગ તા. ૧૨ મે, શનિવાર સવારનાં મલબાર હિલ ઉમરાસંઘમાં યોજવામાં આવેલ.

## શનિ મંદિરોમાં શનિદેવના જન્મોત્સવની ઉજવણી

અમદાવાદ

સૂર્યપુત્ર શનિદેવના આજના જન્મદિવસ એવી શનિજયંતિને લઇ અમદાવાદ શહેર સહિત રાજયભરના શનિમંદિરોમાં શનિ મહારાજના જન્મોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આજે અમાસ, મંગળવાર અને શની જયંતિનો અનોખો ત્રિવેણી સંયોગ બન્યો હોઇ આ વખતની શનિજયંતિ ઘણી શુભ અને લાભકારી બની રહી હતી. શહેરના દૂધેશ્વરના અતિપ્રાચીન શનિમંદિરમાં આજે શનિદેવને વિશેષ પ્રકારે ૫૧ કિલો લાડુનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. આ સાથે જ શનિદેવની ભવ્ય મહાઆરતી અને હોમ-હવન, યજ્ઞનું પણ આયોજન કરાયું હતું. તો શાહીબાગ વિસ્તારના શનિમંદિર, થલતેજ ખાતેના શનિમંદિર, ડ્રાઇવઇન વિસ્તારમાં વૈભવલક્ષ્મી મંદિરમાં આવેલ શનિમંદિર સહિતના શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા શનિમંદિરોમાં શનિમહારાજના જન્મોત્સવની ભવ્ય ઉજવણી ઉપરાંત, તેલ અભિષેક અને વિશેષ પૂજા-મહાઆરતીનું આયોજન કરાયું હતું. આજે શનિદેવની કૃપા મેળવવાનો મહામૂલો અવસર હોઇ મોડી રાત સુધી શ્રધ્ધાળુ શનિભક્તોની ભારે ભીડ શનિમંદિરોમાં જામેલી રહી હતી. રાજયભરના શનિમંદિરો ઓમ્ શં શનૈશ્ચરાય નમઃ અને શનિદેવના જય જયકારથી ગુંજી ઉઠયા હતા. આ વર્ષે શનિજયંતિ મંગળવારે એટલે કે, હનુમાનજી દાદાના વારે આવી હોવાથી આજે હનુમાનજી મંદિરોમાં પણ શનિમહારાજની પૂજા અર્ચના કરવામાં આવી હતી. શનિદેવના પ્રિય દેવ અને ગુરૂસમાન દેવ હનુમાનજી હોઇ હનુમાનજી મંદિરોમાં પણ શનિજયંતિની આજે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી.

## રીયલ લાઈફ અને રીલ લાઈફમાં આસમાન- જમીનનો તફાવત છેઃ રાજરક્ષિતવિજયજી મ.

નવસારી

તપોવન- નવસારીમાં પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ જણાવ્યુ કે નાનુ કુટુંબ તે સુખી કુટુંબ એ વ્યાખ્યા કરતાં ''ગુણી કુટુંબ તે સુખી કુટુંબ'' એ વ્યાખ્યા બરાબર લાગે છે. તો જ ઘરમાં સ્વર્ગ ઉતરશે જ્યાં ફેમીલી મેમ્બરો ધનવાન, બુદ્ધિમાન, રૂપવાન, ડીગ્રીવાનની સાથે ગુણવાન હશે. જો કુટુંબમાં માત્ર સંપત્તિ- સત્તા અને સૌંદર્યની બોલબાલા હોય છે. ત્યાં રહેલા મેમ્બરો ટેન્શન, ઈરિટેશન, ફ્સ્ટેશન અને ડિપ્રેશનથી રીબાતા જોવા મળે છે. સ્વસ્થ માણસની ઘણી વ્યાખ્યા હોઈ શકે પરંતુ આ વ્યાખ્યા જાણવા જેવી છે. ''સંતોષ સાથે સૂઈ શકે છે અને ઉલ્લાસ સાથે ઉઠી શકે છે. તે સ્વસ્થ માણસ.'' પહેલાના કાળમાં જેટલી આવક તે પ્રમાણે જાવકની વ્યવસ્થા માણસ કરતો પરંતુ હવે ટ્રેન્ડ બદલાયો છે. દેખાદેખી ખૂબ વધી છે. ટીવીની જાહેરાતોએ માનવ મનની ઈચ્છાને ભડકાવી છે. દરેકને ફિલ્મના હીરો- હીરોઈનની જેમ જલશા કરવા છે. તેઓને કોણ સમજાવે કે રીયલ લાઈફ અને રીલ લાઈફમાં આસમાન- જમીન જેટલો તફાવત છે.

પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ કહ્યું કે શનિ અને મંગળ કરતાં વધુ ભયાનક ચાર ગ્રહો ઉપદ્રવકારી છે. આગ્રહ- વિગ્રહ- સંગ્રહ- પૂર્વગ્રહ માનવ જીવનની કુંડલીમાં ક્યારે પણ પ્રવેશ આપતા નહિ. વળી સતોષ- સાદગી - કરકસર અને દેખાદેખીનો ત્યાગ જીવનમાં લાવશો તો સાચી સુખની અનુભૂતિ થશે. જીવનમાં કડવા - પ્રસંગોને ક્યારે યાદ કરતાં નહિ કળવી ગોળી ગળવાની હોય ચગળવાની નહિ તેમ કડવા પ્રસંગ ગળી જવા જોઈએ યાદ કરવાના નહિ, બે વરસ પહેલા તમારા મોટાભાઈએ તમને હડધૂત કરેલા અને છતાં તમે લગ્ન પ્રસંગે તેમના ઘરે જઈ આવ્યા ?? હા - કેલેન્ડરના ડટ્ટા પર હું ગઈકાલની તારીખનું પતું રહેવા દેતો નથી. નાનાભાઈએ એ જવાબ આપ્યો...

**કોંગ્રેસ-જેડીએસના ગઠબંધનના અહેવાલથી બજાર અંતે ફ્લેટ**

## કર્ણાટક ઘટનાક્રમની બજાર ઉપર અસર : સેંસેક્સમાં ઘટાડો

મુંબઇ

શેરબજારમાં આજે કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામમાં ભારે ઉતાર ચઢાવની સ્થિતિ રહ્યા બાદ અફડાતફડી રહી હતી. શરૂઆતી કારોબારમાં સેંસેક્સમાં મોટો ઉછાળો રહ્યા બાદ બપોરના ગાળામાં કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે એચબી કુમાર સ્વામીના બનાવવા માટેની કોંગ્રેસની દરખાસ્તને જેડીએસે સ્વીકારી લીધા બાદ શેરબજારમાં મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૧૩ પોઇન્ટ ઘટીને ૩૫૫૪૪ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી પાંચ પોઇન્ટ ઘટીને ૧૦૮૦૨ની સપાટીએ રહ્યો હતો. પ્રવાહમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપની કર્ણાટકમાં છેલ્લે સુધી લીડ રહી હતી. સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી પરંતુ બહુમતિ હાથ લાગી ન હતી. કર્ણાટકમાં મોટી સંખ્યામાં મતદારો હતા જેથી કોંગ્રેસની સાથે સાથે ભાજપની પ્રતિષ્ઠા પણ દાવ ઉપર લાગી ગઈ હતી. કોંગ્રેસ, ભાજપ અને જનતાદળ એસ એકબીજાને મનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. શેરબજારમાં વૈશ્વિક ઉતાર ચઢાવની અસર પણ જોવા મળી હતી. શેરબજારમાં ગઇકાલે સોમવાર ના દિવસે તેજી રહી હતી. કારોબારના અંતે બીએસઈ સેંસેક્સ ૨૧ પોઇન્ટ ઉછળીને ૩૫૫૫૭ની સપાટીએ રહ્યો હતો જયારે બ્રોડર નિફ્ટી ૧૦૮૦૬ની સપાટીએ રહ્યો હતો.આઈટીસી, જેએસડબલ્યુ સ્ટીલ, તાતા સ્ટીલના પરિણામ બુધવારે જાહેર થશે. જેકે ટાયર અને વોલ્ટાજના ૧૭મીએ જાહેર થશે.

**સ્પષ્ટ બહુમતિ ન અપાવી શક્યા પણ ભાજપનો જોરદાર દેખાવ**

## મોદી મેજિક : કર્ણાટકમાં પણ ભાજપ મોટી પાર્ટી બની

બેંગલોર

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ આજે આવવાની શરૂઆત થઇ હતી. મતગણતરી શરૂ થયા બાદ શરૂઆતમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર સ્પર્ધા રહી હતી. જો કે મતગણતરી આગળ વધતા ભાજપે મજબુત લીડ મેળવી લીધી હતી. પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને સપાટી પર આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનુ મોજુ ફરી એકવાર જોવા મળ્યુ હતુ. અલત્ત મોદી પાર્ટીને છેલ્લે બહુમતિના જાદુઇ આંકડા સુધી પહોંચાડી શક્યા ન હતા. જો કે તેમના પ્રચારની અસર સ્પષ્ટ દેખાઇ હતી. લોકો તેમની સાથે છે તે બાબત આજે ફરી એકવાર સાબિત થઇ હતી. મોદી ભાજપને બહુમતિની બિલકુલ નજીક લઇ ગયા હતા. જો કે હવે ગઠબંધનની રાજનીતિ શરૂ થઇ છે. મોદીએ ઝંઝાવતી પ્રચાર કર્યો હતો. કોંગ્રેસ પણ જોરદાર ટક્કર આપવામાં સફળ રહી હતી. જો કે ભાજપે સૌથી મોટી પાર્ટી બનવામાં સફળતા મેળવી હતી. કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને જીત અપાવી દેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝંઝાવતી પ્રચાર કર્યો હતો. મોદીએ માત્ર નવ દિવસના ટુંકા ગાળામા જ ૨૧ રેલીઓ સંબોધી હતી. મોદી પહેલા કર્ણાટકમાં ૧૫ રેલી જ કરનાર હતા પરંતુ છેલ્લી ઘડીએ તેમની રેલીઓની સંખ્યાને વધારી દેવામાં આવી હતી. નિષ્ણાંતોના કહેવા મુજબ ભાજપની સ્થિતી નબળી દેખાતા તેમની રેલીની સંખ્યા વધારી દેવામાં આવી હતી. કર્ણાટકમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સ્પર્ધા વધારે તીવ્ર દેખાઇ રહી હતી. જેથી રેલીઓની સંખ્યા વધારી દેવામાં આવી હતી. આ પહેલા ગુજરાતમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ તાકાત લગાવી દીધી હતી. મોદીએ ગુજરાતમાં ૩૪ રેલીઓ કરીને ભાજપની સ્થિતીને વધારે મજબુત કરી હતી. ગુજરાતમાં ભાજપની સ્થિતી ખુબ નબળી દેખાઇ રહી હતી. જુદા જુદા સમુદાયના શક્તિશાળી નેતા તેની વિરુદ્ધમાં હતા. ગુજરાત ઉપરાંત ઉત્તરપ્રદેશમાં પણ મોદીએ ૨૪ રેલીઓ કરી હતી. જ્યા ભાજપને પ્રચંડ બહુમતિ મળી હતી. પ્રચારના છેલ્લા દિવસે તમામ ટોપ નેતાઓ પ્રચારના વ્યસ્ત રહ્યા હતા.મતગણતરી શરૂ થયા બાદ બાદ જોરદાર સ્પર્ધા શરૂ થઇ હતી. શરૂઆતી ગાળામાં સ્પર્ધા રહી હતી. જો કે મોડેથી ભાજપે લીડ મેળવી લીધી હતી. કોંગ્રેસ પાર્ટીને ફરી એકવાર ફટકો પડ્યો છે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં ૭૦ ટકા સુધી ઉંચુ મતદાન થયુ હતુ. ઉંચા મતદાન બાદથી ભાજપ અને કોંગ્રેસના જીતના દાવા શરૂ થયા હતા.

## વિરમપુર ગામે સંતવાણી યોજાઈ

પ્રતિનિધિ દાંતા

દાંતા તાલુકાના વિરમપુર ગામે સંતશ્રી કલ્યાણદાસના જીવન પર્વ નિમિત્તે ઉજમણું અને રાત્રે સંતવાણીનું આયોજન કરેલ. તેમાં સંતવાણી અલખઆરાધક શ્રી રામનાથ ગોસ્વામી એ સંતવાણી સાથે સત્સંગ મહિમા પીરસી સાધુ સમાજને આનંદ વિભોર કરેલ. પછી સાધુ સમાજના ભાઈઓએ પણ સંતવાણી કરી તબલા ઉસ્તાદ અશોકભાઈ ઓર્ગનવાદક પુનિતભાઈ અને સાઉન્ડ રાજશ્રીએ રંગત જમાવી હતી.

## અનુપમ એવોર્ડ

પુષ્કર ગૌસ્વામી



શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર વડગામના ધોતા પ્રાથમિક શાળાને તાજેતરમાં અનુપમ શાળાનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હોવાનું તા. શિક્ષણાધિકારી જી.એન. દેશમુખે જણાવ્યું હતું. ઉપરાંત વડગામ - જલોત્રા - પ્રા.શાળાઓને પણ અનુપમ શાળાનો એવોર્ડ અપાયો છે.

## ડીસામાં બહુચર માતાના મંદીરે શ્રધ્ધાળું ઓનો ઘસારો



વિનોદ બાંડીવાળા

ડીસાના ભોપાનગર વિસ્તારમાં આવેલ માં બહુચર માતાના મંદિરે દર અમાવસ્યાએ મંદિરમાં આનંદના ગરબાની રમઝાટ જામે છે. માં બહુચર માં આસ્થા ધરાવતા ભાવિકો મોટી સંખ્યામા ઉમટી પડી દર્શન તેમજ પ્રસાદીનો લાભ લીધો હતો.

**આજે મુંબઇમાં રોમાંચક મેચ**

## મુંબઇને પછડાટ આપવા માટે કિંગ્સ ઇલેવન પંજાબ સુસજ્જ

મુંબઇ

મુંબઈમાં આવતીકાલે મુંબઇ ઈન્ડિયન્સ અને કિંગ્સ ઈલેવન પંજાબ વચ્ચે જંગ ખેલાનાર છે. આ મેચ ખુબ જ મહત્વપૂર્ણ છે. બંને ટીમો માટે આ મેચ નિર્ણાયક સાબિત થઇ શકે છે. રોહિત શર્માના નેતૃત્વમાં મુંબઇ ઈન્ડિયન્સ હવે વધુ સારા દેખાવ સાથે આગળ વધવા માટે ઈચ્છુક છે. પોઈન્ટ ટેબલમાં હવે પંજાબની સ્થિતિ પણ વધારે સારી નથી. છેલ્લી મેચમાં કિંગ્સ ઈલેવન પંજાબની કારમી હાર થઇ હતી. આ મેચમાં કિંગ્સ ઈલેવન પંજાબની ટીમ માત્ર ૮૮ રન કરીને આઉટ થઇ ગઇ હતી. જવાબમાં બેંગલોરની ટીમે કોઇ પણ વિકેટ ગુમાવ્યા બાદ ૯૨ રન બનાવીને મેચ જીતી લીધી હતી. પોઈન્ટ ટેબલમાં કિંગ્સ ઈલેવન પંજાબ હવે રાજસ્થાન રોયલ્સથી પણ પાછળ રહી ગઇ છે. કોલકત્તાની ટીમ હવે ત્રીજા સ્થાને પહોંચી ગઇ છે. ટોપની ચાર ટીમો પ્લે ઓફમાં રમનાર છે. સ્ટાર સ્પોર્ટ્સ ઈન્ડિયાએ આગામી પાંચ વર્ષ માટે બીસીસીઆઈના મિડિયા અધિકાર ખરીદી લીધા હતા. ઈ હરાજી મારફતે સ્ટારે રેકોર્ડ ૬૧૩૮.૧ કરોડ રૂપિયાની મોટી બોલી લગાવીને બોર્ડના મિડિયા અધિકારો ઉપર કબજો જમાવી લીધો હતો. આ રેસમાં સ્ટાર ઉપરાંત સોની અને રિલાયન્સ ગ્રુપની કંપની જીઓ પણ સામેલ હતી. હવે ભારતની આગામી પાંચ વર્ષમાં થનારી સ્થાનિક દ્વિપક્ષીય શ્રેણીનું પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ દ્વારા કરવામાં આવશે. ૨૦૧૮થી ૨૦૨૩ના ગાળામાં રમાનારી મેચોનું પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ ઈન્ડિયા દ્વારા કરવામાં આવશે. આ પહેલા વર્ષ ૨૦૧૨માં સ્ટાર ટીવીએ બીસીસીઆઈ પાસેથી આ અધિકાર ૩૮૫૧ કરોડ રૂપિયામાં બોલી લગાવીને ખરીદી લીધા હતા. આ પાંચ વર્ષમાં ભારતીય ટીમ વનડે, ટેસ્ટ અને ટ્વેન્ટી મેચ ગણીને ૧૦૨ મેચો રમશે. ઈન્ડિયન્સ પ્રિમિયર લીગમાં હજુ સુધી રમાયેલી તમામ મેચો ખુબ રોમાંચક રહી છે.

## દેશની જનતા કોંગ્રેસને રિજેક્ટ કરી રહી છે : વિજય રૂપાણી

અમદાવાદ

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે આજ રોજ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં કર્ણાટક વિધાન સભા ચૂંટણીમાં ભાજપને મળેલી ભવ્ય સફળથા બદલ વિજયોત્સવ ઉજવ્યો હતો. વિજયોત્સવ બાદ પત્રકાર પરિષદને સંબોધતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના હાથમાંથી એક પછી એક તમામ રાજ્યો સરકી રહ્યા છે. દેશની જનતા કોંગ્રેસને રિજેક્ટ કરી રહી છે. કર્ણાટકની જનતાએ ભાજપને સૌથી વધુ બેઠકો આપી વિજય અપાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના નેતૃત્વમાં સમગ્ર દેશમાં ભાજપ આગળ વધી રહી છે. આજના પરિણામથી ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણીના પરિણામો સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૨૦૧૯માં પ્રચંડ બહુમતિથી સરકાર નાવશે. પોંડીચેરી અને મિઝોરમમાં લોકસભાની માત્ર એક એક બેઠક જ છે. કોંગ્રેસ પાસે પંજાબ સિવાય કોઇ મોટુ રાજ્ય રહ્યું નથી. કોંગ્રેસે પોતાના પગ ગુમાવી દીધા છે. રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશની જનતા વિકાસને વરેલી છે. મોદીજીના નેતૃત્વમાં વિકાસ થઈ શકે તે પ્રસ્થાપિત થઈ રહ્યું છે. જાતિવાદ, ધર્મ અને ભાગલાવાદી છેલ્લી કક્ષાનું રાજ-કારણ કોંગ્રેસ દેશમાં કરી રહી છે. સત્તા માટે દેશની જ્ઞાતિજાતિ વચ્ચે વર્ગવિગ્રહ થાય તેવા નિષ્ફળ પ્રયાસ કોંગ્રેસ કરી રહી છે તે દેશની જનતા જાણી ચુકી છે. હમણા જ ગુજરાતના પરિણામો અને આજે આવેલ કર્ણાટકના પરિણામો અને આજે આવેલા કર્ણાટકના પરિણામોએ સ્પષ્ટ કરી દીધુ છે કે, જનતા વિકાસને ચાહે છે.

# બનાસકાંઠામાં ઉનાળું બાજરીની કાપણીના શ્રીગણેશ

### જિલ્લામાં ચાલુ વર્ષે ૨૪૯૫૩ હેક્ટર વિસ્તારમાં બાજરીનુ વાવેતર


સાદુળસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

બનાસકાંઠા જિલ્લામાં ઉનાળુ પાકમાં ખેડૂતોએ બાજરીનુ વાવેતર કયું છે તેમાં બાજરીનો પાક તૈયાર થઇ જતા કેટલાક ખેડૂતોએ બાજરી ના પાકની કાપણીની શરૂઆત કરી દીધી છે બનાસકાંઠા જિલ્લામાં બાજરીના પાકના વાવેતરમાં આ વર્ષે ૨૪૯૫૩ હેક્ટર વિસ્તારમાં બાજરીનુ વાવેતર થયુ હતુ જેમાં ખેડુતો સામાન્ય રીતે ઘાસચારા માટે બાજરીના પાકનુ વાવેતર કરતા હોય છે. ત્યારે આ વર્ષે વરસાદને પગલે ડીસા તાલુકામાં કેટલાક જાગૃત ખેડૂતો ચોમાસા દરમિયાન બાજરીનો પાક પલળીને બગડે નહી તે માટે ખેડૂતો અત્યાર થી સજ્જ બની ગયા છે અને તૈયાર થયેલ પાકની કાપણીના શ્રીગણેશ કર્યા છે. બનાસકાંઠાના જાગૃત ખેડુતો બાજરીના પાકનું વાવેતર તૈયાર થતા ખેડૂતો સવાર અને સાંજમાં બાજરીના પાકની કાપણી કરી રહ્યા છૈ બનાસકાંઠામાં બાજરી નો પાક વધારે બનાસકાંઠા જિલ્લામાં થાય છે તેવુ જાગૃત ખેડૂતો કહી રહ્યા છે બનાસવાસી ગરમીના લીધે ત્રાહીમામ પોકારી રહ્યા છે. બીજી બાજુ ઉનાળુ બાજરીના પાકની કાપણી કરી રહ્યા છે. ખેડૂતો બાજરી નો વાવેતર કરીને ઉનાળુ બાજરીની કાપણી કરી રહ્યા છે બાજરી વજન વધારે થતા બાજરી જમીન નીચે પડી ગઇ છે ખેડૂતોમાં ઉત્સાહ જેવો માહોલ જોવા મળે છે

બનાસકાંઠામાં બાજરીના પાકની કાપણીમાં ખેડૂતોએ શ્રી ગણેશ કર્યા હતા. પંથકમાં ખેડૂતોએ આ વર્ષે પણ મોટી યાત્રામાં બાજરી ના પાકનુ વાવેતર કર્યુ હતુ તેમજ સામાન્ય રીતે ખેડુતો ઘાસચારો અને ઉનાળાની ગરમીમાં બાજરીનો ભાવતો રોટલો ખાવા માટે આ પાક ની પસંદગી કરતા હોય છે ખેડૂતો તૈયાર થયેલ બાજરીનો પાક કાપણી કરવા માટે બનાસકાંઠાના જાગૃત ખેડુતો બાજરીની કાપણી કરવા માંડયા છે.

## દિયોદર તાલુકા ભાજપ દ્વારા ફટાકડા ફોડી ઉજવણી કરાઈ



તા.પ્રતિનિધિ દિયોદર

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થતા ભાજપને સૌથી વધુ સીટો મળતા ગુજરાતમાં ભાજપ દ્વારા ઠેર ઠેર ફટાકડા ફોડીને વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. જેની ઉજવણી દિયોદરમાં પણ કરવામાં આવી હતી જેમાં દિયોદર તાલુકા ભાજપના કાર્યકરો દ્વારા મહાદેવના મંદિરની બહાર ફટાકડા ફોડીને કર્ણાટકમાં ભાજપની જીતનો જશન મનાવવામાં આવ્યો હતો. જેમાં દિયોદર તાલુકા ભાજપના પ્રમુખ પરાગભાઈ જોશી, ભવાનજી ઠાકોર, ભરતભાઈ અખાણી કે પી માળી, ખેંગારભાઈ રાજપૂત, માંનજીભાઈ જોશી, ભાવસિંગજી ચાવડા તેમજ ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## થરાદ નગરમાં રખડતી ગાયો મુદ્દે જીવદયાપ્રેમીઓમાં રોષ : પાલિકા દ્વારા કાર્યવાહી કરાય તેવી માંગ


વિષ્ણું દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરની બજારો તથા હાઇવે રોડ પર મોટી સંખ્યામાં ગાયો તથા આખલાઓ રખડતા હોયછે.જેને કારણે બજાર તથા રોડ પર ટ્રાફિકની સમસ્યા ઊભી થાયછે. રખડતી ગાયો વાહનો માટે જોખમકારક બની રહે છે. જેને કારણે અવારનવાર કેટલાય અકસ્માત પણ થાયછે અને અનેક લોકોને ઇજા થવા પામીછે.તથા આખલાઓ વચ્ચે ભયંકર યુદ્ધ ખેલાતું હોઇ કોઇ પણ નિર્દોષનો જીવ પણ ગુમાવવાની પુરી દહેશત છે.

વળી બજારમાં તેમને કશું ખાવાનું નહી મળતું હોવાના કારણે કચરામાં નાખવામાં આવેલ પુંઠા,કાગળ અને પ્લાસ્ટીક ખાઇને કેટલીક ગાયો બીમાર પણ પડેછે.આથી તેમને હોસ્પીટલમાં લઇ જઇને ઓપરેશન કરવાં પડેછે.તેમજ ઘણીવાર સારવારના અભાવે કેટલીક ગાયોનાં મોત પણ નિપજેછે.તો રાત્રીના અંધકારનો ફાયદો ઊઠાવીને કેટલાક ગૌ વિરોધી તત્વો તેમને કતલખાને ધકેલવાની પ્રવૃતી પણ કરતા હોવાની ફરીયાદો ઊઠવા પામીછે.

શહેરના હાઇવે વિસ્તારમાં કેટલાક ખેડુતો લીલો ઘાસચારો વેચવા આવે છે.

અનુસંધાન પાના નં.૬

### ભુતકાળમાં પણ રજુઆત કરવામાં આવી હતી

થરાદમાં શહેરના પ્રાણી અત્યાચાર નિવારણ કેન્દ્ર, ગૌરક્ષા મહા અભિયાન સમિતિ, કિસાન મંડળ અને જલારામ મંડળના સદસ્યોએ રેલી સ્વરૂપે મદદનીશ કલેક્ટર કચેરી આવેદનપત્ર આપી બિનવારસી ગાયોને પકડી સુરક્ષિત સ્થળે મુકવા ઉપરાંત પાલિકાને આવુ કરતા અવરોધરૂપ બનતા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરતું આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું.ત્યારે તંત્ર દ્વારા ખાત્રી આપવા છતાં પણ આજ સુધી કોઈજ કાર્યવાહી કરાઈ ન હતી.

## થરાદમાં પાણીની સમસ્યા વચ્ચે બગાડ તંત્ર દ્વારા જ બેફામ બગાડ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

આગામી વર્ષોમાં તોળાઇ રહેલા જળસંકટને ટાળવા માટે રાજ્યસરકાર કટીબધ્ધ બનતાં હવે પછી પાણીના ટીપેટીપાનો સંગ્રહ કરવા માટે ઐતિહાસિક જળસંચય અભિયાનનાં કામો હાથ ધરવામાં આવ્યાંછે.પરંતુ તેની થરાદ નગરપાલિકા પર કોઇ જ અસર થતી ન હોય તેમ છાસવારે કર્મચારીઓની બેદરકારીને કારણે થરાદ શહેરમાં પુષ્કળ પ્રમાણમાં પાણીનો બગાડ થઇ રહ્યો છે.

એક બાજુ થરાદ શહેરના સેદલાઇ વિસ્તાર, પ્લોટ વિસ્તાર, ચકલી શેરી, શિવશક્તિ સોસાયટી, થાણાશેરી સહિત અનેક વિસ્તારોના નગરજનો પીવાના પાણી માટે ટળવળી રહ્યા છે.ત્યાં શહેરના જુના ગંજબજારમાં પાણીની ટાંકી ઓવરફલો થવાના કારણે છાસવારે આવી સ્થિતી સર્જાયછે.સોમવારની સાંજે પણ અગાઉની જેમ જ હજારો લિટર પાણી વેડફાઇને માર્ગે રેલાવા પામ્યું હતું.આથી ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ ફેલાવા પામ્યો હતો.છાસવારે આ સમસ્યા સર્જાતી હોવા છતાં પાલિકાના મુખ્ય અધિકારી દ્વારા કોઇ પગલાં કેમ ભરવામાં આવતાં નથી તેવા સવાલો પણ જાગૃત નાગરીકોમાં ઉઠવા પામ્યા છે.

## કાંકરેજના કલાકારે લોકસાહિત્યમાં રાજયકક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું

તા.પ્રતિ. થરા

ગુજરાતી લોકસાહિત્યમાં બારોટ - ચારણ - ગઢવીઓનું યોગદાન ઘણું મોટું રહ્યું છે.બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારના કાંકરેજ તાલુકાના ઈન્દ્રમાણા ગામના નવ યુવાન અશોકભાઈ



બારોટ પોતાની આગવી શૈલીમાં લોકસાહિત્યનો રસ થાળ વર્ષોથી પીરસે છે તે લોકોમાં સારી એવી લોકચાહના ધરાવે છે. તાજેતરમાં બોડેલી ખાતે ગુજરાત રાજય લેવલ લોકસાહિત્ય સ્પર્ધા યોજાઈ જેમાં અશોકભાઈ બારોટે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી બનાસકાંઠા - કાંકરેજનું ગૌરવ વધારેલ છે. અશોકભાઈ બારોટ ડાયરામાં ચારણી સાહિત્યના ઉંચા કલાકારોથી રાથભા ગઢવી, ભીખુદાન ગઢવી, જીતું લીંબાચીયા સાથે લોકસાહિત્યની સરવાણી રજુ કરે છે. અશોકભાઈ બારોટ લોકસાહિત્યનો ઉમદા ખજાનો પીરસી ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું તે બદલ ઠેરઠેરથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## થરાદમાં શનિદેવની જન્મજયંતીની ભક્તિભાવ પુર્વક ઉજવણી

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરના ગાયત્રી મંદીરના સામે ભાવિકો દ્વારા પનોતીના દેવ શનિદેવનું ભવ્ય મંદીર બનાવવામાં આવ્યુંછે.જ્યાં મંગળવારના રોજ શનિદેવ જયંતી નિમિત્તે યજ્ઞનું આયોજન ભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે વહેલી સવારે શાસ્ત્રી સિધ્ધરાજભાઇના આચાર્યપદે આહુતી યજ્ઞ તથા શનિદેવની પુજા અર્ચના યોજાઇ હતી.જેમાં બહોળી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહી હવનમાં આહુતી આપી શનિદેવને પનોતી દુર રાખવાની પ્રાર્થના સાથે શનિદેવના ચરણોમાં માથું ટેકવી ધન્યતાનો અનુભવ કર્યો હતો.

ભોજનના દાતા જોગાજી વણાજી રાજપુત (પુર્વસરપંચ ભોરોલ),યજ્ઞના દાતા ખોડાજી લાલાજી રાજપુત,પુજાઅર્ચના કાંતીલાલ જોષી,શિલાઅભિષેક શૈલેષભાઇ પટેલ (બનાસબેંકના ડીરેક્ટર),મંડપના વિરાભાઇ ગોવારીયા,પાણીના દાતા સુશિલભાઇ અગ્રવાલ,તથા આમંત્રણ કાર્ડના દાતાનો લાભ ભરતભાઇ જોષી તથા પ્રકાશભાઇ ઓઝા,તથા ફોટોગ્રાફીનો લાભ નારણભાઇ પટેલે લીધો હતો.આ પ્રસંગે મંદીરના પુજારી રાજેન્દ્રપ્રસાદજી શર્મા બાપુ,તથા રેવાગીરી બાપુ આસોદર,રાણપુરી બાપુ માવસરી,રામલખનબાપુ ચારડા તથા પાલિકાના પુર્વ પ્રમુખ પથુભાઇ રાજપુત તથા સંયોજકો અને સહયોગીઓ દશરથભાઇ દવે,માનસેંગભાઇ રાજપુત સહીત નગરના બહોળી સંખ્યામાં ભાઇ બહેનોએ ઉપસ્થિત રહીને આરતી અને થાળ અર્પણ કરી પ્રસાદ ગ્રહણ કર્યો હતો.જ્યારે નગરના દાતાઓએ નવનિર્માણિર્માણ સત્સંગહોલના બાંધકામમાં ઉદાર હાથે ફાળો આપ્યો હતો.ભક્તગણ દ્વારા સાધુસંતોનું સન્માન કરવામાં આવ્યું હતું.

## બનાસકાંઠામાં પ્રથમ દિવસે ઘાસચારાની ૮૩ ગાડી મોકલાઈ


ભરત સુંદેશા

### જિલ્લા કલેક્ટર અને સંચાલકોની બેઠક યોજાઈ

ડીસા

પાંજરાપોળ અને ગૌશાળા સંચાલકો અને કલેકટરની બેઠક બાદ રાજય સરકારના નિર્ણય મુજબ પ્રથમ દિવસે જિલ્લાની વિવિધ પાંજરાપોળ અને ગૌશાળામાં ૮૩ ગાડી ઘાસચારો મોકલવામાં આવ્યો હતો.

સરહદી જિલ્લામાં ઘાસ ચારાની અભૂતપૂર્વ અછતના પગલે જિલ્લાની ૯૭ જેટલી પાંજરાપોળ અને ગૌશાળામાં આશ્રય મેળવતા અબોલ જીવોની હાલત કફોડી બની ગઈ હતી. તેથી અબોલ જીવોને બચાવવા સંચાલકોએ સરકાર સામે આંદોલન છેડયું હતું. જેના પગલે રાજય સરકારે સંવેદનશિલતા દાખવી ગત રવિવારે ગૌશાળા અને પાંજરાપોળમાં રહેલા પશુઓને ચાર મહિના સુધી પશુ દીઠ ચાર કિલો ઘાસચારો અને એક કિલો દાણ આપવાનું નક્કી કરાયું હતું. જેથી ૧૫ દિવસ બાદ આંદોલનનો સુખદ ઉકેલ આવ્યો હતો. જે સંદર્ભે ગઈકાલે પાલનપુર ખાતે જિલ્લા કલેકટર સંદીપ સાંગલેના અધ્યક્ષ સ્થાને ફરી સંચાલકોની બેઠક યોજાઈ હતી. જેમાં ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયા પણ હાજર રહ્યા હતા. જેમાં ચર્ચા - વિચારણા બાદ હાલમાં જે પાંજરાપોળ કે ગૌશાળામાં ઘાસચારાની વધુ અછત છે તેને પ્રાથમિકતા આપી પ્રથમ દિવસે ૮૩ ઘાસચારો ભરેલી ગાડી રવાના કરવામાં આવી હતી.

ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે રાજય સરકારના નિર્ણય મુજબ ગૌશાળા અને પાંજરાપોળોને ઘાસચારો પુરો પાડવાનું શરૂ કરી દેવાયું છે. ટૂંક સમયમાં દાણ પણ પહોંચતું કરી દેવાશે. જયારે સંચાલક પ્રકાશભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે અમારી માંગણી મુજબ સરકારે સારી ગુણવત્તાનું ઘાસ આપવાનું શરૂ કરી દીધું છે. ત્યારે પશુઓ માટે દાણ પણ ઝડપી પુરૂં પાડે તેવી વિનંતી કરી હતી.

## અથાણાની મૌસમ ખીલી


વિનોદ બાંડીવાલા

ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે પાકી કેરીની સાથે સાથે અથાણાં માટેની રાજાપુરી કેરીનું બનાસકાંઠા જિલ્લામાં આગમન થયું છે. ગૃહિણીઓ અવનવા અથાણાં બનાવવા માટે રાજાપુરી કેરી ખરીદતી હોય છે. ગુજરાતી થાળીમાં ચટાકેદાર અથાણું જોઈએ. જ... છે. ગળ્યું અથાણું, તીખું અથાણું., ખાટું અથાણું, છંદો, મુરબ્બો જેવી અવનવા વૈવિધ્ય સ્વાદ સભર અથાણાંની મૌસમ આવી ગઈ હોઈ ડીસાની બજારમાં લારીઓમાં નજરે પડવા લાગ્યું છે.

## દુધરેજ વડવાળા ધામની મુલાકાત લેતા રાજ્યના મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ગુજરાત રાજ્યમાં રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાત પ્રદેશમાં જળસંચય અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે રાજ્યનું મંત્રીમંડળ પણ અભિયાનમાં જોડાતા રાજ્યના જિલ્લામાં જઈ ભાગીદાર બની રહ્યા છે. ત્યારે ગતરોજ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ દુધરેજ ધામ વડવાળા મંદિરની આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી.

માલધારી સમાજના આસ્થાનું કેન્દ્ર સમા દુધરેજ વડવાળા મંદિરમાં રાજ્યના મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રીએ શીશ ઝુકાવી દર્શન કર્યા હતા. ત્યારે વડવાળા મંદિરના મહંત કનીરામ મહારાજ ઠોકારીબાપુ મુકુદદાસ મહારાજ તથા કથાકાર વક્તા પ્રેમદાસ મહારાજના આગતા સ્વાગતા કરી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. જ્યાં ગૌહત્યાનો કડક કાયદાનો અમલ કરવામાં આવી રહ્યો છે.

અનુસંધાન પાના નં.૬

## શ્રી ઉમરા સુરત જૈન સંઘનાં આંગણે વડી દિક્ષાનો મહોત્સવ ઉજવાયો

સુરત

શ્રી ઉમરા સુરત જૈનસંઘના આંગણે દિક્ષા દાનેશ્વરી આચાર્ય ભગવંત શ્રી ગુણરત્નસુરીશ્વરજી મ.સા. આદિ- ૫ આચાર્યદેવો, પન્યાસજી અને ગણિવરો તથા ૭૦ મુનિરાજોની શુભનિશ્રા અને પૂજ્ય સાધ્વીજી પ્રવર્તીની શ્રી પૂણ્યરેખાશ્રીજી મ.સા. આદિઠાણા- ૮૦ નાં સાનિધ્યમાં તા. ૦૯ ને બુધવારે મંગળપ્રભાતે ૫:૦૦ થી ૬:૩૦ ઉમરા આરાધના ભવનના વિશાળ હોલમાં ઉત્તર ગુજરાત જુનાડીસાના પિતા દિપેશકુમાર અને માતા પીકાબેનનાં લાડકવાયા પુત્ર તેઓ મુનિરાજશ્રી ભાગ્યરત્નવિજયજી મ.સા.ની વડી દિક્ષાનો શાનદાર પ્રસંગ ચતુર્મુખ સિંહાસને બિરાજમાન તીર્થંકર પરમાત્માની શીતળ છાયામાં નિરવ શાંતિ સાથે ગરીમાપૂર્ણ રીતે ઉજવાયેલ છે. જૈન ધર્મનાં ૪૫ આગમસુત્રોનુસાર ૨૭ ગુણધારી સાધુજીનાં પાંચ મહાવ્રત અને છઠ્ઠુ વ્રત રાત્રિ ભોજનનો યાવત્ જીવન ત્યાગ મનવચન અને કાયાનાં યોગથી ત્યાગ અને વ્રતોનાં ઉચ્ચારણ અંગેની શાસ્ત્રીય વિધી અને ક્રિયા સાનંદ સંપન્ન થયેલ છે. સેંકડો શ્રાવક અને શ્રાવિકાઓનું સંઘપૂજન પ્રભાવનાં ભાગ્યશાલી દાતા માતુશ્રી શારદાબેન પ્રવિણચંદ્રભાઈ તરફથી કરવામાં આવ્યું હતું. સવારમાં ૯:૩૦ થી ૧૦:૦૦ પૂ.મુનિરાજશ્રી મોક્ષાંગરત્નવિજયજી મ.સા. તથા આચાર્યદેવ શ્રી રશ્મિરત્નસુરીશ્વરજી મ.સા.નાં જાહેર વ્યાખ્યાન પછી વિશાળ ધર્મસભામાં ક્ષમાવિરસ્યભૂષણમ્ અને સંયમ વિના નહી ઉધ્ધાર આ થીમ ઉપર આધારીત દ્રઢપ્રહારી, પ્રથમચોરપલ્લીનાં સ્વામી, ખૂની અને ત્યારપછી મુની, કેવળજ્ઞાની અને મોક્ષગામી અંતગડકેવળીનો અધિકાર જુસ્સાદાર શૈલીમાં શ્રી નરેન્દ્રભાઈ કામદાર ગઢડાવાળાએ રજુ કરતા શ્રોતાજનો મંત્રમુગ્ધ બન્યા હતા. સાંજના ૪:૦૦ થી ૫:૦૦ બાળક બાળીકાઓ માટે જ્ઞાન સંસ્કાર વર્ધક કાર્યક્રમનું સુંદર આયોજન થયું હતું.

## કર્ણાટકમાં પાર્ટીનો વિજય ખુબ ઐતિહાસિક : મોદી

નવીદિલ્હી

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ મોડી સાંજે ભાજપ સંસદીય બોર્ડની બેઠક યોજાઈ હતી જેમાં વડાપ્રધાન મોદી અને અમિત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપ પ્રમુખ અમિત શાહના સંબોધન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સંબોધન કર્યું હતું. મોદીએ પાર્ટીના તમામ કાર્યકરો, પક્ષ પ્રમુખ અમિત શાહ અને તમામ નેતાઓનો આભાર માન્યો હતો. મોદીએ કહ્યું હતું કે, કર્ણાટકની ચૂંટણીમાં અભૂતપૂર્વ જીત થઇ છે. મોદીએ આ જીત બદલ તમામ લોકોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, કર્ણાટકની વિકાસની આગેકૂચ યથાવતરીતે જારી રહેશે. કર્ણાટકના લોકોને ખાતરી આપતા મોદીએ કહ્યું હતું કે, કર્ણાટકના વિકાસ માટે અમે કામ કરતા રહીશું. તેમણે ઉમેર્યું હતું કે, કર્ણાટકમાં કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી જીતવા માટે તમામ પ્રયોગો કર્યા હતા. લોકશાહી માળખાને નબળુ કરવાના તમામ પ્રયાસો થયા હતા. મોદીએ પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણીમાં થયેલી હિંસાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, લોકશાહીની હત્યા કરવામાં આવી હતી. ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયાથી લઇને મતદાનના દિવસ સુધી હિંસાનો દોર ચાલ્યો હતો. મોદીએ ઉમેર્યું હતું કે, કર્ણાટકના સંદર્ભમાં પાર્ટી પ્રમુખ અમિત શાહે તેમને વાત કરી છે. કર્ણાટકમાં તમામ વિપરીત પરિસ્થિતિ છતાં પાર્ટીએ ધરખમ દેખાવ કર્યો છે. ચૂંટણી માટે સખત પરિશ્રમ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય પ્રમુખે પણ ભારે મહેનત કરી હતી. એક આદર્શ કામ કઇ રીતે થઇ શકે છે તેને જોવામાં આવે તો અન્યત્ર જવાની જરૂર નથી. કર્ણાટકમાં રાષ્ટ્રીય પ્રમુખના કામને જોઇ શકાય છે. પાર્ટીના અનેક કાર્યકરોની હત્યા કરવામાં આવી હતી. બોગસ વોટિંગ કાર્ડ ઉભા કરવામાં આવ્યા હતા. દેશના બંધારણીય માળખાને નુકસાન પહોંચાડવાના પ્રયાસ પણ થઇ રહ્યા છે પરંતુ અમે આને ક્યારે પણ મંજુરી આપીશું નહીં.

પાર્ટીઓ દ્વારા એવી છાપ ફેલાવવામાં આવી રહી છે કે, ભાજપ ઉત્તર ભારતની પાર્ટી છે

અનુસંધાન પાના નં.૬

## ડીસા તાલુકાના વાઘપુરા હાઈવે પર સૂર્યપુત્ર શનિ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા

### મંદિરમાં આજથી રામરોટી અન્નક્ષેત્રનો પણ પ્રારંભ



પ્રતિનિધિ વડાવળ

વૈશાખ અમાસનો દિવસ શનિ મહારાજની જન્મ જયંતિ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે ડીસા તાલુકાના વાઘપુરા (લોરવાડા) હાઈવે પાટીયા પર આવેલા વાઘલીયા હનુમાન મહારાજના મંદિર પ્રાંગણમાં સૂર્યપુત્ર શનિદેવ મહારાજના મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય ૧૦૦૮ અશોકપુરી મહારાજ તથા વાઘલીયા હનુમાન ભક્ત મંડળ દ્વારા ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસ વૈશાખ વદ ૧૩ ને રવિવાર તા. ૧૩ /૫/૨૦૧૮ ના ગણપતિ પુજન દસ વિધિ સ્નાન સાથે મંડપ પ્રવેશ જેવી વિધિઓ કરાઈ હતી. જ્યારે વૈશાખ વદ-૧૪ ને સોમવાર તા. ૧૪/૫/૨૦૧૮ ના રોજ શનિદેવ મહારાજની શોભાયાત્રા નિકળી હતી. ત્યારબાદ કુટીર હોમ જળપુજન જલાભિષેક સાથે સાંજ આરતી અને પ્રસાદ કરાયો હતો. જ્યારે મહોત્સવના અંતિમ દિવસે વૈશાખ વદ અમાસને મંગળવાર તા. ૧૫/૫/૨૦૧૮ ના સ્થાપિત દેવતાઓનું પુજન હવન કરાયો હતો. જ્યારે શુભવિજય મુહુર્તમાં ભુદેવના સંપૂર્ણ શાસ્ત્રોકત મંત્ર વિધિ સાથે શનિદેવ મહારાજની સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ભાવિક ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ ઉપરાંત આજના શુભ દિવસથી મંદિરના પ્રાંગણમાં રામરોટી અન્નક્ષેત્રનો પ્રારંભ કરાયો હતો. તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ ગીરીશભાઈ દેસાઈ તાલુકા સદસ્ય ચમનજી વાઘેલા, લોરવાડા સરપંચ ધુડાભાઈ દેસાઈ વગેરે આગેવાનોની હાજરીમાં અન્નક્ષેત્રની શરૂઆત કરી હતી. ત્યારે લોકોએ ઉદાર હાથે લોકફાળો પણ આપ્યો હતો.

આ ત્રિદિવસીય કાર્યક્રમમાં સંતો- મહંતો ભક્તો વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે કાર્યક્રમને સફળ બનાવવા યુવાનોએ ખુબ સારી જહેમત ઉઠાવી હતી.

## રૂપાણીના નેતૃત્વમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ અંગે બેઠક

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં રાજ્યમાં ટાઉન પ્લાનિંગની કામગીરીને ગતિશીલ અને સચોટ બનાવવાના અભિગમરૂપે ટીપી સ્કીમ અંગે ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ શહેરીકરણ અને શહેરી વિકાસ આયોજન ક્ષેત્રે ગુજરાત રોલ મોડેલ બની રહે તેવી નેમ સાથે આ બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને આ મહત્વપૂર્ણ બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો છે કે, રાજ્યના ટાઉન પ્લાનિંગ ઓફિસર પાસે પ્રગતિમાં હોય તેવી અંદાજે ૪૨૫ જેટલી ટીપી સ્કીમ ઝડપથી પૂર્ણ કરવા ઝુંબેશ ચલાવવામાં આવશે. રાજ્યમાં વધુ પ્રમાણમાં ટીપી સ્કીમની કાર્યવાહી થઇ રહી છે તેવા અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ મહાનગરોમાં ત્વરિત નિર્ણાયકતા માટે સિનિયર ટાઉન પ્લાનર કક્ષાના અધિકારીની નિયુક્તિ કરવાનો મહત્વનો નિર્ણય પણ આ ઠકમાં લેવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ટીપી સ્કીમમાં લાંબા સમય સુધી રજૂઆતોને કારણે જે વિલંબ થાય છે

અનુસંધાન પાના નં.૬


## જવાહર નવોદય વિદ્યાલયની ધોરણ-૯ માટેની લેટરલ એન્ટ્રી પરીક્ષા - ૨૦૧૮ સંબંધી જાહેરાત

જવાહર નવોદય વિદ્યાલય, દાંતીવાડાની ધોરણ-૯ માં પ્રવેશ માટેની લેટરલ પ્રવેશ પરીક્ષા-૨૦૧૮ તા.૧૯/૦૫/૨૦૧૮ ના શનિવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકથી બપોરના ૧૨.૩૦ કલાક સુધી યોજાનાર છે. જેના પ્રવેશપત્રો https://www.nvsadmission-classnine.in/nvs/homepage પરથી ઓનલાઈન ડાઉનલોડ કરી શકાય છે. આ પરીક્ષા આપવા માટે ઉમેદવારની પાસે પ્રવેશપત્ર હોવું અનિવાર્ય છે. આ પરીક્ષા આપતા તમામ ઉમેદવારોએ તેમના પ્રવેશ પત્રમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર પર પ્રવેશ પત્ર સાથે પરીક્ષા ખંડમાં ઉપસ્થિત રહેવું. પરીક્ષાના દિવસે સવારે ૧૦.૦૦ કલાક બાદ કોઈપણ ઉમેદવારને પરીક્ષા ખંડમાં પ્રવેશ મળશે નહિં. તેથી સવારે ૯.૩૦ કલાકે અનિવાર્યપણે પરીક્ષા ખંડમાં હાજર થઈ જવું. પરીક્ષા કેન્દ્રોની યાદી તેમજ ફાળવાયેલ બેઠક નંબરની યાદી નીચે મુજબ છે.

| ક્રમ નંબર | પરીક્ષા કેન્દ્રનું નામ / સરનામું | ફાળવાયેલ બેઠક નંબર |
|---|---|---|
| ૧ | જવાહર નવોદય વિદ્યાલય, મામલતદાર ઓફીસ પાસે, દાંતીવાડા કોલોની, તા.દાંતીવાડા | 06160001 to 0616300 |
| ૨ | સરદાર કૃષિનગર વિદ્યાલય યુનિટ-1, સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રીકલ્ચર યુનિવર્સિટી | 06160301 to 06160600 |
| ૩ | સરદાર કૃષિનગર વિદ્યાલય યુનિટ-૨, સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રીકલ્ચર યુનિવર્સિટી | 06160601 to 06160820 |
| ૪ | મોડેલ સ્કૂલ, આઈ.ટી.આઈ.ની સામે, દાંતીવાડા | 06160821 to 06161120 |
| ૫ | એમ.બી.કર્ણાવત હાઈસ્કૂલ, ગોબરી રોડ, પાલનપુર | 06161121 to 06161420 |
| ૬ | સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા, કોલેજ રોડ, ડીસા | 06161421 to 06161720 |
| ૭ | ડી.એન.જે. આદર્શ હાઈસ્કૂલ યુનિટ-1, મામલતદાર ઓફિસની સામે, ડીસા | 06161721 to 6162020 |
| ૮ | ડી.એન.જે. આદર્શ હાઇસ્કૂલ યુનિટ-૨, મામલતદાર ઓફિસની સામે, ડીસા | 06162021 to 6162267 |

ઉપરોકત માહિતીની તમામ ઉમેદવારો/વાલીઓ/પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવી. વધુ વિગત માટે જવાહર નવોદય વિદ્યાલય, દાંતીવાડાનો રૂબરૂ કે ફોન પર સંપર્ક કરવો.

(ફોન નંબર : ૦૨૭૪૮ - ૨૭૮૫૧૭)

આચાર્ય
જવાહર નવોદય વિદ્યાલય, દાંતીવાડા

## તંત્રી સ્થાનેથી ...

### અહંકારરૂપી રાક્ષસથી દૂર રહેવું

# પેટ્રોલિયમ પ્રોડક્ટના ભાવોને કાબૂ હેઠળ લાવવા જરૂરી

દેશમાં આવશ્યક જીવન જરૂરી ચીજવસ્તુઓના બેફામ ભાવવધારાને પડકારવા સરકાર ભલે ગમે તેટલા પ્રયત્નો કરે તેમ છતાં પરિસ્થિતિમાં કોઈ ફેરફાર જણાતો નથી. વેપરીઓ ભલે વધારાના ભાવ લઈને ધોળે દિ' લૂંટ ચલાવતા હોવા છતાં તેમની વિરૂધ્ધ જોઈએ તેવી કાર્યવાહી થતી નથી. ત્યારે હાલમાં પેટ્રોલિયમ પ્રોડક્ટના ભાવો બાબતે વિચારીએ તો પેટ્રોલ- ડિઝલના ભાવમાં કોઈ અંકુશ રહ્યો નથી. ત્યારે ભારતમાં ક્રુડ ઓઈલની મોટાપાયે આયાત થાય છે અને ક્રુડ ઓઈલ પેદા કરતાં દેશોમાં તેના ભાવ બેરલે ૭૫ ડોલર ઉપર પહોંચી ગયા છે. જેથી દેશમાં પેટ્રોલ- ડિઝલ મોંઘા થયા છે. તેનાથી સામાન્ય વપરાશકારોની કમર તૂટી ગઈ છે. તેથી વિપક્ષોએ આ બાબતે સરકારની ઝાટકણી કાઢી છે અને આ આઈટમો જીએસટીના માળખામાં લાવવા પ્રેસર કરી રહેલ છે. પરંતુ સરકાર માત્ર પોતાના મનઘડત નિર્ણયોનેજ યોગ્ય માને છે.

પેટ્રોલિયમ પેદાશોને જીએસટી હેઠળ આવરી લેવા માટે વિપક્ષોએ બૂમરાડ મચાવી છે. ભાવો અંકુશમાં લાવવા ગત વર્ષે પેટ્રોલ અને ડીઝલ ઉપરની આયાત જકાતમાં બે રૂપિયાનો ઘટાડો કર્યો હતો, એકસાઈઝ ઘટાડાની સાથે સરકારે રાજ્યોને વેર ઘટાડવા પણ કહ્યું હતું. પરંતુ માત્ર ચાર રાજ્યો સિવાય કોઈ પણ રાજ્યે વેરના દર ઘટાડ્યા ન હતા. ખરેખર જોવા જઈએ તો સરકારે પેટ્રોલ અને ડિઝલના ભાવો સંદર્ભે દર અઠવાડીયે સમીક્ષા કરવી જોઈએ. પેટ્રોલ ડિઝલના નિર્ધારિત ભાવ કરતાં વધુ ભાવ લેતા પેટ્રોલ પંપોવાળા સામે કાર્યવાહી કરવી જોઈએ.

અગાઉ યુપીએ સરકાર સત્તામાં હતી ત્યારે તેણે જીએસટીના બંધારણીય સુધારામાં પેટ્રોલીયમને સામેલ કર્યું ન હતું, પ્રવર્તમાન સરકારે પેટ્રોલીયમને કાયદામાં સામેલ કરેલ છે. પરંતુ જીએસટીના અમલ પછી કરવેરા મારફતે સરકારની આવકને ભારે ફટકો પડ્યો હોવાથી અત્યાર સુધી તેનો અમલ મોકુફ રાખ્યો છે.

પ્રવર્તમાન સરકારે પેટ્રોલીયમને જીએસટી હેઠળ લાવવાની જાહેરાતો કરી છે, ત્યારે જુદા જુદા રાજ્યો પર તેની કેવી અસર થશે તે જોવાનું રહ્યું. પેટ્રોલીયમ ઉપર જીએસટીના અમલનો સૌથી મોટો ફટકો રાજ્યોની આવક ઉપર પડ્યા વિના રહેશે નહિં. હાલમાં જીએસટીનો સૌથી ઊંચો દર ૨૮ ટકા હોવાનું કહેવાય છે, જો આ બ્રેકેટમાં પેટ્રો પેદાશોને મુકવામાં આવે તો રાજ્યોમાં પેટ્રોલ-ડિઝલ ઉપર આનાથી ઓછો કુલ ટેક્સ છે અને તેમાં ધરખમ ભાવવધારો જોવા મળશે.

જો પેટ્રોલ- ડિઝલ જીએસટી હેઠળ આવશે તો મહત્તમ ૧૮ ટકા ટેક્સ લાગુ થવાની સંભાવના જણાય છે. જો મુંબઈમાં એક લીટર પેટ્રોલ ઉપર આ દર લાગુ થાય તો પેટ્રોલનો ભાવ લીટર દીઠ રૂા. ૬૯ એટલે કે રૂા. ૧૨ થી વધુ ઘટે.

જીએસટીના અમલીકરણ પછી પેટ્રો પ્રોડક્ટને પણ જીએસટી હેઠળ આચરવાનું આર્થિક સુધારાની દિશામાં વધુ એક કદમ કેન્દ્ર સરકાર માટે કસોટીરૂપ રહેશે તે વાત ચોક્કસ છે. ભાવવધારો અને નાગરિકો પર પડતી તેની અસરની વાસ્તવિક સ્થિતિ સરકારે જણાવી જોઈએ.

## સ્ટારમેકર કરાઓકે એપ ૧૦કે ગ્રાન્ડ ચેલેન્જથી ગાયકોએ અત્યાર સુધી ૬૭ લાખ રૂપિયાની રકમ જીતી



મે, ૨૦૧૮: તમે ગીત ગાઓ છો તો આવી જાવ. જો તમને કરાઓકે સિંગિગનું જુનૂન છે તો સ્ટારમેકર કરાઓ-કે એપના આગળના ૧૦કો ગ્રાન્ડ ચેલેન્જમાં તમે પૂરાં ૬ લાખ રૂપિયાની પુરસ્કાર રાશિ જીતી શકે છે. આ ઓનલાઈન ગાયન પ્રતિયોગિતા દર ૨ મહિને થાય છે અને પાછળની ચાર પ્રતિયોગિતામાં પુરસ્કાર તરીકે રકમ લગભગ ૬૭ લાખ રૂપિયા આપવામાં આવી છે. સંગીત એપ્સની લોકપ્રિયતા વધી રહી છે અને સ્ટારમેકર કરાઓકે એપના ભારતમાં ૨ કરોડથી પણ વધુ યૂઝર થયા છે. જલ્દી જ નવી ચેલેન્જોનું એનાઉન્સમેન્ટ થશે. https://go.onelink.me/2172530114?pid=10GCPR

લેસ્સી લુઇસ કહે છે, ''નિર્ણય કરવાની'બેદાગ' રીત સ્ટારમેકર પ્રતિયોગિતાનું મોટું આકર્ષણ છે. અહીં નિર્ણય લેતાં સમયે પ્રતિયોગિયોના રંગ-ઢંગ, તેમની લોકપ્રિયતા પર ધ્યાન આપવામાં આવતું નથી. આમાં સૌથી પ્રતિભાશાળી અવાજ પસંદ કરવા માટે પ્રતિભાના આધાર પર જ વોટિંગ થાય છે.'' ભારતની વિવિધતાને ધ્યાનમાં રાખતાં ગીત પસંદ કરવાના મામલે ભાષાની કોઈ બંદી રાખવામાં આવી નથી અને બધા પ્રતિભાગિયોં માટે નિષ્પક્ષતા બનાવા માટે ચોથા સંસ્કરણમાં એવી નામચીન વ્યકિતને 'સેલિબ્રિટી જજ' એટલેકે નિર્ણાયક બનાવવામાં આવ્યો હતો, જેમણે સંગીતની અલગ અલગ શ્રેણીઓમાં જોરદાર કામ કર્યું છે. લુઇસ પણ પ્રતિયોગિતાના ચોથા સંસ્કરણમાં સેલેબ્રિટી જજ હતાં.

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

ઝરમૂલ દ્વારા
કનુભાઇ આચાર્ય

# રાધનપુરની પોલીસ નાથા ગોધાને ત્યાં આવી. અમલ ચ્યાં? નાથા ગોધાએ તો આખી ચરૂડી પોલીસ સામે ધરી દીધી

ગતાંકથી ચાલુ

(ગરાંબડી)ના પાદરમાં બહારવટિયાઓની જાસા ચિઠ્ઠી આવી. કાલે ગરાંબડી ભાગશું. ગરાંબડી ચૂંથાશે. તમારે સાબદા થવું હોય એટલા થાજો. આ જાસા ચિઠ્ઠીએ ગામ આખાને ઉપર તળે કરી નાખ્યું. પણ નાથા ગોધા પટેલ ટાઢા કોઠે બેઠેલા. બપોરે પોતાના પાંચ સાથીઓને લઈને એ બાખાસરના બળવંતસીંગ સામે જઈને ઊભા રહ્યા. હવે વાંચો આગળ)

બળવંતસિંહ તો નાથા ગોધાને જોઈ રહ્યા. માણસ ટાઢે કોઠે ઊભેલો. આંખમાં જરા ય ભય નહીં. ચહેરા ઉપર તેજ ઝગારા મારે.

'શું જોઈએ છે તમારે? બોલો? અબઘડી હાજર કરી દઉં?' નાથા ગોધાએ કહ્યું ને બળવંતસીંગનો જુસ્સો સાવ ઠરી ગયો. જાણે હવે કાંઈ જોઈતું નથી. એમ મનમાં થઈ આવ્યું.

બળવંતસીંગે કહ્યું, 'થોરી દિલાવરી'રી વાતુ તો સાંબરી'તી. પણ આજ નેણે દેખવા મળ્યું...'

નાથા ગોધાએ કહ્યું- 'આવો, પધારો, મારા મહેમાન બનો?'

ને બળવંતસીંગ મોટી પાઘડીવાળું માથું હલાવ્યું. નાથા ગોધા બળવંતસીંગને પોતાના ખોરડે લઈ આવ્યા. મોટા ડેલામાં ખાટલા ઢળાયા. ને કહુંબાની છોળ ઊડવા માંડી.ગામ આખું નાથા ગોધાને ત્યાં બહારવટિયા જોવા ઊમટ્યું. તાંસળીએ.. તાંસળીએ શેડકઢાં દૂધ વહેંચાણાં. સાંજે વાળુ પાણી થયાં. રોટલા ને દૂધ માખણને સાકર. જાણે વીવા મંડાણો. રાત્રે અલક- મલકની વાતું મંડાણી. બીજે દિવસે સવારનું શિરામણ કરીને જ્યારે બળવંતસિંહે જવાની રજા માગી ત્યારે નાથા ગોધાએ કહ્યું- બોલો બાપુ, કેટલું ધન જોઈએ? સોના, ચાંદી, રૂપું? બોલો?'

બળવંતસિંહે કહ્યું, 'જે ઘરનું નમક ખાધું હોય એ ઘરને ના લૂંટાય. નાથા ગોધો હસી પડ્યા. 'અમારે ત્યાં તમે ક્યાં લૂંટવા આવ્યા છો? ભલે, કહીને નાથા ગોધાએ સોના મહોરોને ચાંદી બળવંતસિંહને આપ્યાં. આ અમારી ભેટ ગણજો. બળવંતસિંહને હવે લેવા ઉપરથી મન ઉતરી ગયું હતું. પણ નાથા ગોધાના બહુ આગ્રહ પછી તેમણે તે સ્વીકાર્યું.

નાથા ગોધા વિશે બારોટોએ રાહડા ગાયા. તેમાંનો એક રાહડો આ પ્રમાણે છેઃ-

એવા મેવાહમાં ગરાંબડી ગામે
ભાજપાના ભેરૂ
મેવાહમાં ગરાંબડી ગામે રે લોલ
ગાંમ ગરાંબડીના ખતીયા નાથા ગોધા
ગાંમ ગરાંબડીના ખતીયા રે લોલ..
એવી જાતો ચૌધરી પટેલ
જાતના ચૌધરી પટેલ રે લોલ.. ભાજપાના ભેરૂ
હે પારકા દખે દખ લાગે રે નાથા ગોધા
પારકા દખે દખ લાગે રે લોલ
એવા દલડામાં દયાભાવ જાગે નાથા ગોધા
દલડામાં દયા લાવે રે લોલ... ભાજપાના ભેરૂ
સેંથરિયા ખેડૂત આવે નાથા ગોધા
ખેડૂતોને બીજવારો આલે રે લોલ
એવી કુંવારી કન્યાઓ પરણાવે...
હે તે કન્યાદાન આલે રે લોલ- ભાજપાના ભેરૂ
અલ્યા ગાયોને ગવાર ચારે નાથા ગોધા
ગાયોનાં ગોસર આલે રે લોલ..
એવી વગર નામે ગાડીઓ છોડી ભાજપાના ભેરૂ
અન્નને દાન ઘણું આલે રે લોલ...
દલ્લીનો સૂબો પૂછે સરકારને
ગાડીઓમાંથી આવે રે લોલ
નથી નામ એની નથી ઠેકાણું .. ભાજપાના ભેરૂ
સરનામા વણગાડીઓ આવે રે લોલ
અલ્યા ડેલીએ અમલ ગાળ્યા નાથા ગોધા
રાધનપુરની પોલીસ આવે રે લોલ
નાથા ગોધાને પૂછે પોલીસવાળો
નાથા ગોધાનો ઘર ચિયો રે લોલ
હસીને આવકાર આલે ભાજપાંનો ભેરૂ
હું શું નાથાગોધા પોતે રે લોલ...
અલ્પા અમલની જડતીયું આવી નાથા ગોધા
અમલ ચાં સંતાડ્યાં રે લોલ...
હાથોહાથ ચરૂડી આલી ભાજપાના ભેરુ
અમલ આમાં સંતાડ્યાં રે લોલ..
એવી હસીને હાલ્યા જાયે પોલીસવાળા...
ધન ધન નાથા તને રે લોલ.. ભાજપાના ભેરુ
એવા બળવંતસીંગ કાગળ મેલે-
કાલે ગરાંબડી ભાગે રે લોલ...
ખરે બપોરે થાશે ભડાકા..
આજે ગરાંબડી નથી રે લોલ.. ભાજપાના ભેરૂ
ગોંદરે ઊભા જોવે નાથો ગોધો
સામા ઊભા આવકાર આલે રે
મેલો ભડાકાને મેલો બંદૂકો
જે જોંયે તે લઈ જાઓ રે લોલ... ભાજપાના ભેરૂ
હાલો અમારા ડેલે બળવંતસંગ
પરોણાગત હોંશે કરશો રે લોલ..
અલ્યા ઓરડા ખોલી આવ્યા નાથા ગોધા
ભોંયરાં ખોલી આલ્યાં રે લોલ.. ભાજપાના ભેરૂ
બાંધો ગાંઠડીઓને જોડો પલાણો
આટલું તો હાથ ના આવે રેલોલ
ગવરી ગાયું દોવે ભાજપાના ભેરૂ
બળવંતસંગને દૂધડાં પાવે રે લોલ.. ભાજપાના ભેરૂ
અલ્યા દૂધ પીવું ને ગામના ભાગું નાથા ગોધા...
અલ્યા તું છે મારો દૂધ ભાઈ રે લોલ..
અલ્યા ધન.. ધન તારી જનેતા નાથા ગોધા
ધન ધન તારી જનમભોમકાને રે લોલ... ભાજપાના ભેરૂ
દુઃખીઓનાં બેલી થયો નાથો ગોધો
મેવાહમાં અમર નામ રાખ્યાં રે લોલ... ભાજપાના ભેરૂ

- કનુ આચાર્ય

## મિરાજ સિનેમાસ દ્વારા મધર્સ ડે પર મિરાજ સિનેમા (Miraj CineMAA) લોન્ચ

દેશમાં સૌથી ઝડપથી વિકસતા થિયેટર ચેઇન પૈકીનું એક મિરાજ સિનેમાસ, આ વર્ષે મધર્સ ડેની ઉજવણી કરવા માટે ઓનલાઇન અને ઓફલાઈન અભિયાન મિરાજ સિનેમા (Miraj CineMAA) લોન્ચ કરે છે. મિરાજ સિનેમાસના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અમિત શર્માએ જણાવ્યું કે, " માતા અને બાળક વચ્ચેનો સંબંધ શાશ્વત છે અને જીવનના કોઈપણ ક્ષણે તે પ્રામાણિક છે. આપણા ભારતીય સિનેમાઓએ હંમેશા નાના પાસાઓને રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ તે ખુબ મહત્વનું છે. આ પ્રયત્નો સાથે, અમે ફક્ત કેટલાક વધુ પાસાઓ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, જે ભવિષ્યમાં પ્રગટ થઇ શકે છે." તેઓ ઉમેરે છે કે, ભારતમાં મનોરંજન એ ફક્ત મનોરંજન જ નથી, તે હંમેશા કેટલાક સંદેશાઓ સાથે હોય છે, તેથી આ પ્રસંગ મિરાજ સિનેમા (Miraj CineMAA) માટે સંપૂર્ણ છે.

## ઓરિએન્ટલ પર્લ્સ અને ટોનિનો લમ્બોરગીનીએ આગામી રોયલ પર્લ્સ રીઅલ એસ્ટેટ પ્રોજેકટને કસ્ટમાઇઝ કરવા મલ્ટી-મિલિયન ડોલરનો સોદો કર્યો



અપસ્કેલ લિવિંગ સ્પેસના અગ્રણી રિઅલ એસ્ટેટ ડેવલોપર ઓરિએન્ટલ પર્લ્સએ લાઇફસ્ટાઇલ એકસેસરીઝ અને લેવિસ (વૈભવી) ડિઝાઇન હોસ્પીટાલીટી પ્રોજેકટસને સમર્પિત ઇટાલિયન કંપની ટોનિનો લમ્બોરગી એસ.પી.એ. સાથે દુબઈમાં તેના રિઅલ એસ્ટેટ ડેવલોપમેન્ટમાં ટોનિનો લમ્બોરગીની બ્રાન્ડીંગ, ફિલોસોફી અને વેલ્યુસ (મૂલ્યો) નો ઉપયોગ કરવા માટે આઈકોનિક મલ્ટી મિલિયન ડોલરના કરાર કર્યા છે.

આ એકસકલુઝિવ કરાર અંતર્ગત ટોનિનો લમ્બોરગીની તેના સુપ્રસિદ્ધ અને શ્રેષ્ઠ માપદંડોનો ઉપયોગ દુબઈના મેયદાનના એક જીલ્લામા વિકસીત કરવામાં આવી રહેલ રોયલ પર્લ્સ માસ્ટર પ્લાન કેમ્યુનિટીની લકઝરી, એકસક લુઝિવીટી અને કસ્ટમાઇઝેશન માટે કરશે. ટોનિનો લમ્બોરગી એસ.પી. એસ.એ લમ્બોરગી ની પરિવારના વારસો દ્વારા સ્થાપિત એક ઈટાલી સ્થિત કંપની છે. તેમના પરિવારની પરંપરાઓ અને વારસાને જાળવી રાખતા ૧૯૮૧ માં શ્રી ટોનિનો લમ્બોરગીની એ વિશિષ્ટ ઇટાલિયન સ્ટાઇલ અને ટેસ્ટને પ્રોત્સાહન આપવા માટે લકઝરી ડિઝાઇન પ્રોડકટસની વ્યાપક શ્રેણીઓ સાથે લાઇફસ્ટાઇલ એક્સપીરિયન્સ બ્રાન્ડનું નિર્માણ કર્યુ હતું. આ ભાગીદારી દ્વારા, ટોનિનો લમ્બોરગીનીએ રોયલ પર્લ્સને દુબઈમાં રિઅલ એસ્ટેટ સેકટરમાં ટોનિનો લમ્બોરગીની બ્રાન્ડનો ઉપયોગ કરવાના એકસકલુઝીવ રાઇટસ (હક્કો) ૧૦ વર્ષો માટે આપ્યા છે.

## કરીના કપુર પોતાની નવી ફિલ્મને લઈને આશાવાદી

મુંબઇ

કરીના કપુર ફરી એકવાર સંપૂર્ણપણે સક્રિય થઇ ગઇ છે. વધુને વધુ ફિલ્મો કરવા માટે તે તૈયાર થઇ ગઇ છે.તે હાલમાં વીર દી વિડિંગમાં કામ કરી રહી છે. આ ફિલ્મનુ શુટિંગ પૂર્ણ થવા આવ્યુ છે. ફિલ્મમાં તેની સાથે સોનમ કપુર અને સ્વરા ભાસ્કર પણ કામ કરી રહી છે. દરમિયાન ફિલ્મકાર વિશાલ ભારદ્વાજ હવે કરીના કપુર સાથે વધુ એક ફિલ્મ બનાવવાની યોજના ધરાવે છે. કરીના કપુર સાથે વિશાલે ઓમકારા ફિલ્મ બનાવી હતી. વિશાલે ફરી એકવાર કરીના સાથે ફિલ્મ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. વિશાલે પોતાની ફિલ્મ રંગુનના સ્ક્રીનિંગ વેળા આ વાત કરી હતી. વિશાલે કહ્યુ હતુ કે તેઓ કરીનાના મોટા ચાહક તરીકે છે.

## હોટસ્ટાર પર વોચએન'પ્લે સાથે અબ રાતોરાત બનજાઓ સરકાર

ક્રિકેટ સીઝન પુરબહાર માં છે ત્યારે ભારતના અગ્રણી પ્રીમીયમ સ્ટ્રીમીંગ પ્લેટફોર્મ હોટસ્ટાર આ ઉત્સાહને નવા મુકામે લઇ જાય છે . ઉપયોગકર્તા હવે હોટસ્ટાર ક્રિકેટ ગેમ , વોચએન'પ્લે સાથે ઓન ફિલ્ડ એક્શન નો ભાગ બની શકશે , જેમાં ઉપ્યોગકર્તા તેમના મોબાઈલ માં મેચ જોતા હશે ત્યારે રમી શકશે . તમારી ક્રિકેટ ની ચપળતા નો રીવોર્ડ ક્યારેય આટલો સારો નહિ હોય કેમકે દરેક મેચ ના અંતે ગ્રાન્ડ પ્રાઈઝ મહીન્દ્રા KUV100 NXT છે .

ભારતમાં દરેક વ્યક્તિ પોતાની રીતના ક્રિકેટ નિષ્ણાત હોય છે અને પોતાની પ્રિય રમત જોઈ રહ્યા હોય છે એટલે પ્લેયર ના પરફોર્મન્સ પર અને મેચના ઉતારચઢાવ પર કોમેન્ટ્રી આપતા હોય છે. વોચ'એનપ્લે તેમને આ કલાનો સદઉપયોગ કરવાનો મોકો આપે છે. ગેમ દરમિયાન હોટસ્ટાર ઉપયોગકર્તાઓ ને કેડબરી, બીગબજાર, એફબીબી, ડોમિનો'ઝ અને ફોનપે જેવા ભાગીદારો તરફથી પણ આકર્ષક ઈનામો જીતવાનો મોકો છે.

## વાયના નેટવર્ક સહીજીએસટી નામનું ક્લાઉડ આધારિત એક્ટિવ સર્વર નેટવર્ક (એએસપી) સંપાદિત કરે છે

અમદાવાદ

ભારતનું સૌથી મોટા થર્ડ પાર્ટી ટૂંકા ગાળાના નાણાકીય પ્લેટફોર્મ વાયના નેટવર્કે આજે જીએસટી રિટર્ન ફાઈલિંગ અને તેના પાલન માટે સહીજીએસટી નામની ક્લાઉડ આધારિત એપ્લિકેશનના સંપાદનની જાહેરાત કરી હતી. આ સંપાદનને કારણે વાયના નેટવર્કને જીએસટી અને ઇ-વે બિલ સ્પેસમાં પોતાનો પોર્ટફોલિયો મજબૂત કરવાની તક મળશે. ભારતના ચાર્ટર્ડ એકાઉન્ટ્ન્ટ્સ (સીએ), કોર્પોરેટ્સ અને નાના તથા મધ્યમ ઉદ્યોગો (એસએમઈસ) દ્વારા સહીજીએસટી સોફ્ટવેરનો વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે.

સહીજીએસટીની સ્થાપના દિનેશ તેજવાની, અંકુર અગરવાલ, ધ્રુવ પટેલ, તીર્થેશ ગણાત્રા અને કેયુર શાહે ૨૦૧૬ના ઉતરાર્ધમાં કરી હતી. એપ્લિકેશન પ્રોગ્રામીગ ઈન્ટરફેસ (એપીઆઇસ) દ્વારા ગ્રાહકોના જીએસટી રિટર્ન જીએસટી નેટવર્ક (જીએસ ટીએન)ને મોકલવા માટે મદદરૂપ થનારું ભારતનું પ્રથમ એક્ટિવ સર્વર નેટવર્ક છે. આ સંપાદન બાદ સહસ્થાપક તીર્થેશ ગણાત્રા વાયનામાં જોડાયા છે. વાયનાના પોર્ટફોલિયોમાં સહીજીએસટી લાવવાથી હાલના ઉત્પાદનોની વિશિષ્ટતા અને લાઇસન્સમાં કોઈ પણ પ્રકારના ફેરફાર વિના ગ્રાહકોને આપવામાં આવતી સેવાઓમાં વધારો થશે.

## કલ્ટ એ ૫.૯૯ ઈંચ એચડી + સ્ક્રીન અને ફેસ રેકગ્નિશન જેવા નવીન ફિચર્સ સાથે માત્ર રૂ. ૮,૯૯૯ ની અનુમાનિત એમઓપી પર કલ્ટ 'ઈમ્પલ્સ' રજુ કર્યો



નવા જમાનાની સ્માર્ટફોન બ્રાન્ડ કલ્ટ એ 'બિયોન્ડ', 'ગ્લેડિયેટર' અને 'એમ્બીશન' ની શાનદાર સફળતા બાદ નવીન ફિચર્સથી ભરપૂર અને જોરદાર પરફોરમેન્સવાળો સ્માર્ટફોન કલ્ટ 'ઈમ્પલ્સ' રજુ કરવાની ઘોષણા કરી છે. વધુમાં, તેના પર રિલાયન્સ જીયોની કેશબેક ઓફર જીયોના પસંદગીના રિચાર્જ પ્લાન પર જીયોના નવા અને વર્તમાન ગ્રાહકોને ઓફર કરવામાં આવી છે. કલ્ટ નવી સદીના લોકો માટે છે જે બીજાને ઈસ્પાયર (પ્રેરિત) કરે છે અને તેઓ લીડર ન હોવા છંતા તેમના પ્રશંસકોનો વ્યાપક વર્ગ છે. કલ્ટ ઈમ્પલ્સમાં નવી સદીના ભારતીયો પસંદ અનુસાર કેટલાય નવીન ફિચર્સ અને જોશ છે. કલ્ટ ઈમ્પલ્સમાં ૫.૯૯ ઈંચનો લગભગ બેઝલ રહિત સ્ક્રીન છે. તેનો એચડી+ ટુ-વ્યુ ડિસ્પ્લે યુઝરને ફૂલ-સ્ક્રીનનો ઈમર્સિવ એકસપી રિયન્સ (તરબોળ કરતો અનુભવ) આપે છે. તેની ૪૦૦૦ એમએએચની બેટરી એલટીઇ પર ૧૨ કલાક સુધીનો સ્ટેન્ડબાય ટાઈમ અને ૬૦ કલાક સુધી મ્યુઝિક પ્લે કરવાની સુવિધા આપે છે.

## એનટીપીસી દ્વારા માઈક્રો તથા સ્મોલ એન્ટરપ્રાઈઝ વિક્રેતા બેઠકનું આયોજન



માઈક્રો તથા સ્મોલ એન્ટરપ્રાઈઝના વિક્રેતાઓ સાથે એનપીસીના કોર્પોરેટ કોન્ટ્રેક્ટ્સ એન્ડ મટીરિયલ્સ દ્વારા માઈક્રો તથા સ્મોલ એન્ટરપ્રાઈઝ વિક્રેતા બેઠકનું આયોજન કરવામાં આવ્યું. વિક્રેતાઓની સમસ્યાઓને સમજવી તથા એનટીપીસી સાથે તેમની ભાગીદારી વધારવી એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ હતો. બેઠક દરમિયાન શ્રી ગુરદીપ સિંહ, સીએમડીએ એક મોબાઈલ એપનું અનાવરણ કર્યું, જેના દ્વારા વિક્રેતા પોતાના પેમેન્ટને ટ્રેક કરી શકે. સભાને સંબોધિત કરતાં સીએમડીએ વિક્રેતાઓ માટે પેમેન્ટ પ્રણાલીને ત્વરિત બનાવવા પરચેઝ ઓર્ડરને જલ્દી આપવા માટે એક ઓનલાઈન સિસ્ટમના વિકાસ પર પણ જોર આપ્યું. આ અવસર પર એનટીપીસીની સૂચીકરણ નીતુ તથા વિક્રેતા પોર્ટલની વિશેષતાઓ પર પ્રેઝેન્ટેશન્સ પણ આપવામાં આવ્યાં. પેમેન્ટ તથા સૂચીકરણના સંદર્ભમાં વિક્રેતાઓના સવાલના જવાબ આપવામાં આવ્યાં. અંદાજે ૫૦ સ્મોલ એન્ટરપ્રાઈઝોએ આ બેઠકમાં ભાગ લીધો.

આવનાર સમયમાં પણ એનટીપીસી સમગ્ર દેશમાં આ રીતની બેઠકોનું આયોજન કરશે કારણકે સ્મોલ એન્ટરપ્રાઈઝ એનટીપીસીના વિકાસમાં યોગદાન આપી શકે.

## ઝી ટીવીના ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ સિઝન ૩ના બીજા જજ તરીકે વિવેક ઓબેરોય જોડાશે



ભારતના શ્રેષ્ઠ અભિનય પ્રતિભા દ્વારા કેટલાક પ્રેરણાદાયક કૃત્યો અને પ્રદર્શન સાથે પ્રેક્ષકોને મનોરંજન કર્યા બાદ, ઝી ટીવીના પ્રખ્યાત પ્રતિભા વાળા રીયાલ્ટી શો ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ ફરી એકવાર તેની ૩જી આવૃતિ લઈને આવી ગયું છે. શો, તેના પાછલી સીઝન્સમાં, ઘણાં ઉભરતાં બાળ કલાકારોને તૈયાર કર્યા છે જેવા કે કાર્તિકિય રાજ, તમન્ના દિપક, કાર્તિકિય માલવિયા અને પ્રનિત શર્મા જેમને પોતાના માટે મનોરંજનની દુનિયામાં એક અલગ વ્યક્તિત્વ બનાવ્યું છે. તેની આ સીઝનમાં, ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ શુદ્ધ મનોરંજનની સાથે એક્ટીગના ઉત્સાહીઓની ક્ષમતાને ઉભારી તેમને ભવિષ્યના સુપરસ્ટાર બનાવવા માટેનો ધ્યેય છે.

આ શો પર જજ તરીકે ફરીથી પ્રતિભાશાળી અભિનેતા વિવેક ઓબેરોય પાછો ફરી રહ્યો છે, જે યુવા સ્પર્ધકોને તેના પ્રવાસમાં મોનિટરીંગ કરશે અને અભિનયની કેટલીક સુક્ષ્મતા પણ શિખડાવશે. તેની નિષ્ણાંતતાને બોર્ડ પર લાવતા, વિવેક સ્પર્ધકો સાથે ખૂબ જ નજીકથી કામગીરી કરી રહ્યો છે જેનાથી તેમનું પર્ફોર્મન્સ દાર્શનિક રીતે અપીલ કરતું રજૂ કરી શકે.

## રણબીર કપુર અને વાણી નવી ફિલ્મમાં સાથે દેખાશે

મુંબઈ

ખુબસુરત સેકસી સ્ટાર વાણી કપુર હવે યુવા પેઢીના સુપરસ્ટાર રણબીર કપુર સાથે નજરે પડનાર છે. ફિલ્મ શમશેરામાં બંને સાથે નજરે પડનાર છે. નિર્દેશક કરણ મલહોત્રા આ ફિલ્મ બનાવી રહ્યા છે. વાણી કપુર ફિલ્મમાં મોટી અને પડકારરૂપ ભૂમિકા અદા કરવા જઇ રહી છે. કરણ મલહોત્રાએ કહ્યુ છે કે ફિલ્મમાં વાણી કપુર રણબીરની પ્રેમિકાની ભૂમિકામાં નજરે પડનાર છે. તે મુખ્ય રોલમાં નજરે પડ્યા બાદ તેની કેરિયરમાં તેજી આવી રહી છે.

## સરગવાનું લોટવાળું શાક

સામગ્રી : સરગવાની સીગ પાંચ સો ગ્રા, ચણાનો લોટ બસો ગ્રામ, આમલી, હળદર પચ્ચાસ ગ્રા, મીઠું, ગોળ, મરચું

રીત : સરગવાની સીગને ધોઈને નાના ટુકડા કરી તેને પાણીમાં મીઠું નાખી બાફી નાખો.ચણાના લોટને તેલ વિના જરા ગુલાબી રંગનો શેકો. આમલી ધોઈ તેનું પાણી કરો. આંબલી ન હોય તો છાશ લો.આંબલીનું પાણી, ચણાનો લોટ, મરચું, મીઠું, હળદર, ગોળ ભેગા કરી લોટનું પાતળું ખીરું બનાવો.તપેલીમાં તેલ મૂકી, રાઈ- હિંગ નાખી, લોટને વધારી, લોટનું પાણી વધારો કે તરત જ હલાવતાં રહો, નહીતર ગાંઠો પડી જશે.લોટ, જરા ઘટ્ટ લાગે કે તરત જ બાફેલી સીંગ તેમાં નાખી ચમચાથી હલાવતા રહો.

# પાર્ટીમાં કેવા કપડાં પહેરશો ?

**નારી ચેતના**

તમે કોઇ પાર્ટીમાં જતાં હો કે લગ્નમાં પણ આટલી બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે. જો તમે કોઇ પ્રયોગ કરવા માંગતા નથી તો કોઇ સામાન્ય પહેરવેશ પણ પહેરીને જઇ શકાય છે, પરંતુ જો તમારે હોટ અને સેક્સી દેખાવું હોય તો તેના માટે તમારે મહેનત કરવી પડશે. તમારે ખાસ એ બાબતનું ધ્યાન રાખવાનું છે કે તમે જે કાંઇ પહેરો તે તમને સૂટ કરે અને તમને ડીસન્લ લૂક આપે

સામાન્ય રીતે આપણે ત્યાં તો લગ્નમાં ભારે ભારે કપડાં પહેરવાનો રિવાજ હોય છે તેથી સમસ્યા વધુ વધી જતી હોય છે. યુવતીઓને બીજા કરતા અલગ દેખાવુ હોય છે અને સાથે સાથે જે કપડાં પહેરે તેમાં આરામ રહે તેવુ પણ ઇચ્છતી હોય છે. તેથી તેઓની સમસ્યા વધુ હોય છે. ખાસ કરીને તમારા વ્યક્તિત્વને શોભે તેવા કપડાં કેરી કરવાં જરૂરી છે. જો તમારા વ્યક્તિત્વને શોભે નહીં તેવા કપડાં પહેરશો તો સમસ્યા વધુ થાય તેવી પૂરી શક્યતા છે.

તમે કોઇ પાર્ટીમાં જતાં હો કે લગ્નમાં પણ આટલી બાબત ધ્યાનમાં રાખવી જરૃરી છે. જો તમે કોઇ પ્રયોગ કરવા માંગતા નથી તો કોઇ સામાન્ય પહેરવેશ પણ પહેરીને જઇ શકાય છે. પરંતુ જો તમારે હોટ અને સેક્સી દેખાવુ છે તો તેના માટે તમારે મહેનત કરવી પડશે. તમારે ખાસ એ બાબતનુ ધ્યાન રાખવાનું છે કે તમે જે કાંઇ પહેરો તે તમને સૂટ કરે અને તમને ડીસન્ટ લૂક આપે. પાર્ટી કે લગ્ન ડ્રેસ :- જો તમે થોડા ક્રિએટીવ બનો તો તમે લગ્ન કે પાર્ટીમાં સૌના આકર્ષણનુ કેન્દ્ર બની શકો છો. પરંતુ જો પાર્ટીમાં જઇ રહ્યાં હો તો તે ખાસ નક્કી કરી લો કે તમે જે પાર્ટીમાં જઇ રહ્યાં છો ત્યાં કોઇ ડ્રેસ કોડ કે થીમ નક્કી કરવામાં આવેલ છે કે નહી. કેમ કે તમને ખબર ન હોય અને તમે ત્યાં તમારી રીતે કપડાં પહેરીને પહોંચી જાવ તો સમસ્યા થઇ શકે છે. તમારે તે જ પહેરવેશ પહેરવાનો છે કે જે તમને સુટ થાય અને તારા વ્યક્તિત્વને અનોખો બનાવી દે. જો તમે પાર્ટીમાં જઇ રહ્યાં છો તો ત્યાં હેવી ડ્રેસ કરતા કોઇ લાઇટ ડ્રેસ વધુ શોભશે. હેવી એમ્રબોડરી કે હેવી વર્ક ધરાવતા કપડાંમાં તમે ત્યાં એન્જોય નહી કરી શકો કેમ કે પાર્ટીમાં સૌ કોઇ આનંદ માણવા આવતા હોય છે અને ત્યાંનુ વાતાવરણ પણ એન્જોયેબલ હોય છે. આવી પરિસ્થિતિમાં જો તમે હેવી કપડાં પહેરશો તો તમને એન્જોય કરવામાં સમસ્યા આવી શકે છે. જો કોઇ પાર્ટી હોય તો તમે વાયોલેટ, બ્લેક, મરૂણ, પર્પલ, ક્રિમસન રેડ, અથવા તો કોકટેઇલ પર પસંદગી કરી શકો છો. જો તમે સાડી પહેરવાનું નક્કી કરેલુ હોય તો લાઇટ શેડ ધરાવતી અને હળવી બોર્ડર ધરાવતી શિફોન સાડી પહેરી શકો છો. આ કારણે તમને સોફીસ્ટીકેટેડ લાગશો. અને ત્યાં એન્જોયનુ વાતાવરણ હોય તો તમે એન્જોય પણ કરી શકો છો. જો પાર્ટી રાત્રે હોય અને મોડી રાત્રે ઠંડી લાગવાની બીક હોય તો તમે ટ્રાઉઝર્સ અથવા તો સ્ટાઇલીશ કોટ પણ પહેરી શકો છો. જો તમે સ્કર્ટ પહેરવાના હો તો તમેની સાથે બૂટ પહેરો. સ્કર્ટની સાથે જેકેટ પણ પહેરી શકાય છે. સાથે સાથે તમે કેપ અથવા તો હેટ પહેરશો તો વધુ સુંદર લાગશે. ખાસ કરીને લોંગ બૂટ સ્કર્ટની સાથે સરસ લાગતા હોય છે. જો તમે વધુ પડતાં પ્રયોગ કરવલા માંગતી નથી તો તમે સાદો પણ કોટનનો ડ્રેસ પહેરી શકો છો. આમા તમે સુંદર અને બિન્દાસ લાગી શકશો. આ સિવાય તમે ઈન્ડો વેસ્ટ્રેન લૂક ટ્રાય કરી શકો છો. તમે આરામદાયક અનુભવતા હો તો શોર્ટ સ્કર્ટ પણ ખૂબ સરસ લાગતા હોય છે

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# બાળકને અંગૂઠો ચૂસવાની કુટેવ કેવી રીતે ભૂલાવશો ?

**બાળ ઉછેર**

આવી આદત પાછળનું ચોક્કસ કારણ તો હજી સુધી કોઈ છાતી ઠોકીને કહી શકે તેમ નથી. માતા-પિતા બાળક પર પૂરતા પ્રમાણમાં ધ્યાન ન આપી શકતા હોય કે પૂરો પ્રેમ ન કરતા હોય એવું બધા કિસ્સાઓમાં જરૂર નથી

નાની વયે કેટલાંક શિશુઓને અંગૂઠો, આંગળી કે જીભ ચૂસવાની આદત પડી જતી હોય છે. આટલી નાની વયે તો માનસિક તાણ અનુભવવાની શક્યતા હોતી નથી. આમ તો જન્મતાની સાથે જ બાળક ક્યાં તો માતાનું અથવા બોટલનું દૂધ પીતું થઈ જતું હોય છે આથી તેને ચૂસવાની આદત જન્મતાના બે-ત્રણ દિવસમાં જ પડતી હોય છે. આમ છતાં અમુક મહિનાઓ પછી જ કેમ અંગૂઠો ચૂસવાની આદત પડે છે?

આમ આવી આદત પાછળનું ચોક્કસ કારણ તો હજી સુધી કોઈ છાતી ઠોકીને કહી શકે તેમ નથી. માતા-પિતા બાળક પર પૂરતા પ્રમાણમાં ધ્યાન ન આપી શકતા હોય કે પૂરો પ્રેમ ન કરતા હોય એવું બધા કિસ્સાઓમાં જરૃરી નથી. કેટલાક કિસ્સાઓમાં જે બાળકોને શરૃઆતથી જ બોટલનું દૂધ પીવડાવાય છે અને બહુ નાની વયે ખોરાક પર ચઢાવી દેવાય છે એવા બાળકોમાં આવી ટેવ વધુ જોવા મળે છે. આવી કુટેવવાળા કેટલાક બાળકો જ્યારે થાકી ગયા હોય, કંટાળો અનુભવતા હોય અથવા તો વ્યથિત હોય ત્યારે જ અંગૂઠો ચૂસતા હોય છે. અત્યાર સુધી નિષ્ણાતોનો એનો અભિપ્રાય રહ્યો છે કે બાળકોને ચૂસવાની વૃત્તિ સંતોષાય એ હદે માતાનું કે બાટલીનું દૂધ નથી મળ્યું હોતું એ બાળકોમાં ખાસ કરીને આવી આદત જોવા મળે છે.

દર ચાર કલાકે દૂધ અપાતા બાળકોની સરખામણીમાં દર ત્રણ કલાકે જે બાળકોને દૂધ અપાય છે. તેમનામાં અંગૂઠો ચૂસવાનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું છે. સામાન્ય રીતે દૂધના સમયની થોડી પળો પહેલા બાળક અંગૂઠો ચૂસે તો તેમાં અસમાન્ય કહેવાય તેવું કશું નથી. આમ છતાં દૂધ પીધા પછી કે ભરેલે પેટે પણ બાળકને અંગૂઠો ચૂસવાની આદત હોય તો કંઈ નક્કર પગલા લેવા જરૃરી બની જાય છે. બાળક સૌ પ્રથમ વખત અંગૂઠો ચૂસવાનું શરૃ કરે ત્યારે જ જો તેને અટકાવી દેવાય તો આ કુટેવમાંથી બચી જાય છે. નાના શિશુઓ શરૃઆતના મહિનાઓમાં હાથ પર નિયંત્રણ ધરાવતા નથી. આવા સમયગાળામાં હાથ ઉપર કરવાના પ્રયાસ દરમિયાન અંગૂઠો મોઢામાં જાય છે. ત્રીજે મહિને બાળકમાં અંગૂઠો ચૂસવાની સૌથી વધુ જરૃરિયાત જણાતી હોય છે. સામાન્ય રીતે છઠ્ઠે સાતમે મહિને આવી આદત છૂટી જતી હોય છે. અંગૂઠો ચૂસવાની આદત ધરાવતા બાળકોને માતાના સ્તન વધુ વખત ચૂસવાની આદત પાડવી જોઈએ. આ ઉપરાંત અંગૂઠો ચૂસતા બાળકને અપાતા દૂધનું પ્રમાણ ધ્યાનમાં લેવાની સાથોસાથ કેટલી વખત દૂધ અપાય છે તે પણ મહત્ત્વનું છે. અંગૂઠો ચૂસવાની આદતથી આમ તો કોઈ હાનિ કે નુકસાન થતા નથી પરંતુ સતત અંગૂઠો લાંબા સમય સુધી ચૂસવાની આદતને કારણે આગલા દાંત બહાર આવવા શરૃ થાય છે. અંગૂઠો ચૂસવાની આદત બાળક ત્રણેક વર્ષનું થાય ત્યાં સુધીમાં જતી રહે તો સારું છે. જો આદત ત્યાર પછી પણ ચાલુ રહે તો આની પર ધ્યાન આપવું જરૃરી બની જાય છે. બાળકને આ આદત અંગે સતત ટોક ટોક કરી તેનામાં લઘુતાગ્રંથિ

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## રસથાળ

### પૌઆ કટલેટ

જો સવારે સવારે કઈક હળવું ખાવાનું મૂડ હોય છે તો અમે પૌઆને લઈએ છે . કારણકે એ હળવા પણ હોય છે તો આજે અમે તમને જણાવી રહ્યા છે પૌઆ કટલેટ એ ખૂબ સરળ પણ છે.

સામગ્રી : પૌઆ- ૨ કપ, બટાટા- ૧/૨ કપ બાફેલા, વટાણા- ૧/૨ કપ, કાળી મરી પાવડર-૧/૨ ચમચી, લીલા મરચા- ૧/૨ કપ, આદું - ૧ ચમચી, લાલ મરી પાવડર, હળદર, ગરમ મસાલા - ૧/૨ ચમચી, ધાણા પાવડર, કોથમીર, મીઠું સ્વાદપ્રમાણે

બનાવવાની રીત- સૌથી પહેલા પૌઆને વાસણમાં લઈને સારી રીતે ધોઈ લો . હવે એમાં બાફેલા બટાટા નાખી સારી રીતે મેશ કરી લો. વટાણાને પણ બાફી લો? હવે આધું અને મરચાની બારીક પેસ્ટ બનાવી લો. હવે એક વાસણમાં મેશ કરેલા બટાટા આદુ-મરચાના પેસ્ટ પલળાયેલા પૌઆ અને વટાણા મિક્સ કરો . હવે એમાં દહીં, હળદર પાવડર, લાલ મરચા પાવડર, ગરમ મસાલા, કાળી મરી પાવડર , મીઠું નાખી મિક્સ કરો. કોથમીર નખો. હવે પૌઆ પેટીસ માટે ગોળ-ગોળ ટીક્કી ના શેપ આપી બનાવો .

એક કડાહીમાં તેલ ગર્મ કરો. તેલ ગરમ થયા પછી પેટીસને ધીરે-ધીરે તેલમાં નાખો . હળવા સોનેરી થાય ત્યાં સુધી તળો. પેટીસને પેપર નેપકિન પર કાઢો જેથી વધારે પડતું તેલ નિકળી જાય . હવે એને ગરમ-ગરમ લીલી ચટણી કે ટોમેટો કેચઅપ સાથે સર્વ કરો.

### કાકડીના થેપલા

સામગ્રી - પલાળેલા સાબુદાણા, એકવાડકી, ૧/૨ વાડકી સીંગદાણાનો ચૂરો, ૧ વાડકી કાકડીનુ છીણ(પાણી નિતારેલુ). લીલા મરચા ૨, ખાંડ, મીઠુ અને જીરુ અંદાજે, ચપટી વરિયાળી,૧ ચમચી ઘી. સમારેલા ધાણા

બનાવવાની રીત - પલાળેલા સાબુદાણામાં ઘી નાખી બધી સામગ્રી નાખી દો. જરૂર મુજબ પાણી નાખો, હાથમાં ઘી લગાવી થાપો. મધ્યમ તાપ પર થેપલા સેકો અને ઉપરથી ઘી છોડો. ગરમા ગરમ ફરાળી થેપલા ધાણા-મરચાની ચટણી અથવા દહી સાથે સર્વ કરો

# જિંદગી રે જિંદગી

**આગ ભીતર ભીતરની** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

નાના હતા.રખડવાની મજા આવતી.રોજ કોઈને કોઈ જગ્યા ઝપટે ચડી જતા. ત્યાં પહોંચી જતા અને રમવા માંડતા.વચ્ચે વચ્ચે કોઈ નાની બાબતે વળી રીસાઈ જતા અમારી રીસ આકાશી વાદળ જેવી રહેતી હતી. ઘડીકમાં છવાઈ જાય અને ઘડીકમાં વિખેરાઈ જાય. પાછા બુચ્ચા થઈ જતા. જેમ કિટ્ટા કરવામાં આનંદ હતો એનાથી બેવડો આનંદ બુચ્ચામાં હતો પછી બિલાડી બાગે પહોંચી જતા. અમારા ગામનો એ બાગ બિલાડી બાગના નામે ઓળખાતો હતો જોકે ત્યાં માંડ એકાદ કોઈ બિલાડી હશે.એ મામલે અમોએ બાગના રખેવાળ એવા માળીને પુછેલુ ‘રાધે શ્યામજી..’ બિલાડી બાગના રખેવાળ માળીનું નામ રાધે શ્યામજી...‘આ બાગનું નામ બિલાડી બાગ કેમ છે.?’ અહીં તો એકેય બિલાડી દેખાતી નથી.કાયમ ગરમ ટોપી પહેરી રાખતો રાધેશ્યામજી હસતો. અમને જવાબ આપતો નહી. પણ એની પત્નિ જાનકી અમોને વઘારેલા મમરા અને ચણા આપતી. પછી કહેતી ‘અબ જાવ..ઝુલે પે જાકર ઝુલો..’ જાનકીએ આપેલા મમરા લઈ ઝુલે હિંચકે જતા અને ઝુલવા માંડતા. જુની થઈ ગયેલી સાંકળો..કડાં..એવા અવાજ કરતા કે આખાય બિલાડી બાગમાં ઘુમરાઈ વળતાં. એ અવાજને સાંભળી રાધેશ્યાનજી એના ખાટલામાં પડ્યો પડ્યો ત્યાંથી જ બુમ પાડતો...સાલે..ગીરોગે...મર ોગે...

પણ અમે જીવતા હતા. બિલાડી બાગમાં બે-ત્રણ કલાકની ધમાધમી રહેતી. પછી ઘાસમાં આવતા પંખીઓ જોતા. ક્યાંક લક્કડખોદ ઝાડના સુકા થડને એની ચાંચથી કાણુ પાડવા પ્રયાસ કરતો તો ન જોણે ક્યા ઝાડ પરથી તુક..તુક..તુક...તુક..પંખીન ો અવાજ આવતો. અમે ઘટાદાર વૃક્ષોમાં નજરના અશ્વને છુટા મુકતા પણ એ અવાજ કરનારું પંખી પકડાતું નથી. બગીચામાં અમે ઘણાય દિવસો સુધી એ પંખીને પકડવાનો પ્રયાસ કર્યો પણ..

પણ કુવારા પાસેના પાણીમાં પાંખો ફફડાવી સ્નાનમાં લિપ્ત થયેલા કબુતર જોવા મળી જતા. અક્કડ-ફક્કડ એવી કાબર.. અમને કોઈ ધનવાન શેઠાણી જેવી લાગતી. ઘણીવાર કહેતા ‘જો જો શેઠાણી આવ્યા છે. અમોને ઠસ્સો જો જો...’ અમને કબુતર કરતા કાબર શેઠાણીમાં વધુ રસ પડતો પણ એતો અમારી ભાવનાની પરવા કર્યા વિના જ અમારી કશી નોંધ કર્યા વિના ઉઠી જતી. એની વીંજાતી પાંખોમાંથી ફટ ફટ ફટ અવાજ આવતો અમે ચારે જણ એ ભણી આંગળી કરતા અમે જોયેલી શેઠાણી તરીકે માનેલી એ કાબર ક્યાંક ખોવાઈ જતી પણ અમને થતુ. આપણે જો પંખી હોત તો..આમ ઉડી જાત ના નોકરી ની ચીંતા..ના ભણવાની..

અમને ચારે જણને ભણવાનું જરાય ગમતું ન હતું.અમને થતુ અમારા ચાલે તો ભણવાની બધી ચોપડીઓ ગામમાં આવેલા ધૂણપું તળાવમાં પધરાવી આવત એ પછી કિનારે બેસીને શોક કરત..બિલકુલ સ્મશાનમાં કોઈ ખેલ કરે છે એવો પણ એતો અમારી રોજની કલ્પના હતી.ભણવાની બાબત પર ગુસ્સો..ચોપડીઓની જળસમાધી પછી નિશાળનો એ સમય યાદ આવી જતો ના માઈક ના ઢોલ કે ના કોઈ હોર્મોનિયમ..પ્રાર્થના ગવાતી વંદે માતરમ ગવાતુ.શાળાના રઈબહેન પટેલ સમાચારની ચાર લાઈનો કહેતા. બાદમાં શિસ્તબધ્ધ રીતે દાદરેથી ઉપર જતા. આ દરમિયાન કોઈ કાંઈ શરારત કરતું નહીં.જો શરારત કરી હોય તો દેવાની બહેન શાહની ચશ્માની બીજા પારે આવેલી ચકોર આંખ પકડી પાડતી અને ગુનેગારને બે ફુટપટ્ટીનો માર હાથ પર ઝીલવો પડતો. ચુપચાપ વર્ગમાં જઈને જગ્યા નિર્ધારિત હોય ત્યાં બેસી જતા.

શાળામાં રઘલો પ્રાર્થનાઓ સરસ ગાતો તેથી અમને તેની પર અદેખાઈ આવતી.ક્યાંક એને સાઈકલની ટ્યુબે મારવાની ઈચ્છાઓ જાગી આવતી પણ એકતો એ સાહેબોનો પ્યારો હતો. સાહેબોને જી જી કરતો રહેતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં રઘલો છવાઈ જતો. આચાર્ય સાહેબની ખુરશી પાસે એને ઉભા રહેવા મળતું. ગાવા મળતું. અમે ચારે એને જોઈને દાઝે બળતા પણ પણ કશું વળતું નહી. અમને મારનો ડર હતો.એમાંય દેવયાની બહેનનો તો ખાસ, અમે તો એમને જોતા કે જાણે આઘાપાછા થઈ જતા.

શાળા જીવનમાં અમારી છાપ રેઢીયાળની હતી.વર્ગમાં કશુંક આડું અવળું થાય તો

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## વ્યસન મુક્તિ ભાવિ પેઢીનું સ્વપ્ન જોતા, સંકલ્પબદ્ધ વ્યક્તિનો સુંદર પ્રયાસ

**શબ્દ સમીપે** - નટવર હેડાઉ

સમાજમાં અનેક પ્રકારના દુષર્ણો પ્રવર્તે છે. તેની સામે પડવા અને તેનાથી સમાજને મુક્ત કરવા મથનારાઓ ખરેખર મરજીવા સમાન હોય છે. તેઓ પોતાની જીવનનો અમૂલ્ય સમય આપી સમાજને દુષણોથી મુક્ત કરી સ્વચ્છ જીવન મળે તેની ખેવના કરતા હોય છે. તે માટે સરકાર પર આધારીત ન રહેતાં સ્વયં સ્કૂરણાથી સમાજમાં જાગૃતિ કેળવવાના સંનિષ્ઠ પ્રયાસો કરતા હોય છે. આવા પ્રયાસોને હંમેશા બિરદાવવા જોઈએ અને પ્રયાસો કરનારની પીઠ થાબડવી જોઈએ તેમ મારૂ માનવું છે.

આ વાત હું લખું છું ત્યારે મારી સામે એવું જ એક સુંદર પુસ્તક પડ્યું છે. જેમાં વ્યસન મુક્તિનો સંદેશ રહેલો છે. તેની વાત મારે તમને કરવી છે.

‘ચાલો વ્યસન મુક્ત શાળા-કોલેજનું નિર્માણ કરીએ’ નામના આ પુસ્તકમાંથી પસાર થતાં જે અનુક્રમણિકા આપી છે તેનાથી ખ્યાલ આવે છે કે પુસ્તકમાં એક કે બે પાનામાં લમા. કેવા નાના નાના લેખો આપવામાં આવ્યા છે. તે અગાઉ પુસ્તકમાં તત્કાલિન માનનીય રાજ્યપાલ શ્રી બેનીવાલજી અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના શુભેચ્છા સંદેશ મુકવામાં આવ્યા છે. જેમાં લેખકની વ્યસન મુક્તિ માટેના પ્રયાસને બિરદાવવામાં આવ્યો છે. તે ઉપરાંત ‘દાંતોને ક્યાંથી લાગ્યા ડાઘ..’નામે એક કાવ્ય પણ મુકાવ્યું છે.

લેખકે પુસ્તકમાં પોતાના આત્મકથનમાં વ્યસન મુક્તિ માટેના આંદોલન કરવાની કેમ જરૂર જણાઈ તે વાતથી શરૂ કરી વ્યસન મુક્તિ માટે તેમણે ૫૦૦૦ થી વધુ લોકોને સમજ આપી સંકલ્પ લેવડાવેલ છે અને વ્યસનમુક્તિનો સંદેશ કાવ્યો, સ્લોગન ટીકર, કેલેન્ડર વિગેરે દ્વારા કેવી રીતે કર્યો તેની વિગતે વાત મળે છે.

આ પુસ્તકની ખાસ વિશેષ વાત એ છે કે લેખકે અહીં આવતી પેઢીને ધ્યાને લઈ તેમનામાં વ્યસનની બદી અટકે તે માટેનો પ્રયાસ કર્યો છે. અહીં એમનું ટાર્ગેટ ગ્રુપ શાળા કોલેજના વિદ્યાર્થીઓ છે. આમ તો સરકાર દ્વારા કાયદાકીય રીતે કેફી પદાર્થો તમાકુ, બીડી કે ગુટખા પર પ્રતિબંધ છે. તે શાળા-કોલેજે નજીક વેચી શકાતા નથી છતાં પણ જે કામ

**અનુસંધાન પાના નં.૬ઉપર**

# સરળ છે સંબંધોને સાચવવા...

**નારી**

સમજદાર વ્યક્તિ જાણે છે કે તેઓને ક્યારે, કોની સાથે સંબંધ રાખવાથી ફાયદો થશે અને કેન્દ્રસ્થાને રાખીને જ તેઓ સંબંધ બાંધે છે અને તેને નિભાવે છે. તેઓ સારી રીતે જાણે છે કે બીજાઓ માટે સમય ખર્ચવાથી નુકસાન નહીં, ફાયદો જ થાય છે

ઠિન હોય છે તેને જાળવી રાખવો અને મજબૂત બનાવવો. દરેક જીવનમાં સંબંધનું મહત્ત્વ અગત્યનું હોય છે. જો આ મહત્ત્વને અને સંબંધના કાયદાને જાણશો તો તમે પણ સંબંધોને દૃઢ કરવા લાગી જશો, તો આવો જાણીએ કેટલાક મંત્રો, જે સંબંધોને સુદૃઢ બનાવે છે.સમજદાર વ્યક્તિઓ જાણે છે કે તેઓને ક્યારે કોની સાથે સંબંધ રાખવાથી કાયદો થશે અને કેન્દ્રસ્થાને રાખીને જ તેઓ સંબંધ બાંધે છે અને તેને નિભાવે છે. તેઓ સારી રીતે જાણે છે કે બીજાઓ માટે સમય ખર્ચવાથી એ સમય બરબાદ નથી થતો, બલકે ફાયદો જ થાય છે.સમજ ધરાવનાર વ્યક્તિઓ બીજાની આવશ્યકતાઓ અને જરૃરિયાતોને ધ્યાનમાં રાખે છે. તેઓ બીજાઓની જરૃરિયાતોમાં સહાયભૂત થઈને કે મદદ કરીને પોતાના સંબંધોને મજબૂત બનાવી લે છે. તમે તમારી જિંદગીમાં બધું જ મેળવી શકો છો. જો તમે બીજાના કામમાં આવી શકો તો સામેવાળી વ્યક્તિ તમારી પાસેથી તેવા પ્રકારની મદદની અપેક્ષા રાખે છે તે સમજો.ભૂલી જાવ- સંબંધોને સ્થિરતા આપીને ટકાવી રાખવા માટે આ આવશ્યક છે કે, અરસપરસની કડવાશને ભૂલી જાવ. સમજદાર વ્યક્તિ બીજાની ભૂલોને નજર અંદાજ કરી દે છે. ત્યારે જ સંબંધ ઉત્તમ બને છે.સંબંધોને દીર્ઘજીવી બનાવવામાં જ સમજદારી છે. આ સત્ય અક્કલમંદ વ્યક્તિઓને જાણે છે. તેઓ સમજે છે કે આજે જે સંબંધ બંધાયો છે તે આગળ જતાં લાભપ્રદ બનશે એટલા માટે તેઓ ભવિષ્યને નજર સમક્ષ રાખીને લાંબા સમયના અર્થાત્ આજીવન સંબંધ બાંધી રાખવામાં વિશ્વાસ રાખે છે.કોઈપણ બે સંબંધ એક જેવા નથી હોતા. કદાચ એટલે જ સમજદાર વ્યક્તિ બીજાની વિલક્ષણતાને એક સહજ ભેટની જેમ જુએ અને સ્વીકારે છે. તેઓ જાણે છે કે દરેક વ્યક્તિની પોતાની આવશ્યકતાઓ, **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# ઉનાળામાં આખો દિવસ તાજગીપૂર્ણ રહેવા જરૂરી છે સ્નાન

**રૂપના રખોપા**

ગૃહિણીઓ સવારમાં જલદી ઊઠીને પતિ તેમજ બાળકોને ઓફિસ તેમજ સ્કૂલે મોકલવાની તૈયારીમાં જોડાઇ જતી હોય છે. ઘરનું કામ પતાવવામાં સમય એટલો જતો રહે છે કે થાકીને લોથપોથ થઇ જવાય છે. આવી પરિસ્થિતિમાં જો આરામથી સ્નાન કરવાનું મળી જાય તો બધો જ થાક અદૃશ્ય થઇ જાય છે અને તન-મન તાજગીથી પ્રફુલ્લિત થઇ જાય છે

ગરમીની ઋતુ એટલે લૂની ગરમ ગરમ ચાબુકો, પરસેવો અને ચીકાશનું આગમન. આ ચીકાશવાળા, પ્રદૂષિત વાતાવરણમાં શરીર પર ધૂળ તેમજ માટીના અસંખ્ય રજકણો ચોંટી જાય છે જે અસંખ્ય કીટાણુઓને જન્મ આપે છે અને તેની સાથે શરૃ થાય છે થાક, ચીડિયાપણું તેમજ પરસેવાની અસહ્ય દુર્ગંધ. આ પરિસ્થિતિમાં જરૃરી છે એક સંપૂર્ણ તાજગીસભર સ્નાનની. જે તનમનને તાજગીથી તરબોળ કરી દે.મોટે ભાગે ગૃહિણીઓ સવારમાં જલદી ઊઠીને પતિ તેમજ બાળકોને ઓફિસ તેમજ સ્કૂલે મોકલવાની તૈયારીમાં જોડાઈ જતી હોય છે. ઘરનું કામ પતાવવામાં સમય એટલો જતો રહે છે કે થાકીને લોથપોથ થઈ જવાય છે. આવી પરિસ્થિતિમાં જો આરામથી સ્નાન કરવાનું મળી જાય તો બધો જ થાક અદ્રશ્ય થઈ જાય છે અને તનમન તાજગીથી પ્રફુલ્લિત થઈ જાય છે.ચાલો, તો દિવસભર તાજગીપૂર્ણ રહેવા માટે 'ફ્રેશ પાથ' સંબંધિત કેટલીક મહત્ત્વની બાબતો જોઈએ:

★ શાવર બાથ સાચા અર્થમાં શરીરનો થાક દૂર કરે છે. શાવરમાં સ્નાન કરવાની ખરેખર ખૂબ જ મજા આવે છે. સાથે જો ધીમું સંગીત રાખવામાં આવે તો મગજ પણ તાજગીસભર શાંતિનો અનુભવ કરશે. ★ સ્નાન કરતાં પહેલાં જો ઘરમાં તમે એકલાં હો તો ઘરનાં બધાં જ બારીબારણાં બંધ કરી પડદાઓ પાડીને અંધારું કરી લો. જો ઈચ્છા હોય તો એરકન્ડિશનર પણ ચાલુ કરી દો. તેની ભીની

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

### ધાનેરામાં...

પાના નં .૧ ચાલુ

દીવાલ નીચે દટાતા ઘટના સ્થળે જ ચાર મજુરોના મોત નીપજયા હતા. સ્થાનિક લોકો અને વહીવટીતંત્ર દ્વારા દીવાલના કાટમાળ નીચે દટાયેલી લાશો બહાર કાઢવામાં આવી હતી. આ ઘટનામાં અન્ય બે મજુરોને ઈજાઓ થતાં સારવાર માટે ખસેડાયા હતા.

એક સાથે ચાર મજુરો દટાતા ઘટના સ્થળે ધાનેરા પોલીસ અને નગરપાલિકાના કર્મચારીઓ દોડી આવ્યા હતા. જે મજુરો દીવાલ નીચે દટાયા હતા તેના મૃતદેહને બહાર નીકાળવાની કામગીરી હાથ ધરી હતી. ચારે મજુરોના મૃતદેહને કાટમાળમાંથી બહાર કાઢી પીએમ અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું પીએમ કરવામાં આવ્યું હતું. ચારે મજુરોના મોત થતાં તેમના પરિવારમાં પણ દુઃખની લાગણી છવાઈ હતી. સમગ્ર ઘટનાના પગલે ધાનેરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનિય છે કે ભારતમાં મજુરો માટે અનેક કાયદા બનાવવામાં આવે છે. પરંતુ તેનો યોગ્ય અમલ થતો નથી. બાધકામ ક્ષેત્રે કામ કરતાં મજુરોને કોન્ટ્રાક્ટરો દ્વારા કોઈ જ સેફટીના સાધનો આપવામાં આવતા નથી. જેના કારણે કામ દરમ્યાન જયારે પણ અકસ્માત થાય છે. ત્યારે ગરીબ મજુરોને જીવ ગુમાવવો પડે છે. સરકાર આ બાબતે કડક વલણ અપનાવે તો ગરીબ મજુરોને મોતના મુખમાં ધકેલાવું ન પડે.

### રૂપાણીના નેતૃત્વમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તે અટકાવવા ટાઉન પ્લાનિંગ એક્ટની જોગવાઈઓ અનુસાર એક માસ સુધીના જ વાંધાઓ ધ્યાને લેવાશે. સમયાવધિ બાદ મળેલા વાંધા સૂચનો કે રજૂઆતો હવે ધ્યાને લેવાશે નહીં. મુખ્યમંત્રી શહેરી વિકાસ વિભાગનો હવાલો પણ ધરાવે છે અને રાજયશાસનનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી જ તેઓ સુદ્રઢ સુવ્યવસ્થિત શહેરી વિકાસ આયોજનમાં ભ્રષ્ટાચાર રહિત પારદર્શીતાની નેમ સાથે સમગ્ર તંત્રનું સતત માર્ગદર્શન કરતા રહ્યા છે. નગર આયોજન-નગર નિયોજનની કામગીરીને રાજ્યમાં વધુ પારદર્શી અને ઝડપી બનાવવા તેમજ ટીપી સ્કીમની જટિલ પ્રક્રિયાઓના સરળીકરણ માટે અને વિવિધ તબક્કે બેવડાતી કામગીરી અટકાવવાનો પણ એક જનહિતલક્ષી નિર્ણય આ બેઠકમાં લેવામાં આવ્યો છે. તદ્નુસાર અમદાવાદ, વડોદરા, રાજકોટ, મહેસાણા ખાતેની પ્રાદેશિક કચેરીઓના કર્મચારી મહેકમને તબદીલ કરી રાજ્યકક્ષાએ તેમની સેવાઓ ઉપયોગમાં લેવાશે. મુખ્યમંત્રીએ રાજયમાં ટાઉન પ્લાનિંગ ડિપાર્ટમેન્ટને વધુ મેનપાવરથી સજ્જ કરવા અને વ્યાપક નાવવા ૭૦ જેટલા જુનિયર ટાઉન પ્લાનરની નિમણૂંક પ્રક્રિયા ત્વરાએ પૂર્ણ કરવા સૂચના આપી હતી. સીધી ભરતીથી નિમણૂંક થયેલા ૨૦ જેટલા જુનિયર ટાઉન પ્લાનરને તાત્કાલિક નિમણૂંક આપી દેવા પણ તેમણે સુચવ્યું હતું.

વિજય રૂપાણીએ રાજ્યની મહાનગરપાલિકાઓ, અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી તેમજ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી જેવા તંત્રવાહકોને પણ ટીપીના પરામર્શ માટે સમયમર્યાદા નક્કી કરી વિલંબ નિવારવા સૂચનાઓ આપી હતી.

### કર્ણાટકમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

પરંતુ ભાજપ ગોવા, ગુજરાત, મહારાષ્ટ્ર, આસામ જેવા રાજ્યોમાં સત્તા ધરાવે છે જે ગર્વની બાબત છે. પાર્ટી હેડક્વાર્ટર ખાતે પક્ષના કાર્યકરોને મોદી અને અમિત શાહે સંબોધન કર્યું હતું. અમિત શાહે કહ્યું હતું કે, ભાજપે છેલ્લા ૧૪ ચૂંટણીમાં જીત મેળવી છે. ૧૫મી વખત કર્ણાટકમાં જીત થઇ છે. લોકસભા ચૂંટણીમાં વધુ પ્રચંડ જીત મેળવીશું.

### દુધરેજ વડવાળા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ગૌવંશને બચાવવા ઘડાયેલા કાયદાનો ઠોસ અમલ કરવામાં આવતા પશુઓની સંખ્યા ચિંતાજનક ઘટી રહી હતી. જે હવે પશુઓની સંખ્યામાં વધારો થશે. દુધરેજ ધામની મુલાકાત લેતા રાજયના મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રીની સાથે અન્ય રાજકીય આગેવાનો પણ જોડાયા હતા. ત્યારે બહોળી સંખ્યામાં માલધારી સમાજ તથા દુધરેજ ધામના સાધુગણ ઉપસ્થિત રહ્યા હતા.

### થરાદ નગરમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આથી નગરના જીવદયાપ્રેમીઓ ગાયોને ઘાસચારો નિરેછે.જેનો ફાયદો ઉઠાવવા કેટલાક માલિકો ગાયને દોહ્યા બાદ મફતનું ખવરાવવા રોડ સુધી મુકી જતા હોવાનું પણ ચર્ચાસ્પદ બન્યુ છે.વધુમાં રાષ્ટ્રીય ધોરી માર્ગ પર ગાયોના ટોળાં અને જામતી લડાઈથી ભારે જોખમ સર્જાયછે.આ ગંભીર બાબતને ધ્યાને લેવાની અગાઉ બજરંગ દળ દ્વારા થરાદ પાલિકાને જો કોઈ જ પગલાં ન ભરવામાં ન આવનાર હોયતો તેમને નિભાવ ખર્ચની રકમ અને ગૌશાળા માટે મોટી જગ્યા ફાળવી આપવામાં જેથી તેઓ તેમની વ્યવસ્થા કરી શકે તેવી માંગણી પણ કરવામાં આવી હતી.

### 'અમારા વિરોધીને ...

પાના નં .૮ ચાલુ

હમીરજી બળવંતજી અને અનુપજી હેમચંદજી એક સંપ થઈને લગ્ન પ્રસંગમાં ધોકા, લાકડી, કાતરો વિગેરે લઈને હીંચકારો હુમલો કરેલ, અને કહેવા લાગેલ કે અમારા વિરોધી સંજય બળવંત ઠાકોરને તમારા ઘરે લગ્ન પ્રસંગમાં કેમ બોલાવેલ છે ? આમ આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી લીલાબેન તેમજ તેમના પતિ મદારજી ઠાકોરને ધોકા, લાકડી વડે માર મારી હિંચકારો હુમલો કર્યો હતો. તેથી લગ્ન પ્રસંગમાં તંગદીલી છવાઈ હતી.

આ હિંચકારા હુમલો થતાં જેના લગ્ન લેવાયા હતા તે કન્યા દોડતી ભીલડી પોલીસ સ્ટેશન આવી પહોંચી હતી જ્યાં ભીલડી પી.એસ.આઈ. તેમજ પત્રકારોની ભારે સમજાવટ બાદ કન્યાને જાન સાથે વિદાય અપાઈ હતી. આમ લગ્ન મંડપમાં હુમલો થતાં આરોપીઓ પ્રત્યે રોષ ફાટી નીકળ્યો હતો, આ અંગે ભીલડી પોલીસે ઠાકોર લીલાબેન મદારજીની ફરિયાદના આધારે ઠાકોર બળવંતજી ચેલાજી ઠાકોર, કાંતીજી હમીરજી બળવંતજી અને અનુપજી હેમચંદજી ઠાકોર વિરૂધ્ધ ભીલડી પોલીસે ઈ.પી.કો કલમ.૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.

### પાલનપુરથી પસાર...

પાના નં .૮ ચાલુ

-અમદાવાદ, અમદાવાદ -ઓલ ઈન્ટરસીટી અને ઓલ -અમદાવાદ ઈન્ટરસિટી ટ્રેન રદ કરાઈ છે જયારે જોધપુર-અમદાવાદ ટ્રેન આબુરોડ સુધી જ દોડશે જયારે ૧૮મી મેના રોજ પણ અમદાવાદ - મહેસાણા, મહેસાણા-આબુ રોડ, મહેસાણા-અમદા વાદ, આબુરોડ-મહેસાણા, અમદાવાદ - ઓલ ઈન્ટરસીટી અને ઓલ-અમદાવાદ ઈન્ટરસીટી ટ્રેનનું સંચાલન રદ રહેશે જયારે જોધપુર-અમદાવાદ ટ્રેન આબુરોડ સુધી દોડશે અને અમદાવાદ-જયપુર ટ્રેન પણ આબુરોડથી જ ઉપડશે.અંતિમ દિવસે ૧૯મી મેના રોજ આબુરોડ-મહેસાણા,મહેસાણા-અમદાવાદ ટ્રેનનું સંચાલન રદ રહેશે જયારે ૩ ગુડ્સ ટ્રેનો પણ મહેસાણા રેલવે સ્ટેશન પર મોડી પહોચશે.રેલવે ટ્રેકની કામગીરીના પગલે ટ્રેનોની અવરજવરમાં થયેલા આ ફેરફારની ખાસ નોંધ લેવા મુસાફર જનતાને રેલવે વિભાગ દ્વારા ખાસ અનુરોધ કરાયો છે.

### બનાસકાંઠામાં જળસંચયના...

પાના નં .૮ ચાલુ

ડિસીલ્ટીંગ, આડબંધ સુધારણા, ખેત તલાવડી, માટી પાળા અને બંધપાળાનાં કામ, નદીને પુનઃજીવીત કરવાની કામગીરી, વન તલાવડી રિપેરીંગ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, કેનાલ ક્લિનીંગ, જુથ યોજનાના એરવાલ્વ રિપેરીંગ કરવા જેવા કામો હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લાના નગરપાલિકા વિસ્તારોમાં પણ તા.૯ મે સુધી કુલ-૧૯ કામો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ ૧૧ કામો પાલનપુર નગરપાલિકા દ્વારા શરૂ કરાયાં છે.

બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાઓના ૨૮૯ ગામોમાં જળસંચયના ૪૨૫ કામો ચાલી રહ્યા છે. જેની તાલુકા દીઠ વિગત આ પ્રમાણે છે. પાલનપુર-૫૨, ડીસા-૩૨, થરાદ-૩૩, ભાભર-૧૪, ધાનેરા-૨૪, કાંકરેજ-૧૮, લાખણી-૨૪, વડગામ-૨૮, વાવ-૨૨, સૂઈગામ-૨૦, અમીરગઢ-૪૯, દાંતા-૭૮, દાંતીવાડા-૧૫ અને દિયોદર તાલુકામાં ૧૬ કામો ચાલી રહ્યા છે. ૯૨ કામો પૂર્ણ થયા છે.

### કુંડીમાં ગ્રાભસભા ..

પાના નં .૮ ચાલુ

આદીવાસી સરપંચ ભોળા અને અભણ છે, તેનો અમુક ઈસમો ગેરલાભ ઉઠાવી રહ્યા છે તથા સરપંચના અંગુઠાનો તથા સીક્કાનો દુર ઉપયોગ કરી રહ્યા છે, તેથી ગ્રામજનોને ગામની ગ્રાન્ટોનો વેડફાટ થવાની દહેશત છે. આ બાબતે ગ્રામજનો ખૂબજ દુઃખી છે. તો તંત્રને ગ્રામજનોની વિનંતી કે, આ ખાનગીમાં ભરાયેલ ગ્રામસભા રદ કરીને, ફરીથી ગ્રામજનો તથા સભ્યોને જાણ કરીને જાહેરમાં ગ્રામસભા ભરવામાં આવે તો ગ્રામજનો પોતાનાં વ્યક્તિગત કામો તથા સભ્યો પોતાના વોર્ડમાં કામોની રજુઆત ગ્રામસભામાં કરી શકે.

### ડીસા અને ઝેરડામાં..

પાના નં .૮ ચાલુ

ભાવે રાયડાની ખરીદી થઈ રહી છે જેમાં ખેડુતોએ આધાર કાર્ડ નકલ સાથે ૭/૧૨ ના ઉતારામાં રાયડા વાવેતરનું ૭ પાણી પત્રક, બેન્ક ખાતાની પાસ બુક બેન્કનો કેન્સલચેક સાથે વાવેતરનો તલાટીનો દાખલો આપવાનો રહેશે તેમ ડીસા તાલુકા સંઘ દ્વારા જાણવા મળ્યું છે દર વર્ષે રાયડાના ઘટતા ભાવોના પગલે ખેડુતોને વ્યાપક નુકશાન થતુ હતુ ત્યારે ચાલુ વર્ષે પણ રાયડાના ભાવો ઓછા હોવાથી ખેડુતો દ્વારા સરકાર સમક્ષ રજુઆતો કરતા રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવો જાહેર કરવામાં આવ્યા હતા જેથી દરેક સેન્ટરો પર રાયડાને ટેકાના ભાવે ખરીદી કરવાનું શરૂ કરવામાં આવી રહ્યું છે જેથી ખેડુત વર્ગમાં પણ ખુશાલી વ્યાપી છે

બનાસકાંઠા જિલ્લામાં રાયડાનું સૌથી વધુ વાવેતર થતુ હોય છે જેથી મોટાભાગના ખેડુતોના આધાર રોકડીયા પાક રાયડાની ખેતી પર હોય છે દર વર્ષે જિલ્લામાં રાયડાના પાકનું ઉત્પાદન પણ ખુબ સારૂ થતુ હોય છે પણ ભાવ ઓછા હોવાથી ખેડુતોમાં રાયડાના પાકમાં નુકશાની ભોગવી પડતી હતી પણ રાજ્ય સરકાર ખેડુતો ને ફરી એકવાર વ્હારે આવતા રાયડાના ટેકાના ભાવ જાહેર કરી ખરીદી શરૂ કરી છે.

## સુરેન્દ્રનગરમાં પારો વધીને ૪૪ ડિગ્રી થયોઃ તીવ્ર ગરમી

અમદાવાદ

અમદાવાદ શહેરમાં આજે પારો ૪૨.૯ રહ્યો હતો. તીવ્ર ગરમીનો અનુભવ આજે પણ લોકોએ કર્યો હતો. દક્ષિણ પૂર્વ રાજસ્થાન અને ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશ ઉપર સર્જાયેલા અપરએર સાયક્લોનિક સરક્યુલેશનના કારણે આજે આ સ્થિતિ જોવા મળી હતી. આગામી બે દિવસ દરમિયાન ૪૧થી ૪૩ ડિગ્રી સુધી પારો રહી શકે છે. આજે સૌથી વધુ ગરમીનો અનુભવ સુરેન્દ્રનગરમાં થયો હતો જ્યાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીની આસપાસ રહ્યું હતું. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. તંત્ર તરફથી પણ બિનજરૂરી રીતે લોકોને બહાર ન નિકળવા માટે સૂચના આપી દેવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી હિટવેવ એક્શન પ્લાનના સંદર્ભમાં કેટલીક સૂચનાઓ પણ જારી કરવામાં આવી ચુકી છે. અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન આવતીકાલે ૪૨ ડિગ્રી રહી શકે છે. તીવ્ર ગરમી વચ્ચે સાવચેતી રાખવા જરૂરિયાત દેખાઈ રહી છે. બીજી બાજુ અમદાવાદમાં અને સાથે સાથે રાજ્યના અન્ય ભાગોમાં આગામી બે દિવસ દરમિયાન પારો ૪૧ થી ૪૩ વચ્ચે રહી શકે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઝડપી પગલા લેવામાં આવી રહ્યા છે. પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો મે મહિનામાં ૧૨ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૪૮૨ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના ૧૨ જ દિવસમાં ૧૦૯ અને ટાઈફોઈડના ૧૨૧ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના ૧૨ દિવસના ગાળામાં ૧૭૫ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં મે મહિનામાં ૧૧૦૦ કેસ સાદા મેલેરિયાના નોંધાયા હતા. આ મહિનામાં ઝેરી મેલેરિયાના ૦૪ કેસો સપાટી ઉપર આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ગુજરાતમાં કેટલાક ભાગોમાં હવામાનમાં પલટો આવ્યો હતો અને અનેક જગ્યાઓએ વરસાદ થયો હતો. કમોસમી વરસાદના કારણે લોકોમાં પણ ભારે ચર્ચા જોવા મળી હતી અને ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. આજે રાજ્યના વિવિધ ભાગોમાં કમોસમી વરસાદ થતાં તાપમાનમાં ઘટાડો થયો હતો. સાબરકાંઠાના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા.

## રાષ્ટ્રવાદ અને વિકાસની જીત થઇ છે : ભાવસાર

અમદાવાદ

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ ભાજપ દ્વારા દેશભરમાં ઉજવણી કરવામાં આવી હતી. પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને કાર્યકરોની ઉપસ્થિતિમાં કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને મળેલી જીતની ઉજવણી કરવામાં આવી હતી. ભાજપના પ્રદેશ પ્રવક્તા જગદીશ ભાવસારે મતગણતરી શરૂ થયા બાદ ભાજપની તરફેણમાં માહોલ બનવાની શરૂઆત થયા બાદ પ્રાથમિક પ્રતિક્રિયામાં કહ્યું હતું કે, દેશના દક્ષિણના પ્રવેશ દ્વાર ગણાતા કર્ણાટકમાં પણ ભાજપનો શાનદાર દેખાવ રહ્યો છે. કર્ણાટકમાં વિકાસ અને રાષ્ટ્રવાદનો શાનદાર વિજય થયો છે. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટી પ્રમુખ અમિત શાહ તરફથી તૈયાર કરવામાં આવેલી રચનાત્મક અને લોકલક્ષી યોજનાઓ તથા રણનીતિના પરિણામ સ્વરુપે પાર્ટીને આ જીત મળી છે.

### આગ ભીતર ભીતરની...

અનુસંધાન ૫ નું ચાલુ

સીધી જ આંગળી અમારી સામે આવતી. અમારી સચ્ચાઈની પરખ વગર જ વહેયારે માર રૂપી નફો મળતો અમારા ચાર પૈકીનો જૈતિયો વાસ્તવમાં એનું નામ જયંતી હતું અમે જૈંતિયો કહેતા એ અમને કહેતો "આ શાળાના એક એક માસ્તરના ટાંટીયા તોડી નાખીશ..." અમે એની સામે જોતા. એના ચહેરા ઉપર ઉભી થયેલી આક્રોશની આંધી અમે બરોબર રીતે પામી જતા પણ..આભમાં ઉભી થયેલી આંધી-કુદરતી રીતે જ વિખેરાઈ જાય છે એમ જૈંતિયામાં ઉભી થયેલી આંધી વિખેરાઈ જતી.

અમારી શાળાના એક એક સાહેબ અમને બરાબરના ધોતા.ધૂણયું તળાવના પથ્થર પર કોઈ ધોબી મેલાં કપડાનો મેલ કાઢવા પછાડતો હોય એમજ..અમને ધોબી ..જેને અમે ધોબો કહેતા હતા અને અમારા સાહેબોમાં કશો ફેર લાગતો નહી.ધોબી જેમ એની દાઝ કપડા પર કાઢતો. સાહેબો અમારી પર..પણ અમે રીઢા ગુનેગાર બની ગયા હતા. માર મારવો સાહેબને મન આનંદ હતો. અમારી મજબુરી અમારાથી ના શરારત છુટતી ના અમે માર ખાવામાંથી બચતા..અઠવાડિયામાં ગમે ત્યારે અમારામાંથી ગમે તેનો નંબર આવી જતો.

અમે ચારે જણા રેઢીયાળ કહેવાતા. માર ખાવાના માસ્ટર પીશ હતા. શરારતમાં અમારું નામ અવ્વલ હતું. શાળા છુટે એટલે ઝાંપો પહેલા પાર કરી દેવામાં શિવાજી હતા. રઘલો જયારે પ્રાર્થના ગાતો હોય ત્યારે એક આંખ ખોલીને પડખેના છોકરાની દશા જોવી જાણે અનિવાર્ય હતી.ગુનો કરીને પકડાતા...ક્યાંક આચાર્ય સાહેબ પાસે જતા તો... હા સાહેબ...હા..સાહેબ કહીને માથુ નમાવાના તો અમે બેતાજ બાદશાહ હતા. અમારા આચાર્ય સાહેબ કહેતા આમને કંઈ કહેવાનો, શિખામણ આપવાનો કશો અર્થ નથી. પથ્થર પર પાણી ત્યાર બાદ આચાર્ય સાહેબના ઓરડામાંથી જેવા બહાર આવતા કે પટાવાળો શંકરીયો અમારી સામે કતરાતા કતરાતા કહેતો 'મારું ચાલે તો મારી મારીને ગધેડો બનાવીને ઓરડામાં પુરી દઉ...'

શંકરિયો અમારો વેરી હતો.પહેલા વેરી અમારા સાહેબો, બીજો વેરી શંકરિયો..એ ઘણીવાર અમારી ચડ્ડીના ખિસ્સા પર રેડ પાડતો એમાંથી કોઠા પકડાતા, કાતરા પકડાતા, લખોટીઓ તો ઓલ ટાઈમ ખીસ્સામાં રહેતી.વળી લખોટીઓ અમને પ્રાણપ્રિય હતી.શંકરિયો ક્યાંક અમારી લખોટીઓ પણ ચંપત કરી જતો. કોઈ વાઘ પોતાના ઢોરને ઉપાડીને લઈ જતો હોય...ભરવાડ જોઈ રહેતો હોય એવી અમારી દશા થતી ઉપરથી શંકરિયો એના ડોળા કાઢતો અમે ચાલ્યા જતા.

અમને યાદ છે ઢોરોનું દવાખાનું ધૂણયું તળાવ પાસે આવેલું.ઢોરોના દવાખાનામાં દિવસે નામ માત્રના ઢોર આવતા એમાં એક ડોક્ટર..એક કંપાઉન્ડર અને ચોકીદાર રહેતા હતા.કંપાઉન્ડમાં ત્યાં આંબલીના ખુબ ઝાડ હતા.એના પર કાતરા લટકતા જોતા. ખાવાનું મન તો રોજ થતું અને પ્રયાસ કરતા આંબલીના ઝાડ અને રસ્તા વચ્ચે સહેજ ઉંચી પાળ હતી.ક્યાંક પાળે ચડીને તો ક્યાંક રસ્તા પરથી આંબલી ઝાડ પર પથ્થર ફેંકતા કાતરા નીચે પડી પડતા પણ એ કાતરા કંપાઉન્ડમાં પડ્યા હોય અને અમે આ તરફ.. જો કે કશોય ડર રાખ્યા વગર પાળી ચડીને અંદર પડી કાતરા લઈ આવતા પણ ...

પણ એક દિવસ ભારે થઈ પથ્થરો ફેંક્યા, કાતરા પડ્યા એ લેવા જવા અંદર પડ્યા કે ન જાણે વીજળીનો મોટો ગોળો ભમ કરતો ફુટ્યો કે અમે ભટક્યા ભાગવા ગયા એ પહેલા જ ચોકીદાર આવી ગયો.અમને પકડી લીધા.પછી ચોકીદાર કહે 'સાલે..તુમરી રોજાણી આદત હો ગઈ હૈ, અબ તો મૈ પુલીસ બુલાઉંગા ઔર દંડે મરવાકર જેલ ભેજુંગા...'

પોલીસ અને સાથે જેલ શબ્દને સાંભળી અમે ફફડી ગયા હતા.શિકારીએ કોઈ પંખીને પકડ્યુ હોય અને એ ધ્રુજતું હોય એવી દશા હતી.પણ નશીબ પાંસરુ કે પટાવાળો શંકરિયો બહારના રોડ પરથી સાઈકલ પર જતો હતો. એ અમને જોઈ ગયેલો..સાઈકલ ઉભી રાખીને પુછી બેઠેલો 'ઐલા જૈંતિયા હું થયું ?'

અને એને જાણ થયેલી પહેલા તો ત્યાંજ ગુસ્સો કરતા કહેલું 'હાહરા ઓ, આંય આગળ પણ હખણા રહેતા નથી...'

પણ શંકરિયોએ અમને છોડાવ્યા હતા..એ દિવસે અમને એ શંકરિયો નહી પણ શંકરભાઈ લાગ્યો હતો.

એમ ચાર જણામાં એક જૈંતિયો હતો, બીજો જય કિચન, ત્રીજો હું અને ચોથો દિનેશ હતો. જય કિશન જે જેકલો..દિનેશને દિનીયો એ પછી હું બારોટ એટલે મને બારી કહેતા પણ એનો કોઈ રંજ ન હતો.

અમારી ટોળકી જે કહો તે... રખડવામાં શરારત કરવામાં અવ્વલ હતી. જાણે અમને કોઈ સારું કામ સૂઝતું નહી.

સમયને પાંખે જિંદગીમાં આગળ વધતા હતા. પણ શરારતમાં સહેજે ફેર પડ્યો ન હતો. ઘરવાળાનું આસપડોશીનું, શાળાના સાહેબોનું કહેવું માનવું નહી એ જાણે અમારો જન્મસિધ્ધ હક બની ગયો હતો.

એક દિવસ હા, રામદેવપીરજીનો મેળો હતો. ચારે જણા મેળે જવા નીકળ્યા. જૈંતિયો કહે મારા કપડામાંથી યાર ખુબ વાસ મારે છે. હું હમણા તળાવમાં ડૂબકી મારીને આવું છું...અમે એને કોઈ કહીએ એ પહેલા જ જૈંતિયો એક ભેખડ પર ચઢ્યો અને તળાવના તળાવના પાણીમાં મગર છુપાઈને બેઠો હતો. જેવો જૈંતિયો પડ્યો કે એણે પગ પકડીને ખેંચ્યો, જૈંતિયાથી રાડ નીકળી ગઈ. ઓ બાપા રે..અમે એનો વવલાટ જોઈ રહ્યા. ગામમાં ગયા અને ખબર આપી પણ બધું પુરું થઈ ગયું હતું. એક મિત્ર ગયો.

બીજા મહિને જયકિશન સાઈકલ ચલાવતો હતો.. એય પાછો છુટા હાથે..એનું બેલેન્સ ગયુ રસ્તા પર પટકાયો, પથ્થર બરાબર માથામાં વાગ્યો, પેસી પણ ગયો એને દવાખાને લઈ ગયા પણ ડોક્ટરોએ હાથ અધ્ધર કરી દીધા. ચાર મિત્રોમાંથી એની બાદબાકી થઈ ગઈ.

બે રહ્યા.

એક દિવસ દિનેશે આવીને કહ્યુ, 'મારા મામા મને શાળાએથી ઉઠાડી મુકીને બીજે ગામ મોકલવા વાત કરી. દિનેશ કશુંય કરી ન શક્યો. હું એને રેલ્વે સ્ટેશને મુકવા ગયો. ગાડી ઉપડે ત્યાં સુધી અમે બે ખામોશ રહ્યા. છેક આગળ જ્યાં એંન્જિન ઉભું હતું. ત્યાની લાલ લાઈટ લીલી થઈ. ખખડી ગયેલા એન્જિનની વિચિત્ર વ્હીસલ સંભળાઈ. દિનેશ ડબ્બામાં ગયો ધીમો એક ધક્કો આવ્યો.

ગાડી ઉપડી.

'લે..નયન..હવે..'

આમતો એ મને કાયમ બારી કહેતો, પણ એ દિવસે મારા નામથી બોલાવ્યો. એ રડી પડ્યો.

હું રડી પડ્યો.

ગાડી ગતિમાં આવી ગઈ હતી.

જોત જોતામાં છેલ્લો ડબ્બો આવી ગયો.

ગાડી છુટી ગઈ.પ્લેટફોર્મ પરની ચહલપહલ ઓછી થઈ ગઈ હું એકલો રહ્યો.જિંદગી હતી, અમે ચાર હતા. પણ..પણ.. વરસાદ છે, વાદળ છે, પવન છે, વિજળીનાં તોફાન છે, ધુણયું તળાવ છે, આંબલીના લીલા કાતરા છે, આંખોમાં એ યાદો છે.

પરંતુ એ બાળપણ નથી. મારા પુત્રો ઘણીવાર કહે છે 'પપ્પા તમારી વાત કહોને..'

મારી પત્ની રેણું કહે છે 'કહોને...'

પણ...

રેણુ વિષ્ણુકુમાર બારોટ
અમદાવાદ

### શબ્દ સમીપે...

અનુસંધાન ૫ નું ચાલુ

કાયદો ન કરી શકે તે પ્રેમથી થઈ શકે. લેખકે પ્રેમથી વ્યસન મુક્તિના ફાયદાઓ સમજાવી અનેક શિક્ષકો વિદ્યાર્થીઓને સંકલ્પ લેવડાવી વ્યસન મુક્તિ કરવાનો પ્રયત્ન કર્યો છે. તે ધન્યવાદને પાત્ર છે. તે સાથે સાથે વ્યસન ખરેખર શું છે ? તેનાથી કઈ રીતે નુકશાન થાય છે. તે કેટલું જોખમી છે. એ બધું આ પુસ્તકમાં નાના નાના લેખો રૂપે રજૂ કરવામાં આવ્યું છે. અહીં લેખકે તમારૂ અને તુલસીના છોડ વચ્ચે તફાવત સમજાવ્યો છે તો ધર્મમાં તમાકુ અંગે શું કહેવામાં આવ્યું છે તે પણ સમજાવ્યું છે. જેમ કે -ગીતામાં તમાકુને તમોગણી ગણાવી છે. તે સાથે સંતશ્રી ગુરૂ ગોવિંદસિંહ, ઋષિ વશિષ્ઠ અને કુરાન શરીફના દાખલા આપ્યા છે. તેમજ તમાકુથી થતા ૧૩ જેટલા રોગોથી વાત લેખકે કરી છે. પુસ્તકમાં હુક્કબારમાં બરબાદ થનાર વિદ્યાર્થીઓની વાત કરી છે તો સાથે સાથે ભારતમાં ધુમ્રપાનમાં સ્ત્રીની ટકાવારી દર્શાવી ધૂમ્રપાન મહિલાઓ માટે કેટલું જોખમી છે તે પણ જણાવ્યું છે.વળી વ્યસનોના બદલામાં સ્વરૂપ વિશે પણ લેખક સજાગ છે.ઈન્ટરનેટનું વ્યસન અને હાઈ સોસાયટીના આ વ્યસનો જેને ફેશન ગણવામાં આવે છે. તેનો ઉલ્લેખ કરીને માણસ વ્યસની શા માટે તેનું બને છે ચિંતન પણ રજૂ કર્યું છે. તે સાથે ગુજરાતમાં ૬૦% પુરૂષો અને ૮.૪ ટકા મહિલાઓ તબમાકુનું સેવન કરે છે. તેમજ દર વર્ષે ૧૦ લાખ લોકો તમાકુને કારણે મૃત્યુ પામે છે. બધા આંકડાઓ પણ પુસ્તકમાં આપવામાં આવ્યા છે. તે સાથે નશાયુક્ત અન્ય પદાર્થો કયા છે કેફી દ્રવ્યના વ્યસનનમાં લક્ષણો, તેનાથી વ્યક્તિને શું શું થાય છે ? વ્યસનો અટકાવવામાં મા-બાપ, શિક્ષકોની ભૂમિકા, લગ્ન પ્રસંગે કે બેસણામાં સિગારેટ બિડીની ટ્રે હટાવી વ્યસન મુક્ત કરવા અને જાહેરમાં તમાકું સેવન સામે પ્રતિબંધ, અવાર-નવાર થતા લઠ્ઠાકાંડમાંથી બોધપાઠ લેવાની વાત લેખકે આ પુસ્તકમાં કરી છે પુસ્તકમાં લેખોની સાથે તેને અનુરૂપ ચિત્રો પણ મુકવામાં આવ્યા છે.

'ચાલો વ્યસનમુક્ત શાળા-કોલેજનું નિર્માણ કરીએ' પુસ્તકના લેખક-ગુલાબચંદ નરસિંહભાઈ પટેલ ગાંધીનગરમાં વસે છે. તેઓ એમ માને છે કે શિક્ષક ધારે તો સૌનો સહયોગ લઈ ગમે તેવી સમસ્યાઓ હલ કરી શકે છે. શિક્ષણની સાથે વિદ્યાર્થીઓના આરોગ્યનો ખ્યાલ પણ શિક્ષણનો ધર્મ છે. કેમ કે તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મનનો વિકાસ થઈ શકે છે અને જો તંદુરસ્ત મન હશે તો વિદ્યાર્થીમાં વિદ્યા દેવીની કૃપા થશે.

સરકારી સેવા સાથે સાહિત્ય સર્જનએ લેખકનો શોખ રહ્યો છે. તેમનો કાવ્યસંગ્રહ હરિકૃપા' ગુજરાતી અને હિન્દી ભાષામાં પ્રગટ થયેલો છે. તે ઉપરાંત 'મોતકા મુકાબલા' બાળવાર્તા, જો ડૉ.બાબાસાહેબ આંબેડકર ન હોત તો ? સ્વર્ણિમ સંકલ્પ-વ્યસન મુક્તિ અને ગોલ્ડન ઓથ (અંગ્રેજી) પુસ્તક પ્રગટ કર્યા છે.

વ્યસન મુક્તિ માટેના પ્રયાસને વેગ આપવામાં ઉપયોગી એવું આ પુસ્તક પ્રગટ કરવા બદલ લેખક ધન્યવાદને પાત્ર છે.

ચાલો,વ્યસનમુક્ત શાળા-કોલેજનું નિર્માણ કરીએ.

**નટવર હેડાઉ**

### નારી ચેતના...

અનુસંધાન ૫ નું ચાલુ

અને આકર્ષક પણ લાગતા હોય છે. તેથી તમે તે પણ પહેરી શકો છો. જ્વેલરી :- સારા લૂક માટે જ્વેલરી સારી અને યોગ્ય હોય તે ખૂબ જરૂરી છે. સારી જ્વેલરી હોય તો ડલ ડ્રેસને પણ સારો લૂક આપી શકાય છે. એટલે કે સારી જ્વેલરી હોય તો ડલ ડ્રેસ પણ સુંદર લાગતો હોય છે. જ્યારે પણ જ્વેલરી પહેરવાની હોય તો તમારા ડ્રેસનું ધ્યાન ખાસ રાખો. જો તમે તમારા ડ્રેસનુ ધ્યાન રાખીને જ્વેલરી પહેરશો તો વધુ સુંદર અને આકર્ષક લાગશો. શક્ય હોય ત્યાં સુધી જ્વેલરી સ્ટાઈલીશ અને બીજા કરતા અલગ હોય તે જરૂરી છે. જો જ્વેલરી અલગ અને સુંદર હશે તો પાર્ટીમાં સૌ કોઈની નજર તમારા પર જ રહેશે. તમારે તે પણ ધ્યામાં રાખવાનુ છે કે જ્વેલરીના લેટેસ્ટ ટ્રેન્ડ કયાં કયાં છે. ઘણી વખત આ ટ્રેન્ડ ઓળખવામાં થાપ ખાઇ જવાય છે અને બાદમાં આપણે આઉટ ડેટેડ લાગીએ છીએ તેથી શક્ય હોય ત્યાં સુધી જ્વેલરીના લેટેસ્ટ ટ્રેન્ડ કયાં કયાં છે તે પણ જાણી લેવા જોઇએ. નેક પીસ :- જો તમે કાનામાં સુંદર ઇયર રીંગ્સ પહેરવાના હો તો ગળામાં કાંઇ પહેરશો નહીં અને જો તમે ગળાંમાં કાંઇ સુંદર નેકલેસ પહેરવાના હો તો કાનમાં કાંઇ પહેરશો નહીં. આમ કરવાથી તમે તમારા સુંદર નેકલેસ કે ઇયર રીંગ્સ તરફ સૌનું ધ્યાન ખેંચી શકશો. જો તમે વેસ્ટ્રર્ન ડ્રેસ પહેરવાના હો તો તેની સાથે લોંગ સિંગલ પર્લ નેકલેસ પહેરી શકાય છે. જો તમે તમારા નેકલેસને સ્ટાઇલ સ્ટેટમેન્ટ બનાવવા ઇચ્છો છો તો તે એક બે કે વધુમાં વધુ ત્રણ હારમાં હોવો જોઇએ.તેનાથી વધુનો સારો નહીં લાગે. આ સિવાય ટ્રાન્સપરન્ટ થ્રેડમાં મળતા મોટા સ્ટોન વાળા નેકપીસ પણ અત્યારે ખૂબ ફેશનમાં ચાલી રહ્યાં છે. ઇયર રીંગ્સ :- ઇયરરીંગ્સથી તમારા લૂકમાં તરત જ ચેન્જ આવી જતો હોય છે. અત્યારે તો બજારમાં જાતજાતની ઇયર રીંગ મળતી હોય છે. વળી આ ઇયર રીંગ્સ ખૂબ મોંઘી પણ આવતી નથી. તમે તમારા ડ્રેસની સ્ટાઇલ અને કલર મુજબ ઇયર રીંગ પસંદ કરી શકો છો. બસ માત્ર એટલું ધ્યાન રાખો કે તે તમારા મધ્ય ગળાના ભાગ સુધી આવે. તમે ઇચ્છો તો મેટલ અથવા તો ઓક્સીડાઇઝની મોટી ઇયર રીંગ પહેરી શકો છો. જો તમે સાડી પહેરવાના છો અથવા તો અન્ય કોઇ ભારતીય પોશાક પહેરવાના હો તો તેની સાથે ટ્રેનિસનલ અને એથલિક લૂકમાં કુંદન, પોલકી, રંગીન ક્રીસ્ટલ, મોતી અને બીડ વાળા ઇયરરીંગ્સ સારા લાગશે. એન્ટીક જ્વેલરીનો વિકલ્પ પણ તમને બીજા કરતા સરસ લૂક આપી શકશે. જો તમે વેસ્ટ્રર્ન કપડાં પહેરવાના હો તો તમારે જંક ઇયરરીંગ્સ પહેરવી જોઇએ. તે વેસ્ટ્રર્ન કપડાં પર ખૂબ સરસ લાગે છે. આ કારણે તમારો ચહેરો વધું સુંદર દેખાશે અને સૌના આકર્ષણનું કેન્દ્ર પણ તમે બની શકશો. વીટીઃ- સામાન્ય રીતે મહિલાઓ એકાદ બે વીટી તો પહેરતી જ હોય છે. પરંતુ પાર્ટીમાં તમારો અંદાજ કાંઇક અલગ જ હોવો જોઇએ. માર્કેટમાં તમને સુંદર વીટીઓની ઘણી વેરાયટી મળી રહેશે. આજકાલ તો રંગબેરીગી પથ્થરથી જડેલ વીટીઓ ખૂબ ચલણમાં છે. વળી આવી વીટીઓ સિમ્પલ અને હેવી લૂકમાં પણ ઉપલબ્ધ છે તેથી તમે તમને ગમતા શેડમાં ખરીદી શકો છો. આ વીટીઓને તમે તમારા ડ્રેસ મુજબ પણ પહેરી શકો છો. બેંગલ્સ :- શક્ય હોય ત્યાં સુધી બંન્ને હાથ કરતાં એક જ હાથમાં બેગલ્સ એટલે કે બંગડી પહેરો. જો ભારતીય પોશાક પહેરી રહ્યાં છો તો ડ્રેસ કે સાડીના કલર મુજબ બંગડીઓ પહેરી શકો છો. જો તમે વેસ્ટર્ન ડ્રેસ પહેરવાના હો તો હાથમાં બ્રેસલેટ પણ પહેરી શકો છો. આ સિવાય બજારમાં સ્ટાઇલીસ વુડન આર્ટવાળા બેંગલ્સ પણ મળતા હો છે તેને પણ ટ્રાઇ કરી શકો છો. એન્કલેટ્સ :- એન્કલેટ્સ એટલે કે પગની પાયલનો યુવતીઓમાં અનોખો ક્રેઝ છે. જો તમે ભારતીય પોશાક પહેરવાના હો તો ચોક્કસ પાયલ પહેરો. અત્યારે તો બજારમાં ઘણા કલરમાં પાયલ મળે છે. જો તમે સાડી કે અન્ય કોઇ ભારતીય પોશાક પહેરવાના હો તો તમે ચોક્કસ પાયલ પહેરો. આ સિવાય તમે સ્ટાઈલીસ્ટ સ્કર્ટ કે ચૂડીદાર પર પણ પહેરી શકો છો.

### બાળ ઉછેર...

અનુસંધાન ૫ નું ચાલુ

જન્માવવાને બદલે તેને બીજી પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખવું વધુ હિતાવહ છે. ત્રણ વર્ષથી વધુ વયના બાળકોને તો સમજાવીને પણ કહી શકાય છે. કેટલાક બાળકોમાં તો માત્ર ઊંઘમાં જ અંગૂઠો ચૂસવાની આદત હોય છે. આવા બાળકોને ઊંઘમાં ખલેલ પહોંચાડયા વિના અંગૂઠો કાઢી લેવો જોઈએ. દાંતના ડૉક્ટર પાસે ઉપરના દાંતમાં સ્પ્રિંગ બેસાડવાથી પણ આ આદત છૂટી શકે છે. જેટલી વખત મોઢામાં અંગૂઠો જાય એટલી વખત સ્પ્રિંગનું હુક ભોંકાવવાથી આ આદત છૂટી જાય છે. બાળકના અંગૂઠા પર કડવી દવા લગાડવી કે હાથ બાંધી દેવા જેવી શિક્ષા કરવી હિતાવહ નથી.

### નારી...

અનુસંધાન ૫ નું ચાલુ

લક્ષ્ય, ઈચ્છાઓ હોય છે.

એટલા માટે તેઓ બધાના વિશે એક જેવી જ વિચારધારા નથી રાખતા કે સમાન અપેક્ષા પણ નથી રાખતા.બે સાચું છે કે અરસપરસના સંબંધો દ્વારા જે દરેક વ્યક્તિના ગુણ બહાર આવે છે. મનની પરેશાનીઓ દૂર થાય છે અને જીવંતતા પાછી આવે છે. ઉત્સાહ વધારવાથી સ્વસ્થ સંબંધોની બુનિયાદ તો ઊંચી થાય છે. સાથોસાથ તમે સફળતાની નવી ઊંચાઈ પણ સર કરો છો.દુનિયાની દરેક વ્યક્તિ સારા અને તંદુરસ્ત સંબંધોની ઈચ્છા રાખે છે. સારા સંબંધ આપને સારા નાગરિક બનાવવામાં મદદગાર નીવડે છે. સમજદાર વ્યક્તિ આ સત્ય સામે ક્યારેય મોં ફેરવતો નથી.

### રૂપના રખોપા...

અનુસંધાન ૫ નું ચાલુ

ભીની ઠંડકનો બાથરૂમમાં પણ અનુભવ કરી શકાશે.

હવે થોડાં સામાન્ય એટલે કે 'કોમન' સ્નાનની વાત કરીએઃ ★ સાંજે થાક્યાપાક્યા ને ઓફિસેથી ઘરે પહોંચ્યો ત્યારે પરેશાન થશો નહી. બસ, એક શાવર બાથ લઈ લો. શાવર ન હોય તો પાણીમાં યૂ.ડી.કોલોન નાખીને સ્નાન કરો. તે જુદી જુદી અનેક સુગંધમાં મળે છે. સ્નાન કરતી વખતે 'એકઝોસ્ટ ફેન' ચાલુ કરવાનું ભૂલશો નહી. તેનાથી ઉકળાટ નીકળી જશે. એક વાત જરૂર ધ્યાનમાં રાખવી જોઈએ કે સ્નાન કરતાં પહેલાં બાથરૂમ સારી રીતે સાફ કરો. અડધો થાક તો સ્વચ્છ સ્નાનઘર જોઈને જ દૂર થઈ જશે. ★ સ્નાન પહેલાં રૂમ ફ્રેશનર સ્પ્રે કરી સ્નાન કરવાથી તાજગીનો અનુભવ થશે. સુગંધનો મગજ પર અનુકૂળ પ્રભાવ પડે છે. ★ સ્નાન હંમેશાં તાજા પાણીથી જ કરવું જોઈએ. તેનાથી વધુ તાજગીનો અનુભવ થશે. મોટે ભાગે પાણીની અછતને લીધે સવારે રાખેલાં પાણીથી લોકો રાત્રે અથવા દિવસે સ્નાન કરતાં હોય છે. જે પાણી સંગ્રહ કરવાને લીધે ઘણું ઠંડું થઈ જતું હોય છે. તેમાં કશું ખોટું નથી. બસ, સંતોષ મળતો નથી. એવું લાગે છે કે જાણે હજુ 'શાંતિ' મળી નથી. ★ ગરમીમાં ક્યારેક પાણી ખૂબ જ ગરમ આવે છે. એવા સંજોગોમાં બરફના પંદર-વીસ નાના ટુકડા પાણીમાં નાખીને સ્નાન કરવાથી 'તાજગી' અનુભવશો. ★ જો પાણીમાં નાખવા માટે યૂ.ડી.કોલોન ન હોય તો એક ઢાંકણા જેટલું ડેટોલ અથવા સેવલોન પાણીમાં મેળવી દો, જેથી કીટાણુ પણ નાશ થશે. ★ સ્નાન કરતી વખતે આંખો પર ઠંડા પાણીની છાલકો મારો. આંખો તાજગીનો અનુભવ કરશે અને તેમને આરામ મળશે. ★ જો તમારે વાળ ધોવાના ન હોય તો તેની 'ટોપ નોટ' બનાવી લો, નહીંતર ખભા પર વાળ છૂટાં રહેવાથી સ્નાન કરતી વખતે તે ભીના થઈ જશે અને શરીરને ખૂંચશે પણ ખરા. વાળ બંધાયેલા હોવાથી ગળા પર હવા પણ લાગશે અને સફાઈ પણ સારી રીતે થશે. ★ સ્નાન પહેલાં મસાજ કરવાથી શરીરમાં લોહીના પરિભ્રમણની ગતિ સારી રહે છે. તે પછી સ્નાન કરવાથી શરીરનો થાક ઊતરી જાય છે અને તમે તાજગીસભર દેખાશો. ★ જો તમે સ્વિમિંગ જાણતા હો તો જે પુલ અથવા ક્લબનું સભ્યપદ લઈ રાખ્યું હોય ત્યાં સાંજના સમયે જઈને મંદ અજવાળામાં સ્નાનનો આનંદ માણો. ★ કેટલાક લોકો પાંચથી સાત મિનિટમાં જ સ્નાન કરીને જલદીથી બહાર નીકળી જતાં હોય છે. એમાંથી કેટલાક પાસે સમયનો અભાવ હોય છે જયારે કેટલાક ઉતાવળ કરવાના ચક્કરમાં સ્નાનઘરમાંથી જલદી નીકળી જાય છે. એવા સંજોગોમાં સ્નાન કરવું બસ એક ઔપચારિક્તા બનીને રહી જાય છે. સ્નાન હંમેશાં શાંતિથી કરવું જોઈએ. પાણીની ધાર બનાવીને ઘૂંટણ તેમજ વક્ષઃ સ્થળ પર રેડો. જેનાથી લોહીનું પરિભ્રમણ સારી રીતે થાય છે તેમજ સ્નાયુઓની જડતા પણ ઓછી થાય છે. આ સમયે તાજગીનો અનુભવ થાય તે સ્વાભાવિક છે. ★ હંમેશાં તાજગી માટે ગુપ્તાંગોની સફાઈ રાખવી જરૂરી છે. એટલા માટે પાણીમાં યૂ.ડી.કોલોન નાખીને ગુપ્તાંગોની સફાઈ કરો. ઉપરોક્ત ઉપાયો સંપૂર્ણ તેમજ તાજગીપૂર્ણ સ્નાન મેળવવા માટે ખૂબ જ જરૂરી છે. તેનો ઉપયોગ કરીને તમે તમારા થાકને દૂર ભગાડો પછી જુઓ કે આખા શરીરમાં કેવી અનોખી તાજગીનો અનુભવ થાય છે.

## રાધનપુરના તબીબે રક્તદાન કરી જન્મદિનની ઉજવણી કરી



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં પાટણ જિલ્લા ભાજપ ડોક્ટર સેલના કન્વીનર ડૉ.વિજય સુથારે મંગળવારે પોતાના જન્મદિનની ઉજવણી રક્તદાન કરીને એક ઉમદા ઉદાહરણ પૂરું પડ્યું હતું.તેમને જણાવ્યું હતું કે રક્તદાન એ મહાદાન અને ગૌસેવા એ જ પ્રભુસેવા છે.જિંદગી કેટલી જીવ્યા એ મહત્વનું નથી પણ કેવી જીવ્યા એ મહત્વનું છે.

## રાધનપુરમાં ઠાકોર સમાજના છાત્રાલયમાં બલોચ સમાજના સમુહલગ્ન યોજાયા



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં શ્રી સદારામ સમાજ સેવા મંડળ દ્વારા સંચાલિત ઠાકોર સમાજના છાત્રાલય કેમ્પસમાં બલોચ સમાજના સમુહલગ્ન યોજાયા હતા,બલોચ સમાજના આ પ્રથમ સમૂહલગ્નમાં ૧૧ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડયા હતા.ઠાકોર સમાજના મોભી માવજીભાઈ રાઠોડે જણાવ્યું હતું કે ખોટા ખર્ચ અને કુરિવાજોથી સમાજને બચાવવા માટે ઠાકોર સમાજ દ્વારા ગુજરાતમાં પ્રથમ વખત આજથી પિસ્તાલીસ વર્ષ પહેલા સમુહલગ્નોની શરૂઆત કરવામાં આવી હતી.આજે એ બલોચ સમાજ સુધી પહોંચી છે.બલોચ સમાજને તેમણે અભિનંદન પાઠવ્યા હતા.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | <u>ભીલડી</u> | રાયડો | ૬૨૫-૭૪૪ |
| એરંડા | ૭૭૩-૭૮૦ | એરંડા | ૭૪૫-૭૮૪ |
| રાયડો | ૬૯૦-૭૧૦ | મેથી | ૪૮૦-૫૪૦ |
| રાજગરો | ૧૨૩૬-૧૨૭૭ | ગવાર | ૭૧૦-૭૨૬ |
| બાજરી | ૨૪૦-૨૫૫ | ઘઉં | ૨૮૬-૪૫૦ |
| ઘઉં | ૨૯૫-૩૦૯ | બાજરી | ૨૧૦-૨૫૭ |
| જીરૂ | ૨૭૨૪-૨૭૭૯ | જુવાર | ૭૪૭ |
| તમાકું | ૧૦૨૦ | સવા | ૭૯૫-૯૦૫ |
| | <u>ધાનેરા</u> | | <u>પાટણ</u> |
| ઘઉં | ૩૦૮-૩૬૭ | જીરૂ | ૨૨૦૦-૨૯૪૫ |
| બાજરી | ૨૫૦-૨૮૧ | વરીયાળી | ૧૦૦૦-૧૩૫૧ |
| જવ | ૩૦૦ | મેથી | ૪૦૦- ૫૯૦ |
| ગવાર | ૭૨૩-૭૩૩ | સુવા | ૭૦૦-૯૪૦ |
| સરસવ | ૭૦૦-૮૪૩ | રાયડો | ૬૫૦-૭૫૩ |
| રાયડો | ૬૫૦-૭૨૪ | એરંડા | ૭૫૫-૭૮૧ |
| એરંડા | ૭૬૬-૮૭૧ | ઈસ. | ૧૦૦૦-૧૨૬૧ |
| ઈસ | ૧૦૬૪-૧૫૭૬ | અજમો | ૯૦૦-૧૦૩૨ |
| જીરૂ | ૨૫૨૦-૩૦૧૧ | ઘઉં | ૨૯૫-૩૯૦ |
| મેથી | ૬૦૫-૭૬૬ | બાજરી | ૨૧૬-૨૬૨ |
| સુવા | ૮૪૧-૯૦૯ | કપાસ | ૭૦૦-૧૦૫૬ |
| વરીયાળી | ૧૦૪૦-૧૫૦૦ | | <u>પાલનપુર</u> |
| રાજગરો | ૧૧૧૬-૧૨૪૩ | ઘઉં | ૩૧૫-૩૮૧ |
| અજમો | ૧૦૫૫- ૧૩૯૯ | બાજરી | ૨૪૨-૨૫૬ |
| રજકો | ૨૬૯૫ | ચણા | ૬૫૨-૬૬૯ |
| અન્ય | ૭૯૫-૧૨૮૬ | એરંડા | ૭૬૮-૭૮૦ |
| | <u>ડીસા</u> | રાયડો | ૬૮૫-૭૧૧ |
| એરંડા | ૭૭૦-૭૮૩ | વરીયાળી | ૧૧૨૦-૨૧૬૫ |
| રાયડો | ૭૦૫-૭૨૯ | રાજગરો | ૯૫૧-૧૩૦૦ |
| ઘઉં | ૩૨૦-૪૨૦ | | <u>થરાદ</u> |
| બાજરી | ૨૪૦-૨૬૭ | રાયડો | ૭૧૦-૭૪૦ |
| રાજગરો | ૧૨૦૦-૧૩૦૨ | એરંડા | ૭૫૫-૭૭૫ |
| ઈસ. | ૧૦૧૬-૧૧૭૧ | જીરુ | ૨૫૦૦-૩૧૦૦ |
| તમાકુ | ૧૦૦૧-૧૪૧૧ | વરીયાળી | ૧૧૦૭-૧૨૬૫ |
| | <u>લાખણી</u> | ચિકુડી | ૯૦૦-૧૨૫૦ |
| એરંડા | ૭૬૫-૭૭૬ | ઈસબગુલ | ૧૧૦૦-૧૬૦૦ |
| વરીયાળી | ૯૦૦-૧૪૧૪ | અજમો | ૧૦૦૦-૨૪૦૦ |
| સુવા | ૭૮૦-૮૫૦ | રજકો | ૨૦૦૦-૨૫૦૦ |
| અસાળીયો | ૯૦૦ | | <u>રાહ</u> |
| ચીકુડી | ૧૧૫૦-૧૨૮૬ | રાયડો | ૭૧૦-૭૨૫ |
| ઈસ. | ૧૧૦૦-૧૩૨૬ | એરંડા | ૭૭૦-૭૮૫ |
| ગવાર | ૭૧૧ | ચિકુડી | ૧૧૫૦-૧૨૮૦ |
| | <u>થરા</u> | સોવા | ૭૮૦-૮૨૦ |
| જીરૂ | ૨૬૫૦-૩૧૩૦ | બાજરી | ૨૫૦-૨૯૦ |
| એરંડા | ૭૬૫-૭૮૫ | | <u>પિલુડા</u> |
| રાયડો | ૮૦૦ | રાયડો | ૭૧૦ - ૭૪૧ |
| વરીયાળી | ૧૧૦૦-૧૩૩૬ | એરંડા | ૭૪૫ -૭૮૪ |
| ગવાર | ૬૫૨-૭૪૦ | જીરું | ૨૮૦૦ -૩૦૦૧ |
| ઘઉં | ૩૧૫-૪૩૨ | સુવા | ૭૯૦ -૮૬૧ |
| બાજરી | ૨૪૦-૨૬૮ | ઈસબગુલ | ૧૨૫૧- ૧૪૭૧ |
| રજકો | ૨૧૦૦-૨૭૦૫ | બાજરી | ૩૦૦ - ૩૦૦ |
| ઈસ. | ૧૧૭૦-૧૨૦૦ | અજમો | ૧૫૮૦ -૧૯૯૧ |
| | <u>સિધ્ધપુર</u> | ચીકુડી | ૧૧૦૦ -૧૨૮૦ |
| વરીયાળી | ૧૧૬૫-૧૨૫૬ | વરિયાળી | ૧૦૦૦-૧૨૩૨ |
| ઈસ. | ૯૭૫-૧૦૭૦ | | |

## જમીનના ટુકડાની ચાહમાં પાડોશી વૃધ્ધાએ જીવ ગુમાવ્યો

(જી.એન.એસ) ખેરાલુ૪

ખેરાલુના સદીકપુરમાં ૩૦ ગુંઠા જમીન ખરીદવાની લ્હાયમાં ઉશ્કેરાઇ ગયેલા એક શખ્સે જમીન ખરદીનાર ૬૦ વર્ષિય પાડોશી વૃધ્ધાના માથામાં ધોકા ફટકારી તેની હત્યા કરી દેતાં ચકચાર મચી ગઇ હતી. જો કે પોલીસે હત્યા બાદ છુપાઇ ગયેલા આરોપીને ઝડપી લઈ વધુ તપાસ આદરી હોવાનું જણાવ્યું હતું. ખેરાલુ તાલુકાના સદીકપુરમાં રહેતા ઠાકોર વાસ્તુજી કાંનાજીએ આજથી નવેક વર્ષ અગાઉ નજીકમાં આવેલા લીંબડી ગામની સીમમાં પોતાના ખેતરને અડીને આવેલી ઠાકોર પબાજી ચેહરાજી પાસેથી ૩૦ ગુંઠા જમીન ખરીદી હોવાથી તેમની પાડોશમાં રહેતા અને અગાઉ આ જમીન ખરીદવાની ઈચ્છા ધરાવતા ઠાકોર રેવાજી વિરાજી અવાર નવાર આ બાબતે જમીન ખરીદનાર ઠાકોર વાસ્તુજી સાથે તરકાર કરતા હતા.

આ દરમિયાન શનિવારે સવારે વાસ્તુજી અને તેમના પરિવારજનો કુંટુમ્બી દિકરાની જાનમાં વરેઠા મુકામે ગયા હતા. ત્યારે મોડી સાંજે ઘરે તેમની માતા અમથીબેન કાંનાજી ઠાકોર ઉ.વ. ૬૦ એકલા હાજર હોઇ નજીકમાં વસતા ઠાકોર રેવાજી વિરાજીએ વૃધ્ધા સાથે ૩૦ ગુંઠા જમીન મને આપી દો તેમ કહીં બોલાચાલી કરતાં મામલો ગરમાયો હતો. જેમાં ઉશ્કેરાઇ ગયેલા રેવાજીએ ધોકા વડે હુમલો કરી વૃધ્ધાને માથાના ભાગે ઉપરા ઉપરી ઘા કરતાં ગંભીર ઈજાઓ થવાથી તેઓ બેહોશ થઇ ઘરના આંગણામાં જ ઢળી પડ્યાં હતાં.

હત્યા અંગે ગુનો નોંધી હત્યા બાદ છુપાઇ ગયેલા આરોપી ઠાકોર રેવાજી વિરાજીની ધરપકડ કરી લોકઅપને હવાલે કર્યો હતો. તો બીજી તરફ મામુલી ૩૦ ગુંઠા જમીનની લ્હાયમાં વૃધ્ધાને મોતને ઘાટ ઉતારનાર આરોપી પ્રત્યે ગ્રામજનોમાં ફીટકારની લાગણી પ્રસરી રહી છે.

## રાધનપુરમાં અકસ્માતમાં મૃત્યુ પામનાર આચાર્યના પરિવારજનોને રૂ.૨લાખનો ચેક અર્પણ કરાયો



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના રુપાસરા પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા મનુભાઈ જી.નાઈનું ગત તા.૩૧ ઓક્ટોબરના રોજ માર્ગ અકસ્માતમાં દુ:ખદ અવસાન થયું હતું.જેઓ ધી રાધનપુર તાલુકા પંચાયત કર્મચારી શરાફી સહકારી મંડળીના સદસ્ય હોવાથી મંડળીના ચેરમેન હેમાભાઇ પટેલના હસ્તે મંગળવારે મૃતક આચાર્યના પરિવારજનોને બે લાખ રૂપિયાનો સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. અને પરિવારજનોને દિલસોજી પાઠવવામાં આવી હતી.

## સરસ્વતી તાલુકાનો કિસાન કલ્યાણ કૃષિ મહોત્સવ યોજાયો



પાટણ

પાટણ નજીક મેલડી માતાના મંદિર ખાતે ઉજવાયો હતો. જેમાં એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી દ્વારા આત્માનું કેલેન્ડર અને દૂધ હરિફાઈ અને સફળ પશુપાલક તાલુકા કક્ષાએ ચેક આપ્યા હતા. આ કાર્યક્રમમાં ડૉક્ટર એચ.વી.કૈડ જણાવ્યુંકે ખેડૂતો સજીવ ખેતી કરી બમણો લાભ લઈ સારી કમાણી કરે અને સક્ષમ બને જેથી ખેડૂત ખેતરમાં છાણિયું ખાતર ભરી સજીવ ખેતી કરે અને સમયસર ખેતી કરી ઉત્પાદન મેળવે તેવી સમજણ પૂરી પાડી હતી.આ કાર્યક્રમમાં મયંકભાઈ નાયક પાટણ જિલ્લા ભાજપ પ્રભારી મોહનભાઈ પટેલ, પ્રમુખ પાટણ જિલ્લા ભાજપ, ચંદાજી ઠાકોર પૂર્વ ચેરમેન ઠાકોર વિકાસ નિગમ, મનોજ કે પટેલ હેમંત તન્ના એમ જે પટેલ જોશી, જે.કે.પટેલ સરસ્વતી વિસ્તરણ અધિકારી ખેતી ગ્રામીણ સેવકો ખેડૂતો મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં સમીના મામલતદાર કે.જી. ગઢવી, સમીના તાલુકા વિકાસ અધિકારી આર .જે. ઠાકોર, એટીએમ, આત્મા, સમીના યોગેશ પટેલ, વિસ્તરણ અધિકારી શીવાભાઈ પટેલ અને તમામ ગ્રામ સેવકોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમ હેઠળ સરકારની જળ સંચય ઝુંબેશ હેઠળ પાણીની બચત કરવાનાં સંકલ્પ લીધા હતા. અને જળ સંચયની કામગીરીની માહિતી આપી હતી.

## પાટણમાં ગાંધીબાગથી ત્રણ રસ્તા પર પાઈપ લાઈન લીકેજથી પાણીનો બગાડ

પાટણ

પાટણ શહેરમાં એક સાંધે ને તેર તુટે તેવી પરિસ્થિતિ છે. રોજરોજ પાઈપલાઈન તુટતા પાણીનો ભારે વેડફાટ થઈ રહ્યો છે.

પાટણમાં ગાંધીબાગથી ત્રણ દરવાજા સુધીના વિસ્તારમાં નાખેલી પાણીની નવી પાઈપ લાઈન તુટી પડતા ભર ઉનાળે પાણીનો બગાડ થાય છે.

શહેરના હિંગળાચાચર ચોકમાં છેલ્લા કેટલાક દિવસથી પાણીની પાઈપનો વાલ્વ લીકેજ થતાં હજારો લીટર પાણી વેડફાયુ હતું. એક તરફ કાળઝાળ ગરમીમાં જ્યાં લોકોને પીવાનું પુરતુ પાણી નથી મળતું ત્યારે આ વાલ્વ લીકેજથી આ વિસ્તારમાં પીણીની તંગી સર્જાઈ હતી. જેથી લોકોમાં ભારે રોષ ફેલાયો હતો.

ગાંધીબાગથી બગવાડા વિઠ્ઠલ ચેમ્બરના મુખ્ય રોડની બંને સાઈડ પીણીની પાઈપ લાઈન નાખી ખાડાઓમાં રોડા નાંખીને વેઠ વાળવામાં આવતા સદર રોડ પરથી ચાલી ન શકાય તેવી સ્થિતિ પેદા થઈ છે. હવે રોડ બનાવવાની કામગીરી કયા કારણસર અટકી છે તે પણ સમજાતું નથી. પાલિકાનો નિષ્ક્રિય વહીવટ કારણભૂત માની શકાય.

## કડીના અચરાસણ નજીક કેનાલમાંથી યુવક અને સગીરાની લાશ મળી

મહેસાણા

કડીના અચરાસણ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી મહેસાણા તાલુકાના આંબલીયાસણની ગામની યુવક અને સગીરાની લાશ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે

જગુદણ પાસે ટ્રેનની ટક્કરે યુવક યુવતીની લાશો મળ્યાના સમાચારની હજુ શાહી સુકાઈ નથી ત્યારે આંબલીયાસણના યુવક અને સગીરાની લાશ મળતાં ગામમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. આ બાબતે લાંધણ જ પોલીસમાં ફરિયાદ નોંધાવામાં આવી હતી. પોલીસે બંને મૃતદેહોનો કબજો મેળવી વધુ તપાસ ચલાવેલ છે જાણવા મુજબ આંબલીયાસણની એક સગીરાને ગામનો વિજયજી રમુજી ઠાકોર લગ્નની લાલચે ભગાડી ગયો હતો, સગીરા ગુમ થઈ હોવાથી તેના પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. દરમ્યાન ગત રવિવારે અચરાસણ ગામની સીમમાં નર્મદા કેનાલ પાસે બાઈક પડ્યું હોવાના સમાચાર મળતાં અને કેનાલના પાણીમાં શોધખોળ કરતાં બે મૃતદેહો મળી આવ્યા હતા જેની તપાસ કરતા યુવક વિજયજી રતુજી ઠાકોર અને સગીરા બંને રહે. આંબલીયાસણની ઓળખ થઈ હતી.

## રાધનપુર સુકી ખેતી સંશોધન કેન્દ્ર ખાતે કિસાન કલ્યાણ મહોત્સેવનો યોજાયો



પાટણ

પ્રધાનમંત્રીના સંકલ્પ એ સિધ્ધિટ કાર્યક્રમ અંતર્ગત રાજયના ખેડુતોની વર્ષ ૨૦૨૨ સુધીમાં આવક બમણી કરવા માટે જરૂરી જાગૃતિ લાવવા તથા તે અંગે કાર્યરીતી ઘડવા માટે અને આધુનિક કૃષિ તાંત્રિકતા તેમજ સરકારશ્રીની વિવિધ કલ્યા ણકારી યોજનાઓની જાણકારી મળી રહે તે અર્થે તેમજ ગ્રામ કક્ષાએ સાચું સ્વીરાજ આવે તેમજ ગ્રામીણ નાગરીકને પોતાના હકક મળી રહે તથા સ્થોનિકકક્ષાએ સ્વારોજગારી મળે તે હેતુથી કેન્દ્ર સરકારશ્રીના ગ્રામ સ્વ રાજ અભિયાન અંતર્ગત કિસાન કલ્યા ણ દિવસની ઉજવણીના ભાગરૂપે, રાધનપુર તાલુકા માટે આત્મા તેમજ ખેતીવાડીના સંયુકત ઉપક્રમે સુકી ખેતી સંશોધન કેન્દ્ર, રાધનપુર ખાતે કિસાન કલ્યોણ મહોત્સાવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એ.પી. એમ.સી. રાધનપુરના ચેરમેન અમથાભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર સતત તેર વર્ષથી કૃષિ મહોત્સળવનું આયોજન કરી રહી છે. રાજયમાં કૃષિક્ષેત્રમાં લોકભાગીદારીથી ગ્રામકક્ષાએ આધુનિક કૃષિ પધ્ધતિઓ અને આધુનિક સંશોધન, જળસંચય, ગ્રામ વિકાસના કાર્યક્રમો ખેડુતો અને ગામ સુધી પહોંચે તે માટે રાજય સરકારનો આગવો અભિગમ રહેલો છે. આમ, રાધનપુર તાલુકાના ખેડુતો પણ આવા કાર્યક્રમો થકી, વિવિધ ખેતી વિભાગની યોજનાઓનો લાભ લઇ, ખેતીને ઉત્કૃષ્ટા બનાવવા આહવાન કર્યુ હતું તથા નર્મદામૈયાના પાણીનો બુંદે બુદ ઉપયોગ થાય તેમજ આવનારી પેઢીને વારસામાં ફળદ્રુપ, ઉપજાઉ જમીન આપવા અર્થે ટપક સિંચાઇ પધ્ધતિ અપનાવવા આહવાન કર્યુ હતું. કાર્યક્રમના અંતે જળસંચય અભિયાન અંતર્ગત તમામ ઉપસ્થિવત ખેડુતોને જળસંચય શપથ લેવડાવ્યાન હતા અને કાર્યક્રમ ખૂબ સફળતા પુર્વક પુર્ણ થયો હતો.

### શંખેશ્વર તાલુકાના

## તળાવો ઉંડા કરવા તેમજ જળ સંચયના ચાલુ કામોનું નિરીક્ષણ

પાટણ

પાટણ જિલ્લામાં ગામે ગામ તળાવ ઊંડા કરવાનો પ્રારંભ રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે. સુજલામ સુફલામ જળસંચય અભિયાનદેશનું સૌથી મોટું જળસંચય અભિયાન બની રહ્યું છે. આ અભિયાન અંતર્ગત ગામોના તળાવો ઊંડા કરવાના કામને પ્રોત્સાહીત કરવા માટે મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે શંખેશ્વર તાલુકાના મુજપુર, જેસડા, શંખેશ્વર અને પંચાસર ગામ ખાતે સમસ્ત મહાજન મંડળ, અમદાવાદ તેમજ સમાજસેવી સંસ્થાઓ દ્વારા ચાલતા કામોનું નિરીક્ષણ કર્યું હતું. નરેગા હેઠળ જેસડા અને શંખેશ્વર ખાતે ચાલતા કામોની મુલાકાત લઈ શ્રમિકોના ખબર અંતર પુછયા હતા. પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકાના મુજપુર, જેસડા, શંખેશ્વર અને પંચાસર ખાતે તળાવ ઉંડા ઉતારવાની કામગીરી નિરીક્ષણ કરી ગ્રામજનોને સંબોધન કરતાં શ્રમ અને રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું કે, રાજ્ય સરકારે પ્રજાની સુખાકારી માટે જળસિંચનના કાર્યો હાથ ધરવા નિર્ધાર કર્યો છે. રાજ્ય સરકાર સુજલામ સુફલામ જળ અભિયાન શરૂ કરતાં જન અભિયાન સ્વરૂપે સાકાર થયું છે. વધુમાં મંત્રીએ જણાવ્યું કે, પાણીને સાચવશો તો પાણી જીવાડશે. પાણી એ પ્રભુએ આપેલી પ્રસાદી છે. તેનો કરકસરપૂર્વક ઉપયોગ તે સમયની માંગ છે. વરસાદના ટીપે ટીપાનો સંગ્રહ કરીએ અને વહી જતાં પાણીને રોકીને જળસંચય કરીને ગુજરાતના ભૂગર્ભ ભંડારને સમૃધ્ધ બનાવવો એટલો જ જરૂરી છે. જળસંચય દ્વારા સર્વાંગી ફાયદો થશે. આપણે વિકાસમાં પાણીને પ્રાથમિક અગ્રતા આપીને પર્યાપ્ત માત્રામાં પાણીનું સર્જન કરવા માંગીએ છીએ. ગુજરાતને પાણીદાર ગુજરાત બનાવવું છે. ગુજરાતને પાણીની તંગી/દુષ્કાળમાંથી મુક્ત કરવા રાજ્ય સરકારે જનભાગીદારીથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં જળસંચય અભિયાન હાથ ધરેલ છે. વરસાદના એક એક ટીપના પાણીને જમીનમાં ઉતારવા આપણે સૌ સંકલ્પબદ્ધ બનીએ.

આ પ્રસંગે શંખેશ્વર તાલુકાના તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, મુજપુરના સરપંચ સિકંદરભાઈ, તાલુકા ભાજપના મહામંત્રી સુરેશભાઈ ગોહિલ, સિંચાઇ વિભાગના મદદનીશ ઈજનેર મોદી, જેસડાના સરપંચ ભગવાનભાઈ વણકર, શંકરભાઈ કટારીયા, તાલુકા પંચાયતના સદસ્ય જગદીશભાઈ ડાભી, યુવા મોરચાના અધ્યક્ષ અજીતભાઈ રથવી તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કડીના રોહિતવાસમાં રસ્તાના કામની તકરારમાં બે પરિવારો વચ્ચે મારામારી

મહેસાણા

કડીના રોહિતવાસમાં આંબેડકર ચોકમાં રોડના કામ બાબતે બે પરિવારો વચ્ચે તકરાર થઈ હતી. જેમાં બંને પક્ષો દ્વારા લાકડી, ધોકા અને પાઈપો વડે હુમલો કરી માર માર્યાની તેમજ રૂા. ૧૫૦૦ અને રૂા. ૪૫૦૦૦ ખિસ્સામાંથી કાઢી લૂંટ કર્યાની સામસામી ફરિયાદો નોંધવામાં આવી છે.

જાણવા મુજબ કડીના રોહિતવાસમાં રહેતા અશ્વિનભાઈ રમણલાલ પરમારે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં કડી રોહિતવાસમાં રોડનું કામ ચાલતું હતું. જે બાબતે બોલાચાલી થતાં હસમુખભાઈ ઉર્ફે પેઈન્ટર મોહનભાઈ પરીખ, સુભાષ ઉર્ફે બચુભાઈ મોહનભાઈ ગંગાબેન સુભાષભાઈ પરમાર, પરમાર નિલેષ, પરમાર જયાબેન હસુભાઈ તથા પરમાર દર્શનભાઈ વગેરેએ એક સંપ થઈ લાકડીઓ અને ધોકાથી માર માર્યો હતો. જેમાં દર્શન વિનોદ પરમારે અશ્વિનભાઈના ખિસ્સામાંથી રૂા. ૧૫૦૦ કાઢી લીધા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે આજ મામલે સામે પક્ષે હસમુખભાઈ મોહનભાઈ પરમારે પરમાર અશ્વિનભાઈ રમણભાઈ, આનંદ રમણભાઈ, પરમાર જીગર રમણભાઈ, પરમાર હરેશ રમણભાઈ વગેરેએ ધોકા-પાઈપ અને લાકડીઓથી માર મારી હસમુખભાઈના ખિસ્સામાંથી રૂા. ૪૫૦૦૦ ની લુંટ કરી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે સામસામી કડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ ગઢવી વધુ તપાસ ચલાવેલ છે.

## પાટણ પાલિકાના કોંગ્રેસી સભ્યને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરતા નોટીસ ફટકારી

પાટણ

પાટણ નગરપાલિકાના સત્તાધારી કોંગ્રેસ પક્ષના અલકાબેને પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધા બાદ તેઓને પાટણ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરફથી પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરવા બદલ નોટીસ આપવામાં આવી હતી. ત્યારબાદ બીજા સભ્ય મુકેશ બી. પટેલને પણ બુધવારે નોટીસ ફટકારીને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ નોટીસ આપી ખુલાસો કરવા જણાવેલ.

મુકેશભાઈ પટેલે નોટીસના જવાબમાં જણાવ્યું હતું કે, તેઓ તેમના અંગત અને સામાજીક કારણોસર પક્ષની બેઠકમાં હાજરી આપી શકયા નથી. તથા પ્રમુખ અલકાબેને જણાવેલ કે અમે પક્ષને વફાદાર રહીને કામગીરી કરીએ છીએ. અમે કોઈ પક્ષ વિરોધી પ્રવૃત્તી કરેલ નથી. આ હકીકત ધ્યાને લેતા નોટીસ ફાઈલ કરવા પક્ષને જણાવ્યું હતું.

# ડીસામાં પેપ્સીની ફેક્ટરીમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનો દરોડો





ભરત સુંદેશા

### અખાદ્ય પેપ્સી બનાવતા હોવાની ફરિયાદથી તપાસ : શરબત, ફૂડ કલર, પાણીના સેમ્પલ લેવાયા

ડીસા

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં ઉનાળાની સીઝનમાં ઠંડક માટે બાળકો માટે વેચાતી શરબત પેપ્સી કોલામાં અખાદ્ય પદાર્થનો ઉપયોગ થઈ રહ્યો હોવાની ફરિયાદના પગલે પાલનપુર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓએ ડીસા ખાતે આવેલી પેપ્સી બનાવવાની ફેક્ટરીમાં મંગળવારે ઓચિંતી રેડ કરી શરબત, ખાદ્ય કલર તેમજ પાણીના સેમ્પલ લીધા હતા તેમજ મોટા પ્રમાણમાં અખાદ્ય પેપ્સીનો જથ્થો જપ્ત કર્યો હતો.

ઉનાળાની સીઝનમાં ઠંડાપીણાંના પાર્લરો પર ઠેર ઠેર ગૃહ બનાવટની પેપ્સી, શરબત, કોલા, કુલ્ફી, આઈસ્ક્રીમ સહિતના ઠંડા પદાર્થોનું ધૂમ વેચાણ થાય છે. જેમાં બાળકો માટેની પેપ્સીમાં મોટા પ્રમાણમાં અખાદ્ય પદાર્થોની મિલાવટ થતી હોવાની વ્યાપક ફરિયાદો ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ પાલનપુરને મળી હતી. જેના પગલે મંગળવારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે ડીસાના અમનપાર્ક્દ્માં આવેલ રજવાડી પેપ્સી ફેક્ટરીમાં અચિંતી રેડ કરી હતી. જેમાં પેપ્સી બનાવવા માટે તૈયાર કરાયેલા શરબત, ફૂડ કલર, તેમજ પાણીના સેમ્પલ લેવાયા હતા.

જ્યારે તૈયાર કરાયેલા પેપ્સીનો જથ્થો જપ્ત કરાયો હતો. રેડ સમયે ફેક્ટરીમાં સ્વચ્છતાનો પણ અભાવ જોવા મળ્યો હતો. જ્યારે પાણીના ટાંકા, શરબત તૈયાર કરવાના વાસણો વગેરેની પણ ટીમ દ્વારા ચકાસણી કરાઇ હતી અને ફેક્ટરી માલિકને કડક સૂચના અપાઇ હતી. ડીસામાં પેપ્સી ફેક્ટરીમાં રેડને પગલે જિલ્લાભરમાં અખાદ્ય ચીજ વસ્તુઓ વેચતા અને બનાવતા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

## થરાદના ગણતાની સીમમાંથી ૧૨૦૦ બોટલ દારૂ ભરેલી ટાટા સુમો ઝડપાઈ



(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદના ડીવાયએસપી એ.એચ.ચૌધરીની સુચના મુજબ પીઆઈ આર.આર સિંઘાલ તથા કર્મચારીઓ જેયંતીલાલ મફતલાલ તથા મોઘજીભાઈ વાલજીભાઈ તથા દશરથભાઈ થરાદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. આ વખતે તેમને રાજસ્થાન તરફથી GJ12DA 4261 નંબરની ટાટા સુમો ગાડી વિદેશી દારૂ ભરીને આવી હોવાની તેમજ જેતડાના માર્ગેથી પસાર થનાર હોવાની બાતમી મળી હતી. આથી જેતડા શાળા બાજુ વૉચ ગોઠવતાં સામેથી ઉપરોક્ત નંબર વાળી ગાડી આવતા પોલીસને જોઈને તેના ચાલકે પેપરાલથી ગણતા રોડ તરફ ભગાવી દીધી હતી. જોકે આગળ મેટલ નાખેલા હોઈ તેનો ચાલક ભાગી છુટયો હતો. પોલીસે ગાડીની તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૧૨૦૦ બોટલ મળી આવી હતી. પોલીસે રૂપિયા ૧,૨૦,૦૦૦ ના દારૂ તથા ગાડી મળીને ૨૨૦૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# 'અમારા વિરોધીને લગ્નમાં કેમ બોલાવ્યો ?' કહી કન્યાના મા-બાપ પર હુમલો

**લગ્ન પ્રસંગમાં ઉત્તેજના : નવોઢા કન્યા પોલીસ મથકે પહોંચી : ડીસા તાલુકાના પાલડી ગામની ઘટના : હુમલાખોરો ઉપર ફિટકાર**

પ્રતિ. પાલડી

ડીસા તાલુકાના પાલડી ગામે લગ્ન મંડપમાં હથિયારોથી સજ્જ થઈને આવેલા ચાર શખ્સોએ 'અમારા વિરોધીને લગ્નમાં કેમ બોલાવ્યો ? ' તેમ કહી કન્યાના માતા-પિતા ઉપર હિંચકારો હુમલો કર્યો હતો. તેથી નાસભાગ સાથે તંગદીલી છવાઈ હતી. બનાવના પગલે નવોઢા કન્યા ભીલડી પોલીસ મથકે દોડી ગઈ હતી. આખરે પોલીસ અને પત્રકારોની ભારે સમજાવટ બાદ મોડી સાંજે જાન વિદાય થઈ હતી. પરંતુ લગ્ન પ્રસંગે હુમલો કરનારા ઉપર લોકોએ ચોમેરથી ફિટકાર વરસાવ્યો હતો.

પાલડી ગામે ઠાકોર મદારજી ગજુજીની દીકરી પીન્કાબેનના લગ્ન નિમિત્તે વડાથી ઠાકોર જેતાજી



કંચનજી ઠાકોર

વાઘાજીના પુત્ર કનુજીની જાન આવેલ. તેવામાં પાલડી ગામના ઠાકોર બળવંતજી ચેલાજી, કાંતીજી બળવંતજી, **અનુસંધાન પાના નં.૬**

**રેલ્વે ટ્રેકના સમારકામના પગલે...**

# પાલનપુરથી પસાર થતી કેટલીક ટ્રેનો રદ : કેટલીક ટ્રેનોના રૂટ ટૂંકાવાયા

પાલનપુર

અમદાવાદથી પાલનપુર તેમજ ભુજ-ઊંઝા સેક્શનમાં ચાલી રહેલી રેલવે ટ્રેકની કામગીરીના પગલે આવતીકાલ ૧૬ મી મેથી ૧૯ મી મે દરમિયાન કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર કરાયો છે જ્યારે કેટલીક ટ્રેનો રદ કરવાનો પણ નિર્ણય લેવાયો હોવાનું મળ્યું છે. રેલવે વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ આવતીકાલ ૧૬મી મે ના રોજ અમદાવાદ - મહેસાણા, મહેસાણા - આબુરોડ, અમદાવાદ - ઓલ ઈન્ટરસીટી, ઓલ - અમદાવાદ ઈન્ટરસિટી એમ કુલ ૪ ટ્રેનોના રૂટ રદ કરાયા છે તેમજ જોધપુર-અમદાવાદ ટ્રેન આબુરોડ સુધી અને અમદાવાદ-જયપુર ટ્રેન આબુરોડ સુધી જ દોડાવાશે. જ્યારે અમદાવાદ-આગ્રા ટ્રેન એક કલાક લેટ, અમદાવાદ - ન્યુ દિલ્હી ટ્રેન ૩૦ મીનીટ અને જયપુર- બાન્દ્રા ટ્રેન ૧ કલાક લેટ દોડશે. એ જ રીતે ૧૭મી મે ના રોજ અમદાવાદ-મહેસાણા, મહેસાણા-આબુરોડ,આબુરોડ - મહેસાણા, મહેસાણા **અનુસંધાન પાના નં.૬**

## કુંડીમાં ગ્રાભસભા ખાનગીમાં ભરાઈ : ગ્રામજનોમાં રોષ

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના કુંડી ગામે તાજેતરમાં તે ખાનગીમાં ભરવામાં આવેલ. તેથી ગ્રામજનોમાં ઉગ્ર રોષ સાથે નારાજગી જોવા મળે છે. નવી ચૂંટાયેલ ગ્રામ પંચાયતની પ્રથમ ભરાયેલ ગ્રામ સભાથી મોટાભાગના ગ્રામજનોને અજાણ રાખવામાં આવ્યા હતા. નવાઈની વાત તો એ છે કે, મોટાભાગના ગ્રામ પંચાયતના સભ્યોને પણ જાણ કરવામાં આવી ન હતી. સરપંચને પૂછ્યું તો કહે મને પણ છેલ્લી ઘડીએ જાણ કરી હતી. તો આના ઉપરથી ખ્યાલ આવી શકે કે, કુંડી ગ્રામ પંચાયતનો વહીવટ કેવો ચાલતો હશે ? હાલના

**અનુસંધાન પાના નં.૬**

# બનાસકાંઠામાં જળસંચયના ૪૨૫ કામોમાં ૪૨૭૩ શ્રમિકોને રોજગારી

પાલનપુર

વરસાદના પાણીને રોકવા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન અનુસાર રાજય સરકારશ્રી દ્વારા સુજલામ સુફલામ જળ સંચય અભિયાન વિશાળ પાયે હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન દ્વારા ગુજરાતના ભૂગર્ભ જળભંડાર સમૃધ્ધ બનાવવા વિરાટ પ્રયાસો ચાલી રહ્યા છે. જે અન્વયે તા.૧ થી ૩૧ મે-૨૦૧૮ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કુલ-૫૩૮૯ કામો કરવાનું જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંગીન આયોજન કરવામાં આવ્યું છે. સુજલામ સુફલામ જળ સંચય અભિયાનના નોડલ ઓફીસર



અને કાર્યપાલક ઈજનેર સિપુ યોજનાની કચેરી ડીસા તરફથી મળેલી માહિતી અનુસાર તા. ૧૪ મે સુધીમાં જિલ્લામાં ૨૮૯ ગામોમાં કુલ-૪૨૫ કામો ચાલી રહ્યા છે. જેમાં ૧૦૫ જેટલી સંસ્થાઓ કામગીરી કરે છે. આ કામો ઉપર ૪,૨૭૩ જેટલા શ્રમીકો અને ૪૩૭ જેટલા જેસીબી, હિટાચી અને ડમ્પલરોથી કામ કરવામાં આવે છે. આ અભિયાન દ્વારા તળાવો ઉંડા કરવા, તળાવ ડિસીલ્ટીંગ અને તળાવ સુધારણાના કામો, ચેકડેમ

**અનુસંધાન પાના નં.૬**

# ડીસા અને ઝેરડામાં રાયડાની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ



નરસિંહ દેસાઈ

### મણ દીઠ ૮૦૦ રૂપિયાનો ભાવ ભળતાં ખેડૂતોમાં ઉત્સાહ

પ્રતિ. વડાવળ

રોકડીયા પાક તરીકે ગણાતા રાયડાના ભાવોમાં રાજ્ય સરકારે ટેકાનો ભાવ જાહેર કરતા વિવિધ સ્થળો પર રાયડાનાં ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે જેમાં ડીસા તાલુકા ખરીદ-વેચાણ સંઘ દ્વારા પણ ડીસા માર્કેટયાર્ડ ખાતે રાયડાનું ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે આ ઉપરાંત ડીસા તાલુકાની ઝેરડા સેવા સહકારી મંડળી દ્વારા પણ ટેકાના ભાવે રાયડો ખરીદી કેન્દ્ર શરૂ કરાયું છે જેથી તાલુકાના ખેડુતોને બે સેન્ટરો પર ટેકાના ભાવે રાયડા ખરીદ કેન્દ્રો શરૂ થયા છે ૨૦ કિલોના રૂપિયા ૮૦૦ ના

**અનુસંધાન પાના નં.૬**

**ડીસા કેન્દ્રમાં રોજની ૪૦૦ બોરીની આવક**

ડીસામાં ટેકાના ભાવે રાયડાની ખરીદી શરૂ થતાં ડીસા સેન્ટરમાં રોજની અંદાજીત ૪૦૦૦ બોરીની આવક થઈ રહી છે. ટેકાના ભાવે રાયડા ખરીદી શરૂ થતાં એક ખેડુત પાસેથી અંદાજીત ૧૫૦ ભાગ જેટલો રાયડો એક ખેડુત ખાતેદાર પાસેથી ખરીદી કરવામાં આવે છે જે ૨૦ કિલોના ૮૦૦ રૂપિયાના ભાવે રાયડો ખરીદી કરવામાં આવી રહ્યો છે.

# પાલનપુરમાં શનિ જયંતિની આસ્થાભેર ઉજવણી



સંજય જોષી

પાલનપુર

પાલનપુર ખાતે વૈશાખ વદ અમાસે સૂર્યપુત્ર શનિદેવની જન્મ જયંતિની ભારે શ્રધ્ધાપુર્વક ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુર શહેરના શનિ મંદિરો સહિત હનુમાનજીના મંદિરોમાં આજે ભક્તિન ઘોડાપુર ઉમટયું હતું. શ્રધ્ધાળુઓએ શનિ મહારાજને રીઝવવા માટે હોમ - હવન - પ્રાર્થના સહિત વિશેષ આરાધના કરી હતી.

સૂર્યપુત્ર અને યમરાજના ભાઈ શનિ મહારાજની જન્મ જયંતિની આજે પાલનપુરમાં ભારે આસ્થાપુર્વક ઉજવણી કરવામાં આવી હતી પાલનપુરના ખોડા લીમડા વિસ્તારમાં આવેલા શનિદેવના મંદિર ખાતે આજે વહેલી સવારથી જ ભક્તોનો ભારે ઘસારો રહ્યો હતો. શનિદેવ ઉપરાંત હનુમાન મંદિર ખાતે પણ ભક્તિનું ઘોડાપુર ઉમટયું હતું. શનિ મહારાજ સહિત હનુમાનજીના મંદિરોમાં આજે હોમ - હવન અને ભજન સત્સંગના કાર્યક્રમો યોજાયા હતા. શનિ મહારાજની કૃપાદ્રષ્ટિ મેળવવા ભકતોએ શનિદેવના દર્શન કરી તલના તેલથી અભિષેક કરી તેઓના કાળા તલ, ગોળ, કાળું કપડું, અડદ ઈત્યાદિ વસ્તુઓ અર્પણ કરી હતી. આમ પાપ ગ્રહો અને શનિની સાડાસાતની પનોતીમાંથી મુક્ત થવા માટે ન્યાયપ્રિય શનિદેવના મંદિરે ભક્તોની ભારે ભીડ જામી હતી.

હવે રિધમ વુમન્સ હોસ્પિટલ વિસનગરમાં

ઉત્તર ગુજરાતનું અધતન(યુ.કે.-જર્મન)

IVF

(ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર)

3000 થી વધુ IVF નો અનુભવ ધરાવતા અમદાવાદના નામાંકીત ડૉકટર તથા તેમની ટીમ દ્વારા



એઝોર્સ્પમીયા(શૂન્ય શુકાણુ) ધરાવતા પુરૂષ પોતાના બીજથી પિતા થઈ શકે છે.

પોતાનાં જ અંડકોષ અને શુકાણું દ્વારા ગર્ભધારણ કરવા ઉપર વધુ મહત્વ

હવે કોઈ નિ:સંતાન કેમ રહે ?

- મેનોપોઝ(માસીક બંધ થયા બાદ)પણ ગર્ભધારણ થઈ શકે.
- બંન્ને નળી બંધ હોય તો પણ સંતાન થઈ શકે છે.
- સ્ત્રીબીજની સમસ્યા હલ થઈ શકે છે.
- મોટી ઉંમરમાં પણ સંતાન પ્રાપ્તી થઈ શકે છે.

હવે અમદાવાદ ના વારંવાર ધક્કા અને ખર્ચમાંથી મુક્તિ

રિધમ IVF સેન્ટરની વિશેષતાઓ

- ટ્રીટમેન્ટ અને કિંમત અંગેની પારદર્શકતા
- ૦.૩ માઈક્રોન ક્લિન એર લેબ
- ગુજરાતનું લેટેસ્ટ Nikon Ti2u Inverted Microsope,Japan મોડેલ ધરાવતું ICSI મશીન.
- ગાયનેક લેપ્રોસ્કોપી માટે એડવાન્સ ટેકનોલોજી.
- વૈજ્ઞાનિક ધોરણે મહત્તમ સફળતા આંક ૧૦૦%

ડૉ. વિરલ એન. પટેલ
(લેપ્રોસ્કોપી-એન્ડોસ્કોપી સર્જન સ્ત્રી રોગ અને પ્રસૂતિના નિષ્ણાંત)

ડૉ. કૌશિક બી. પટેલ
સ્ત્રી રોગ અને પ્રસૂતિના નિષ્ણાંત

ડૉ. કૃપા એ. શાહ
(IVF) ટેસ્ટ ટ્યુબ બેબી નિષ્ણાંત

રિધમ વુમન્સ હોસ્પિટલ & IVF સેન્ટર

હેલ્પલાઈન નં. +૯૧ ૮૧૫૩૦૪૪૧૧૧,(૦૨૭૬૫) ૨૨૨૦૨૧

૮૩-૮૪, અંકુર સોસાયટી, એમ.એન.કોલેજ રોડ, વિસનગર

ઈ-મેલ : rhythmivfcentre@gmail.com

સૌજન્ય :પ્રગતિ સ્ટીલ કોર્પોરેશન





ગ્રામ સ્વરાજ અભિયાન

અંતર્ગત

સ્વચ્છ ભારત પર્વની ઉજવણી નિમિત્તે

૩૨૫૦ ગ્રામપંચાયતોમાં યોજાઈ સ્વચ્છતા રેલી-પ્રભાતફેરી

૧૬૩૦ ગ્રામપંચાયતોની મુલાકાત સાથે શૌચાલયના ઉપયોગ અંગે માર્ગદર્શન

૧૧૧૪ ગામોમાં રાત્રીસભા યોજી સ્વચ્છતા-આરોગ્ય અંગે ગ્રામજનોને માર્ગદર્શન

૧૦૯૭ ગામોમાં જિલ્લાતંત્ર દ્વારા સ્વચ્છતાસભાની સમીક્ષા

ઘેર ઘેર લોકસંપર્ક કરી શૌચાલયના ઉપયોગ, ગામની સ્વચ્છતા, શુદ્ધ જળસંગ્રહ, જળાશયોની સફાઈ, ઘનકચરાના નિકાલ અંગે જનજાગૃતિ કેળવાઈ

સમગ્ર ગુજરાતને ખુલ્લામાં શૌચક્રિયામુક્ત રાજ્ય બનવાની પ્રેરણા આપવા બદલ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો ખૂબ ખૂબ આભાર





શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત